# શ્રધ્ધા કુટીર

# જીવન પરિવર્તનનું

# ‘‘દ્વાર’’

Scanned by CamScanner

# પરમ શક્તિ મંત્ર

# ૐ મા ૐ

ૐ મા ૐ નો શબ્દાર્થ અને ભાવાર્થ

**શબ્દાર્થ :-**

ૐ :- બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું એકજ સ્વરૂપ એટલે ૐ
સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં કર્તા પરમાત્મા.

મા :-પરમાત્માની પરમ ચૈતન્યમયી શક્તિ, જેના દ્વારા સૃષ્ટિનું પોષણ થાય છે.

**ભાવાર્થ :-**

હે પરમાત્મા,

આપના પરમ ચૈતન્યથી મને પુષ્ટ કરો જેથી આપની ચૈતન્યમયી શક્તિનો સ્ત્રોત અવિરતપણે સમષ્ટિના શ્રેયાર્થે વહેતો રહે.

## પ્રાર્થના

હે મા ભગવતી, મને બાળક જેવો નિર્મળ અને નિર્દોષ બનાવજે.

મારા હૃદયમાં હંમેશા તારો વાસ કરજે.

મારી બુધ્ધિમાં તારું જ જ્ઞાન સ્થિર કરજે.

મન, વચન, કર્મથી મને પવિત્ર રાખજે.

મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું તુ જ નિયંત્રણ કરજે.

ૐ મા ૐ

Scanned by CamScanner

## પરમ શક્તિ મંત્ર

# ૐ મા ૐ



ના

# 'શ્રધ્ધા કુટીર-જીવનપરિવર્તનનું દ્વાર'

ધ્ધાકુટીર.

-: પ્રકાશન :-

**શરણાગતિ પ્રકા**

૨, શુભલક્ષ્મી કોમ્પ્લેક્ષ, સંઘવી હાઈસ્કુલ પાસે.

પ્રથમ

મુદ્રક :- ગાયત્રી ગ્રાફીક્સ

'શ્રધ્ધા કુટીર-જીવનપરિવર્તનનું દ્વાર'

Scanned by CamScanner

# પ્રસ્તાવના

શરણાગતિ પ્રકાશનનું મંગલાચરણ, અમે

'શ્રધ્ધા કુટીર-જીવનપરિવર્તનનું દ્વાર' પુસ્તિકાના પ્રકાશનથી કરીએ છીએ.

શ્રધ્ધા કુટીરનો સમગ્ર માહોલ અને આજુબાજુનું સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક આંદોલનોથી ઝંકૃત થયેલું છે. દિવ્ય સુવાસ અને શાંતિનો અનુભવ દરેક શ્રધ્ધાળુને શ્રધ્ધાકુટીરમાં થાય છે જ. ઝુલે ઝુલતા ગુરૂદેવ પરમ પુંજ્ય શ્રી રાજયોગી નરેન્દ્રજીની પ્રતિભા અતિ સાત્વિક, સૌમ્ય અને શાતા અર્પે છે.

સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત વ્યક્તિ માટે શ્રધ્ધાકુટીર,
ાંતિ અને મુક્તિનું દ્વાર બની રહે છે. શ્રધ્ધાકુટીરમાં પુજ્ય ગુરૂદેવ શ્રી
યોગી નરેન્દ્રજીના સાનિધ્યમાં સંધ્યા સમયે ભક્તો જીવનની અનેક
ાઓ તથા આધ્યાત્મિક માર્ગની મૂંઝવણોની ચર્ચા કરતા હોય
ચર્ચાઓને આયોજનપૂર્વક વ્યવસ્થિત સ્વરૂપ આપવા પૂજ્ય
પ્રેરણાથી દર રવિવારે " જ્ઞાનગોષ્ઠિ " કાર્યક્રમનું
૧૦મી જુલાઈ ૧૯૯૫થી કરવામાં આવ્યું.

ડિયા અગાઉ સામૂહિક રીતે નક્કી કરેલ વિષય પર
ધાજ ભાઈઓ, બ્હેનો, બાળકો મુક્તપણે પોતાના
જ્ય બ્હેનજી અને ગુરૂદેવ પણ પોતાનો દષ્ટિકોણ
છે.

ત પછી બીજા રવિવારે તેજ વિષય પર
પોતાની મૂંઝવણ સુલઝાવવા અને
ા પૂજ્યશ્રીને પ્રશ્નો પુછે છે.

જ મત, શાસ્ત્ર, ભાષા, વિચારો
ટૂંકા પરંતુ મર્મથી ભરપૂર સરળ
દર્શાવે છે. પ્રત્યેક વિષય પર

પૂજ્યશ્રી કોઈ પણ ભક્ત દ્વારા પુછાયેલા પ્રશ્નોના જવાબ આપી તેની જ્ઞાનપિપાસાને તૃપ્ત કરે છે. પૂજ્યશ્રીની સ્પષ્ટ વિચારધારા અને અમૂલ્ય માર્ગદર્શન દ્વારા ભક્તોને સાત્વિકજીવન જીવવાની દિશા, હિંમત, પ્રેરણા અને માર્ગદર્શન મળે છે. તેમજ પોતાના જીવન પરિવર્તનમાં, સ્વભાવ પરિવર્તનમાં પૂજ્યશ્રીના આદેશો અને મંતવ્યોનો સથવારો મળતાં જેનાથી જીવનમાં સંતોષના સુખની સુગંધ પ્રસતે છે.

શ્રધ્ધાકુટીરના ભક્તો દ્વારા અનુભવાતા જીવનના સુખ:દ અનુભવોથી પ્રેરાઈને પૂજ્યશ્રીની જ્ઞાનગંગાનું અમૃત આપના સુધી પહોંચાડવાનો આ અમારો નમ્ર પ્રયાસ છે.

આપણે સહુ ભક્તો જ્ઞાનગોષ્ઠિના પ્રેરણાસ્ત્રોત પૂજ્ય બ્હેનજીનો ઋણ સ્વીકાર કરીને પરમપૂજ્ય રાજયોગીજીના ચરણ કમળમાંથી એમની જ્ઞાનરજને મસ્તકે ચઢાવીએ, " શ્રધ્ધાકુટીર-જીવન પરિવર્તનના દ્વાર" થી સમગ્ર માનવ જાતને આવકારીએ એજ ગુરૂવંદના.

**ભક્તો, શ્રધ્ધાકુટીર.**



Scanned by CamScanner

# -: અનુક્રમણિકા :-


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧. | ગરૂમાહાત્મ્ય | ૧ |
| ૨. | શિષ્યનું કર્તવ્ય | ૮ |
| ૩. | માનવતા વ્રત | ૧૭ |
| ૪. | શ્રધ્ધા | ૨૦ |
| ૫. | ઉપાસના | ૨૭ |
| ૬. | સંપત્તિ | ૩૫ |
| ૭. | દાન | ૪૩ |
| ૮. | અહિંસા | ૫૦ |
| ૯. | તપ | ૫૭ |
| ૧૦. | દયા | ૬૬ |
| ૧૧. | ક્રોધ | ૭૭ |
| ૧૨. | ત્યાગ | ૮૪ |




Scanned by CamScanner

# " ગુરૂ માહાત્મ્ય "

**( તા ૧૦ જૂલાઈના રોજ શ્રધ્ધા કુટીરની જ્ઞાનગોષ્ઠિની સંકલિત કરેલી વિચારધારા)**

સમય બહુ વિક્ટ છે, સમાજ સંકુચિત છે અને જડ રૂઢિઓ કે પરંપરાથી મુક્ત થતો જ નથી કે થવા માંગતો નથી. વ્યક્તિ સ્વાર્થ જ જૂએ છે, બીજાઓ પ્રત્યેની ઇર્ષ્યા, દ્વેષ, વેર, પૂર્વગ્રહો, અભિગ્રહો અને અન્યને પાડવાની મનોવૃતિ વેગ પકડતી જાય છે, ત્યારે કોઈનું પણ માર્ગદર્શન માંગવા કરતાં, એક વિરલ સિધ્ધ પુરુષનું માર્ગદર્શન લેવું ઉચિત છે.

જેમના સંગથી આપણામાં દૈવી સંપત્તિ આવે, આસ્તિક ભાવ વધે, સાધના વધે, આપણું અંત:કરણ સુધરે તે આપણા માટે સિધ્ધ પુરુષ અથવા સદ્‌ગુરૂ કહેવાય. પરમાત્માએ જે દિલને બનાવ્યું છે, અને આપણે જેને સજાવ્યું છે કે શણગાર્યું છે એવું આપણું દિલ જો કોઇ સિધ્ધ પુરુષ આગળ પ્રેમભક્તિથી ભરાઈ જાય તો જીવનમાં એક ઘણી મોટી વાત કહી શકાય.

જીવનમાં આવા સિધ્ધ પુરુષ કે સદ્‌ગુરૂની પ્રાપ્તિ થવી ખુબ મુશ્કેલ છે. સદગુરૂ કોણ બની શકે ? જે તિમિર માંથી ઉગારી, તેજ તરફ ગતિ કરાવી શકે તે. સદ્‌ગુરૂમાં પરમાત્માનું અનંત સામર્થ્ય છે સંસારરૂપી રાત્રિના નાશ માટે કે ઉપાધિમાંથી નિર્મુક્ત, નિર્વિકાર બ્રહ્મ થવા માટે, એક સદ્‌ગુરૂ જ સાચો વૈદ્ય છે. જીવનમાં સદ્‌ગુરૂની આવશ્યકતા તો ખરી જ, પણ તે પહેલાં અંતરમાંથી પ્રેરણાનો પ્રકાશ પ્રાપ્ત થાય તેવી સાધનાને સિધ્ધ કરવાની, વ્યક્તિની કે ઉપાસકની પ્રથમ ફરજ છે. બ્રહ્મજ્ઞાની મહાપુરુષોનો આશ્રય પ્રાપ્ત કરનાર માનવ પરમ્ સદભાગી છે.

સદગુરૂના ખોળામાં પૂર્ણ શ્રધ્ધાથી, પોતાનું અહંકારી મસ્તક



Scanned by CamScanner

મૂકીને, નિશ્ચિંત થઇને વિશ્રામ પામનાર શિષ્યના લૌકિક અને આધ્યાત્મિક, બંને માર્ગ તેજોમય થઇ જાય છે. સદગુરૂના જ્ઞાનગંગોત્રીરૂપ મુખારવિંદમાંથી સરી પડેલા શબ્દો તો, ઇન્દ્રીય-અગોચર આત્માને શિષ્ય કે મુમુક્ષુના હૃદયસુધી પહોંચાડનારા "વાહન" માત્ર છે. તેમના અવ્યક્ત મૌનમાંથી કે તેમની આંખના અણસારમાંથી કે ચિન્મુદ્રા જેવા ઇશારાથી હરક્ષણે, હરપળે જે કાંઈ પ્રગટ થાય છે કે અભિવ્યક્ત થાય છે. તે "ગુરૂવાક્ય" છે.

ગુરૂદેવ વ્યક્તિની પોતીકી આંતરિક ક્ષમતા જોઈને, જાણીને, વિચારીને તેને જીવનસંસાર અને આધ્યાત્મિકતાના કાર્યક્ષેત્રમાં જોતરતા રહે છે, અને તેથી જ ભગવાન પણ જ્યારે મનુષ્ય અવતાર લે છે ત્યારે એમને પણ સદ્ગુરૂના શરણે જવું પડે છે.

સદ્ગુરૂના જીવનમાં માત્ર "સંકલ્પ" જ હોય છે, ક્યારેય વિકલ્પ હોતો નથી.

**ગુરૂકૃપા :-**

ગુરૂકૃપા જ શિષ્યનું શ્રેષ્ઠ બળ છે, અભેદ્ય કવચ છે. તે વિના સર્વબળ કે સામર્થ્ય નિરર્થક છે. ગુરૂકૃપા એ ચીજ છે જેમાં લેવાદેવાનો સોદો નજરથી, સંકલ્પથી, સ્પર્શથી કે માત્ર ધ્યાનથી પણ થઈ શકે છે. ગુરૂના સ્મરણને કવચ કહેવાયું છે. ગુરૂકૃપા જ સંસારના ભયનું હરણ કરનાર શસ્ત્ર છે. ગુરૂની આજ્ઞાનું અજાણતા પણ ઉલ્લંઘન થાય તો શિષ્ય, સાધક કે મુમુક્ષુ જીવ, જગતને કે ઈશ્વરને એક સૂત્રે બાંધવાની પધ્ધતિ ખોઈ બેસે છે, માટે જ ગુરૂની આજ્ઞાનું પ્રતિક્રિયા રહિત પાલન, એજ અહંકારને મારીને જીવનરથનું સુકાન સદ્ગુરૂના હાથમાં સોંપવાની અદ્વિતીય જીવનપધ્ધતિ છે.

સદ્ગુરૂ દ્વારા પ્રાપ્ત થયેલ મંત્રમાં અસ્થિર મનને શાંત કરવાની એક વિશિષ્ઠ શક્તિ રહેલી છે. આપણા રજસ્ અને તમસ્ વિકારોને સત્ત્વમાં રૂપાંતર કરવાની તાકાત છે. ગુરૂમંત્ર ચમત્કારિક ફળઆપે છે.



Scanned by CamScanner

**ગુરૂભક્તિ :-**

ગુરૂભક્તિ એટલે ધ્યેયભક્તિ. જ્યાં સુધી માનવમાં જ્ઞાનપિપાસા છે, સત્યપ્રાપ્તિની તડપ છે, આદર્શો માટે આદરભાવ છે ત્યાં સુધી વિશ્વમાં ગુરૂભક્તિ જીવિત રહેશે. ગુરૂભક્તિમાં બોલ્યા વિના જ, શંકાઓનું સમાધાન થઈ જાય છે. મૌનમાં જ ગુરૂ શીખવે છે અને શિષ્ય શીખે છે.

શિષ્ય ગુરૂની યોગ્યતાને પ્યાર કરે છે, પણ ગુરૂ તો શિષ્યના આત્માને પ્યાર કરે છે. ભગવાન રૂઠે તો કદાચ ગુરૂ સંભાળી લે, પરંતુ જો ગુરૂ રૂઠી જાય તો ભગવાન પણ બચાવી શક્તા નથી.

**ગુરૂપજન:-**

આપણા ઋષિ પરંપરાના ભારતદેશમાં તહેવારો ઘણાં છે. તહેવારો મનોરંજક છે, ઉત્સવો ઉત્સાહવર્ધક છે, પર્વો પુણ્યપ્રદ છે પરંતુ ગુરૂપૂજન એટલે ગુરૂપૂર્ણિમા એટલે તો ભવસાગરને તારનાર તારક તહેવાર.

ગમે તેટલા કર્મો કરો, ગમે તેટલી ઉપાસના કરો, ગમે તેટલાં વ્રત કરો, અનુષ્ઠાન કરો, ગમે તેટલું ધન ભેગું કરો, ગમે તેટલું દુનિયાનું રાજ ભોગવો, પરંતુ જ્યાં સુધી સદ્ગુરૂના દિલનું રાજ્ય, તમારા દિલ સુધી પહોંચતું નથી, સદ્ગુરૂના દિલનો ખજાનો તમારા દિલમાં જ્યાં સુધી ઉલેચાતો નથી, જ્યાં સુધી તમારૂં દિલ, સદ્ગુરૂના દિલને ઝીલવા યોગ્ય નથી બનતું, ત્યાં સુધી બધાં કર્મો, ઉપાસના, પૂજા અધૂરાં રહે છે. દેવીદેવતાઓની પૂજા પછી પણ કાંઈક બાકી રહે છે જ્યારે સદ્ગુરૂની પૂજા પછી કશુંય બાકી રહેતું નથી.

સદ્ગુરૂનું પૂજન એટલે એમના જ્ઞાનનું પૂજન, આદર્શોનું પૂજન, બ્રહ્મજ્ઞાનનું પૂજન, સત્યનું પૂજન, અનુભવોનું પૂજન, વિચારોનું પૂજન ત્થા એમના દેહમાં રહેલા વિદેહી આત્મા એટલે બ્રહ્મ પરમાત્માનું પૂજન.



Scanned by CamScanner

ગુરૂપૂર્ણિમાના દિવસે, ગુરૂ પોતાના તપનો એક અંશ દરેક શિષ્યને દાનમાં આપતાં જાય છે. પોતે ખાલી થઈ જાય છે. પોતાનું નિજ સ્વરૂપ શિષ્યને આપતાં જાય છે, અને શાસ્ત્ર કહે છે કે, ગુરૂના તપનો એક અંશ, આપણી વર્ષોની સાધના, જપ-તપ કરતાં પણ અધિક છે. ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂના પાદ-પ્રક્ષાલન કરી શિષ્ય ધન્યતા અનુભવે છે. પ્રશ્ન થાય કે, ગુરૂના ચરણની જ પૂજા કેમ? હાથ કે મસ્તક કેમ નહીં? જ્યારે ગુરૂના ચરણમાં બેસો એટલે શરણાગતિ નો સ્વીકાર, અહંકારનો નાશ. ચરણો પકડયાં એટલે શરણે આવ્યો અને ચરણ હંમેશાં આચરણનો સંદેશ આપે.

પૂજન ધ્વારા આપણે ગુરૂમાં દેવભાવનું આરોપણ કરીએ, આપણા કાજે અવતાર ધરેલા પ્રગટપ્રભુને વંદન કરીએ, ગુરૂની સમષ્ટિમાં આત્મતત્વનું દર્શન કરીએ અને એમના ચૈતન્ય સ્વરૂપને નિહાળીને જીવન ધન્ય બનાવીએ એજ અભ્યર્થના.

ૐ મા ૐ



Scanned by CamScanner

## - 'ગુરૂમાહાત્મ્ય' - પ્રશ્નોત્તરી -

**( તા. ૧૦-૭-૯૫ ના રોજ યોજાયેલ જ્ઞાનગોષ્ઠિ આધારિત તા. ૩-૩-૯૬ ના રોજ આયોજિત પ્રશ્નોત્તરી ના સંકલિત અંશો )**

**પ્રશ્ન ૧ : સંત અને ગુરૂ, એ બે માં શો ફેર ?**

જવાબ : આધ્યાત્મિક દૃષ્ટિએ બંને સક્ષમ ગણાય. બંનેમાં પાત્રતા હોય પણ સંત પાસે માંગી નહીં શકો, જ્યારે ગુરૂ પાસે અધિકારથી માંગી શકો, વળી ગુરૂ શિષ્યના જીવનને અનુકૂળ બનાવે. શિષ્યની પાત્રતા પ્રમાણે તેને કેળવે. શિષ્યની તકલીફોમાં અનુકૂળ રસ્તો બતાવે.

**પ્રશ્ન ૨ : કહેવાય છે કે ભગવાન રૂઠે તો ગુરૂ બચાવે પણ ગુરૂ રૂઠે તો ભગવાન પણ ન બચાવે... આમ કેમ ?**

જવાબ : ગુરૂમાં ખુબ સહિષ્નુતા છે. ગુરૂ રૂઠે જ નહિં. ગુરૂનું ધ્યેય તેમના શિષ્યોની પાત્રતા કેળવવામાં જ હોય છે એટલે ગુરૂ રૂઠતા જ નથી. છતાંય શિષ્યોએ એવા કર્તવ્ય કરવાં જોઈએ કે જેથી ગુરૂને દુ:ખ ન થાય.

**પ્રશ્ન ૩ : સાચા ગુરૂના લક્ષણ કહેશો ?**

જવાબ : આ પ્રશ્નનો જવાબ મેં ગુરૂપૂર્ણિમાના દિવસે આપેલો જ છે છતાંય ફરીથી માત્ર એકલીટીમાં કહું તો જેના વાણી-વર્તન અને વ્યવહારમાં એકરૂપતા હોય તે સાચો ગુરૂ...

**પ્રશ્ન ૪ : આપણે સૌ પરમાત્માના અંશ છીએ તો પછી જીવનમાં ગુરૂની જરૂર ખરી ?**

જવાબ : આપણે સૌ પરમાત્માના અંશ ખરા પરંતુ અંશ પૂર્ણ તો નથી જ. આધ્યાત્મિકતાના માર્ગ પર અવારનવાર માર્ગદર્શનની જરૂર પડે. સાચો સંત કે ગુરૂ, જેમણે અનુભવોથી આ કેડી સરળ બનાવવાનો સંકલ્પ કર્યો હોય તેમનું માર્ગદર્શન,



Scanned by CamScanner

સહકાર ખુબ જરૂરી હોય છે. માટે ગુરૂ હોવાથી આપનું કામ સરળ બને, છતાંય આપ એકલા પ્રયત્ન કરો તો બાધ નથી.

**પ્રશ્ન ૫ : શાસ્ત્ર આધારિત મંત્ર અને ગુરૂ દ્વારા પ્રદાન થયેલ મંત્ર - એ બે માં શો ફેર ?**

જવાબ : જ્યારે ગુરૂ મંત્રદીક્ષા આપે, ત્યારે ગુરૂની જવાબદારી વધે છે. ગુરૂ દેખરેખ રાખે, એમની રાહબરી હેઠળ, આધ્યાત્મિકતાના કાર્યો થાય એટલે એ મંત્રમાં ગુરૂની પરોક્ષ શક્તિ સામેલ હોય છે, પરંતુ આપને પરમતત્વ તરફથી આદેશ મળ્યો હોય તો ગુરૂમંત્રની જરૂર ન પડે.

**પ્રશ્ન ૬ : ગુરૂદેવના ચરણના જમણા પગના અંગૂઠાનું જ શા માટે પૂજન કરવામાં આવે છે ?**

જવાબ : સદ્‌ગુરૂના ચરણના જમણા પગના અંગૂઠામાંથી પતિતપાવની પ્રેમગંગાનો સ્ત્રોત અવરિત વહેતો રહે છે. જેથી તે પ્રેમગંગામાં 'સ્વ' ને ઓગળીને પાવન થવા માટે જમણા પગના અંગૂઠાનું પૂજન કરવામાં આવે છે, અને ચરણામૃત લેવાય છે.

**પ્રશ્ન ૭ : શિષ્યો સારાં કાર્યો કરે તો આપ ખુશ થાવ, પણ કંઈક ખોટાં કામ કરે તો આપને ગુસ્સો આવે છે ?**

જવાબ : ગુરૂ જ્યારે શિષ્યને ખોટાં કામ કરતો જુએ ત્યારે મૌનથી સુધારવાનો પ્રયત્ન કરે.

**પ્રશ્ન ૮ : કેટલાક સંતો અથવા ધર્મગુરૂઓ સમાજમાં કલંકિત થવાય તેવું વર્તન કરે ત્યારે આપ કેવી લાગણી અનુભવો છો ?**

જવાબ : મને એ વ્યક્તિ પર દયાની લાગણી થાય. ઉચાં આસન પર બિરાજેલ વ્યક્તિ આવું કાર્ય કરે તેનું દુ:ખ થાય, હું તો



Scanned by CamScanner

માતાજીને પ્રાર્થના કરૂં કે, એમને સદ્બુદ્ધિ આપે જેથી આવું કામ ન કરે.

**પ્રશ્ન ૯ : જેને કોઈ શિષ્ય નથી એવા સંત કે ગુરૂ માટે આપ શું માનો છો?**

જવાબ : કેટલાક સંતો હિમાલયની ગુફામાં રહીને પોતાનું કાર્ય કરતા હોય. એમના મંત્રો દ્વારા જે તેજ-વર્તુળ ઉભું થાય એનો સમાજને તો લાભ મળે જ છે, અને એટલે જ તો કેટલીક ભૂમિ પર પગ મૂકતાં શાંતિનો અનુભવ થાય છે. માત્ર ઈશ્વરી આદેશ હોય તો જ જાહેરમાં આવે. દરેક સંતો અથવા ગુરૂ માટે જાહેરમાં આવવું કે શિષ્યગણ રાખવું જરૂરી નથી. સદ્ભાગી હોય તેને ગુરૂ મળે.

**પ્રશ્ન ૧૦: ગુરૂના આશીર્વાદથી શુભકાર્યોનું પરિણામ વહેલા આવી શકે ખરૂં ?**

જવાબ : ગુરૂમાં નિષ્ઠા અને શ્રધ્ધા હોય ત્થા અસત્ કર્મો કર્યાનો પશ્ચાતાપ હોય તો જ સત્કર્મોના પરિણામ વહેલા મળે.

**પ્રશ્ન ૧૧: સંતોની અથવા ગુરૂઓની સભામાં આપને કાંઈક આધ્યાત્મિક આપવાનું કહેવામાં આવે તો શું આપો ?**

જવાબ : આવી સભાઓ વગર પણ મને તો માતાજી જે કાંઈ આપે તે હું તો આપું જ છું.પરમશક્તિ મંત્ર કે માનવતા વ્રત મેં આપ્યાં જ છે ને ?

આજની પ્રશ્નોત્તરીમાં સમાજમાં કોઈની પણ સીધી કે આડકતરી, નિંદા કે ટીકા કર્યા વગર, એક ઉંચા આસને બિરાજેલ પરમ પૂજ્ય ગુરૂદેવના દિલની વિશાળતા, હૃદયમાં વ્યાપ્ત દયા અને ભક્તોને અહર્નિશ આધ્યાત્મિકતાના માર્ગ પર દોડાવવાની તમન્ના જોઈને થયું.

**સદ્ગુરૂ સદાય રહો અમ દિલમાં**
**રંગાઈએ અમે રાજયોગીના રંગમાં...**

**॥ ૐ મા ૐ ॥**



Scanned by CamScanner

# "શિષ્યનું કર્તવ્ય"

**( તા. ૨૦-૭-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં આયોજિત જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો )**

**હેમંત ઉપાધ્યાય :-**

જ્ઞાનગોષ્ઠિનો દિવસ કયારેય ન ચૂકશો. પહેલાં ગુરૂ માહાત્મ્ય અને પછી શિષ્યનું કર્તવ્ય. શિષ્ય બનવું સદ્‌નસીબ છે. બની બઠેલા સંતો, ભગવા કપડાંથી ગુરૂ કહેવડાવતા, વ્યક્તિઓ કે સમાજને કલંકરૂપ આચરણ કરતાં ધર્માત્માઓના શિષ્ય બનવા કરતાં સ્વયંશિસ્તથી પ્રભુપૂજા કરવી. પરંતુ સદ્‌ગુરૂ પ્રાપ્ત થયા હોય તો એમના દર્શાવેલા દરેક કર્તવ્યને તન, મનથી સમર્પિત થવા સંકલ્પ કરીએ.

**કમલેશ જાની :-**

સાક્ષાત્કારની ઝંખના હોય તેવા મુમુક્ષુઓએ સદ્‌ગુરૂની શોધ કરી લેવી જોઈએ, શ્રધ્ધા, શરણાગતિ અને ઉપાસનાના ત્રિવેણીસંગમથી સાક્ષાત્કાર પામ્યા હોય તેવી વિરલ વિભૂતિ જ સદ્‌ગુરૂ થઈ શકે. શિષ્ય માટે સદ્‌ગુરૂ, પુર્ણ પુરૂષોત્તમ ભગવાનના પ્રતિનિધિ છે. શિષ્યપદ પ્રાપ્તિ નાં સોપાનો એટલે સંપૂર્ણ આસ્તિકતા, શ્રધ્ધા, કર્મફળ ત્યાગ, ધ્યાન, સાત્વિક આહાર, નિષ્કામ ભાવ અને કર્તવ્ય પરાયણતા.

**અરવિંદભાઈ :-**

ગુરૂસેવા સંપૂર્ણ ભાગ્યની જન્મદાત્રી છે કેમકે તે શોકગ્રસ્ત જીવને બ્રહ્મસ્વરૂપ બનાવે છે. શિષ્ય જે પોતાના હૃદયમંદિરમાં ગુરુરૂપી ભગવાનની સ્થાપના કરીને જ્ઞાનરૂપી વૃક્ષની નીચે પૂજા કરે છે. ગુરૂકૃપાના સ્નેહજળમાં માછલી બને છે, તેમની અમૃતરૂપી વર્ષામાં



Scanned by CamScanner

સેવક રૂપી છોડ બને છે, ગુરૂમૂર્તિને હૃદયમાં ધારણ કરીને પ્રભુતા, ધ્યાન, સુખનો અનુભવ પ્રાપ્ત કરે, ગુરૂ માટે પોતાનું જીવન ન્યોછાવર કરે, ગુરૂ ને જ તીર્થ સમજે, ગુરૂવાક્યને શાસ્ત્ર સમજે, ગુરૂના ચરણ સ્પર્શવાળા જળને તીર્થજળ માને ત્થા ગુરૂસેવા સિવાય અન્ય સેવાને જાણતો નથી.

**સ્વામી મોહે ન વિસારીયો, ચાહે લાખ લોક મિલ જાય.**
**હમ સમ તુમકો બહુત હૈ, તુમ સમ હમકો નાહી...**

**મનિષભાઈ :-**

શિષ્યનું કર્તવ્ય એટલે ગુરૂદેવની આજ્ઞા અને આદેશનું પાલન કરવું. ગુરૂદેવજ માર્ગદર્શક અને રક્ષણહાર છે તેમ જાણવું. માતૃ ઋણ, પિતૃ ઋણની જેમ ગુરૂ ઋણ ચુકવવું અશક્ય છે. ગુરૂદેવના આદર્શોને શિષ્યએ આત્મસાત કરવા પ્રયત્ન કરવો.

**હસમુખભાઈ :-**

અભયદાનની અપેક્ષાવાળો હોય, જે કોઈને અવગતિ, દુર્ગતિ કે વિનાશથી બચવું હોય તેમણે સદ્‌ગુરૂના શરણે જવું જોઈએ. ભક્તભાવે શરણે જવું એજ મહાનતા છે. શિષ્ય થયા વગર ન થાય ગુરૂકૃપા, ન મળે સત્સંગ કે સદ્‌ગતિ, ન જ્ઞાનનો ઉદય થાય કે ન અજ્ઞાનતિમિર ટળી શકે. પાપમુક્ત ગુરૂભક્ત જ સદ્‌ગતિનો અધિકારી છે. ભક્ત એટલ જે અભક્ત નથી, વિભક્ત નથી, ખંડિત નથી, ભક્ત અને ગુરૂ વચ્ચે શ્રદ્ધાનો સેતુ છે, અને શ્રદ્ધા વગર આત્મિયતા નથી. શ્રદ્ધા વગર જ્ઞાન નથી આત્મજ્ઞાન નથી, યોગ એટલે અપ્રાપ્ય વસ્તુની પ્રાપ્તિ અને ક્ષેમ એટલે પ્રાપ્ત વસ્તુનું રક્ષણ. ભક્તના યોગક્ષેમની જવાબદારી સદ્‌ગુરૂ ઉપાડે. એકાગ્ર ભક્તિવાળો જ્ઞાની ભક્ત સૌથી ઉત્તમ છે. અને જ્ઞાની ભક્ત સદ્‌ગુરૂનો સાક્ષાત આત્મા છે. સદ્‌ગુરૂશ્રીના અનંત અનુગ્રહે કૃતકૃત્યતા અને પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા સદ્‌ભાગી બનીએ એજ અભ્યર્થના.



Scanned by CamScanner

**સુકુમારભાઈ :-**

મોર પીંછાથી રળિયામણો, આપણે ગુરૂદેવના પીંછા બનીએ. ગુરૂવચનમાં ગુરૂઆદેશમાં અને ગુરૂના કર્તવ્યમાં શ્રદ્ધા રાખીએ અને ગુરૂદેવને શરણાગત થઈએ.

**જયાબેન ઉપાધ્યાય :-**

પૂર્વ જન્મના પૂણ્ય અને ચાલુ જન્મના સત્કર્મો ભેગા થાય ત્યારેજ પૂર્ણ પરમાત્મામય સદ્ગુરૂ પ્રાપ્ત થાય. શિષ્ય થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય એજ શ્રેષ્ઠ કૃપા, શિષ્યના કર્તવ્યો ઘણા છે. ગુરૂના ચરણની શોભા વધારવી, ચરણોમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખવા, મંત્રનું મહત્વ સમજી, મંત્રનું પુણ્ય અને મંત્રનો આદર કરવો અને છેલ્લે મંત્ર-તંત્ર, શિક્ષા-દીક્ષા, ચરણ અને આચરણને જીવન સમર્પિત કરવું.

**જસવંતભાઈ :-**

શિષ્યએ ગુરૂમાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિભાવ કેળવવો. ગુરૂના વચનમાં વિશ્વાસ રાખવો. શિષ્યે કેટલાક ગુણ કેળવવા જોઈએ. જેમકે નિયમિતતા, સાત્વિકતા, પ્રમાણિકતા, વાણી-વર્તન-વ્યવહારની એકરૂપતા વગેરે. શિષ્યએ ઉપાસના રિધ્ધી-સિધ્ધી માટે નહિં પણ હૃદયની શુધ્ધિ માટે કરવી જોઈએ, આત્મપ્રતીતિ, આત્મસંયમ ત્યા આત્મસંતોષ કેળવવાં જોઈએ અને ઈશ્વરને ફરિયાદ ન કરવી જોઈએ, પ્રભુના દાસ થવું જોઈએ અને માનવતા વ્રત કરવું જોઈએ.

**ઉમાબહેન :-**

ગુરૂના વચનમાં વિશ્વાસ-અહ્મ રહિત ઉપાસના. પ્રભુના દાસ થઈએ તો ઉદાસ ન થવાય.વાણી-વર્તન-વ્યવહારમાં એકરૂપતા લાવીએ.

**વિજયભાઈ :-**

ગુરૂના દરેક કાર્યમાં સહકાર અને ગુરૂના દરેક આદેશમાં વિશ્વાસ અને શ્રધ્ધા એજ આપણું કર્તવ્ય.



Scanned by CamScanner

**જયંતિભાઈ :-**

ચાર દેવો માતા-પિતા-ગુરૂ અને અતિથિ જેને જોતાની સાથેજ સંશય દુર થઈ જાય તે સદ્‌ગુરૂ.

જે મૌનમાં જ સમજાવે તે સદ્‌ગુરૂ. શિષ્યનું માત્ર કર્તવ્ય એજ ગુરૂ આજ્ઞા અવિચારણીય છે.

**પૂજ્ય ગુરૂદેવ :-**

શિષ્યનું કર્તવ્ય એટલે શરણાગતિ......

મિલન ગુરૂદેવ તણું આનંદ આપતા
ચરણે ધરૂં શરણાગતિ ગુરૂદેવને.....

શરણાગતિ કેવી ?
હે માત !તમારા ખોળામાં ખોવાઈ જવું છે.
તમારા પ્રેમ સાગરમાં ડૂબી જાવું છે.
તમારી બાહોમાં સમાઈ જાવું છે.

**ૐ માં ૐ**

## - 'શિષ્યનું કર્તવ્ય' - પ્રશ્નોત્તરી -

**( તા. ૧૭-૭-૯૫ ના રોજ યોજાયેલ જ્ઞાનગોષ્ઠિ આધારિત તા. ૧૦-૩-૯૬ ના રોજ આયોજિત પ્રશ્નોત્તરી ના સંકલિત અંશો )**

**પ્રશ્ન ૧ : શિષ્યનું આધ્યાત્મિક કર્તવ્ય શું હોવું જોઈએ ?**

જવાબ : ગુરૂદેવના આધ્યાત્મિક ઉપદેશોનું અક્ષરશ: પાલન દા..ત..તમારે બધાએ પરમશક્તિ મંત્ર, માનવતા વ્રત, વાણી-વર્તન-વ્યહવારમાં એકરૂપતા વગેરે જીવનમાં વણી લેવા જોઈએ.

**પ્રશ્ન ૨ : શિષ્યના કર્તવ્ય અંગે પરમતત્વ 'મા' ની શી ઈચ્છા છે ?**

જવાબ : "મા" શિસ્તના આગ્રહી છે. શિસ્તબધ્ધ સૈનિકની જેમ હુકમ પાલન કરતાં શીખો. કદાચ્ આપણને ગમતું ન પણ હોય, છતાંય સ્વીકારતાં શીખો.

**પ્રશ્ન ૩ : પુત્રને પિતાનો વારસો મળે છે એમ શિષ્યને ગુરૂનો આધ્યાત્મિક વારસો મળે ખરો ? અને હા તો તે કેવી રીતે સાચવવો ?**

જવાબ : આ રાજગાદી નથી અને આમાં વારસાઇ હક્ક પણ નથી. આધ્યત્મિક ક્ષેત્રમાં તો પોતે કેટલું મેળવી શકે ? હાં તમને પાત્રતા પ્રમાણે મેળવવામાં ગુરૂ મદદ કરે, પણ મેળવવું અને સાચવવું એ તો દરેકની પોતાની શરણાગતિ પર આધારિત છે.

**પ્રશ્ન ૪ : આપ ભક્તને ભૂલ કહેશો કે આદેશ આપો ?**

જવાબ : આમ તો ગુરૂનું કહેવું એ આદેશ જ છે પણ ભક્તની ભૂલ માટે એકવાર, બે વાર કહેવાય. પૂર્વજન્મના પડળો હોય અને કદાચ્ ન સમજે તો એને એના કર્મફળ પર છોડી દેવો પડે.



Scanned by CamScanner

**પ્રશ્ન ૫ : ગુરૂ શિક્ષા કરે ?**

જવાબ : મને બીજાની ખબર નથી,પણ હું શિક્ષામાં માનતો નથી અને શિક્ષા કરતો નથી. હું તો એને બોલાવું , સમજાવું અને સૂચન કરૂં છતાંય ન સુધરે તો માતાજીને પ્રાર્થના કરૂં. આ તો આધ્યાત્મિક સંબંધ છે. એમાં શિક્ષાને હું સ્થાન નથી આપતો.. અને હાં , સાચો શિષ્ય , ગુરૂના હૃદયના આંદોલનો સાથે સંબંધ રાખે છે એટલે શિક્ષાનો પ્રશ્ન નથી. અને સાચા શિષ્યને સુધારવાનો હોતો પણ નથી. એને વધારે કેળવવાનો હોય છે.

**પ્રશ્ન ૬ : ગુરૂશક્તિ, સુક્ષ્મ સ્વરૂપે કેવી રીતે માર્ગદર્શન આપે છે ?**

જવાબ : એની ચર્ચા નહીં થાય પણ એ સત્ય છે કે ગુરૂશક્તિ સુક્ષ્મ સ્વરૂપે શિષ્યનું રક્ષણ, બચાવ અને માર્ગદર્શન કરી શકે છે. દેહ છોડ્યા પછી પણ સુક્ષ્મ શક્તિ કાર્ય કરી શકે છે. માત્ર છબી કે મૂર્તિ આગળ બેસો અને માર્ગદર્શન મળી જશે.

**પ્રશ્ન ૭ : ગુરૂના આદેશ મુજબ શિષ્ય કર્તવ્યનિષ્ઠ હોય, છતાંય સાંસારિક જવાબદારી કે પૂર્વકર્મો આધારિત આવી પડતા વિઘ્નોથી કઈ રીતે બચવું અને આવા ઉલ્લંઘનનું પ્રાયશ્ચિત કેવી રીતે કરવું ?**

જવાબ : સાંસારિક ફરજો છોડવાનું હું ક્યારેય કહેતો નથી. સંસારમાં ફરજ બજાવતાં આવા વિઘ્નો આવે તો પ્રાયશ્ચિતની જરૂર નથી. વિઘ્નોમાં પણ ગુરૂનું કે માતાજીનું ધ્યાન ધરો.

**પ્રશ્ન ૮ : હવે આપ વખતો વખત પરદેશ જાઓ છો ત્યારે દેશનાં અને પરદેશના ભક્તોની સંભાળ કેવી રીતે રાખો છો ?**

જવાબ : હાસ્ય... તમને તો હું સુરક્ષા કવચ આપીને જાઉં છું. મારૂં ધ્યાન ધરો .. હું આપનો અવાજ સાંભળીશ અને માતાજીના



Scanned by CamScanner

આદેશથી માર્ગદર્શન આપીશ. પરદેશથી અહીં આવું ત્યારે ત્યાંના ભક્તોને પણ આજ દિશામાં સાંત્વન આપું છું. શિષ્યની શરણાગતિ મને સંભળાય જ છે માટે નિશ્ચિંત રહો...

**પ્રશ્ન ૯ : પ્રારબ્ધ બળે સદ્‌ગુરૂની પ્રાપ્તિ થાય તો શિષ્યની પાત્રતા માપવાનો માપદંડ ક્યો ?**

જવાબ : આધ્યાત્મિક ક્ષેત્રમાં માપદંડ હોતા નથી. તમારી પ્રગતિ જ તમારો માપદંડ. તમે અહીં આવી શક્યાં એ જ તમારા પૂર્વજન્મનું ભાથું. આગળ વધવું તમારા હાથમાં છે. હાં, પાત્રતા ઘટે તોય ગુરૂની રહેમનજરમાં કોઇ ફેર પડતો નથી.

**પ્રશ્ન ૧૦: એક શિષ્ય તરીકે માતાજી આપની પાસે કેવી અપેક્ષા રાખે છે ?**

જવાબ : હું તો માતાજીનો બાળ છું મા-બાળનો સંબંધ છે. મને માતાજીએ જ તૈયાર કર્યો છે. આટલાં કામો તેજ કરાવે છે અને હું એમની દરેક આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરૂં છું.

**પ્રશ્ન ૧૧: અમે આપના શિષ્ય બન્યાં એટલે આપની જવાબદારી કઈ ?**

જવાબ : જવાબદારી એટલે ભૌતિક નહિં... માત્ર આધ્યાત્મિક જ અને તે પણ તમારી આગળ વધવાની તમન્ના હોય તો જ. અને આધ્યાત્મિકમાં આગળ વધશો તો સુખ કે દુઃખ નહીં રહે. આ દેહ મારો નથી. આ શરીરને કાંઈક થાય તો પણ મને દુઃખ નહીં થાય. કારણ મારે આત્માની ફિકર કરવાની છે. પણ આ પરિસ્થિતિમાં આવવું ખુબ કઠિન છે, છતાંય અશક્ય નથી.

**પ્રશ્ન ૧૨: શિષ્ય પોતાની ભૂલની માફી કઈ રીતે માંગે ?**



Scanned by CamScanner

જવાબ : સાચા હૃદયથી પશ્ચાતાપ કરો અને ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે સંકલ્પ કરો તો ગુરૂને કહેવાની પણ જરૂર નથી.

**પ્રશ્ન ૧૩: ગુરૂદક્ષિણામાં શિષ્યએ શું આપવું જોઈએ ?**

જવાબ : સદ્‌વર્તનનો સંકલ્પ અને વ્યસનમુક્તિ.

**પ્રશ્ન ૧૪: શિષ્ય આધ્યાત્મિક બાબતમાં પ્રેમથી હઠાગ્રહ કરી શકે?**

જવાબ : હઠાગ્રહ કરવો જ નહિં ચાહે, તે પ્રેમપૂર્વક હોય કે અધિકારપૂર્વક. ગુરૂમાં હંમેશાં શ્રધ્ધા રાખો. તે પોતાની તમામ શકિતઓથી શિષ્યનું ભલું કરવા પ્રયત્ન કરતા હોય છે.

**પ્રશ્ન ૧૫: ભગવાન શ્રીરામ પૂર્ણ પુરૂષોત્તમ હતા તો તેમણે ગુરૂ કેમ કર્યા ?**

જવાબ : પરમતત્વનું સ્વરૂપ જ્યારે પૃથ્વી પર આવે ત્યારે સંસારચક્રની પીડાઓમાંથી પસાર થવું જ પડે. અને એટલે ગુરૂ બનાવવા પડે. અને રામ કે કૃષ્ણએ ક્યારેય નથી કહ્યું કે હું ભગવાન છું.

**પ્રશ્ન ૧૬: શિષ્યએ મહત્વ કોને આપવું - ભગવાન ને કે ગુરૂને ?**

જવાબ : જેમનામાં શ્રધ્ધા હોય તેમને - ઈશ્વરને જોઈ શક્તા નથી. ગુરૂને જોઈ શકો છો. તો સામાન્ય રીતે ગુરૂ પર વધારે વિશ્વાસ મૂકવો વ્યવહારૂ ગણાય પણ પરમતત્વની રહેમ નજર તો ગુરૂ પર પણ હોવી તો જોઈએ જ.

**પ્રશ્ન ૧૭: શિષ્ય અને ભક્ત - એ બેમાં શો ફેર ?**

જવાબ : ભક્તિ કરે તે ભક્ત. અને ગુરૂ પાસેથી દીક્ષા લઈને આધ્યાત્મિક માર્ગ પર ચાલવાનો પ્રયત્ન કરે તે શિષ્ય..શિષ્ય અને ગુરૂ વચ્ચે આદાનપ્રદાન થાય. ગુરૂ શિષ્યની સતત દેખભાળ રાખે.



Scanned by CamScanner

**પ્રશ્ન ૧૮: શિષ્ય, ભક્ત બની શકે ?**

**જવાબ** : હા, પણ ભક્ત શિષ્ય ન પણ હોય.

**પ્રશ્ન ૧૯: સગાઈમાં ભક્ત વધારે કે શિષ્ય ?**

**જવાબ** : બંન્ને સરખાં .. બંન્નેની કક્ષા સમાન ગણાય. માત્ર શરણાગતિની માત્રામાં ફેર હોય. બંન્ને એક માતાના સંતાન જેવાં જ છે. બંન્ને વચ્ચે બહુ પાતળી ભેદરેખા છે. દરેકને ભક્ત ન કહેવાય. જે ચોવીસે કલાક એના ધ્યાનમાં રહી શકે તેને ભક્ત કહેવાય.

આજની પ્રશ્નોત્તરીમાં પૂજ્ય રાજયોગીજીએ શિષ્યોને આધ્યાત્મિકતાના માર્ગમાં પ્રગતિ કરવા માટે ઘણાં સૂચનો પરોક્ષ રીતે આપ્યાં અને એમની શીતળછાયામાં સ્થાન જાળવી રાખવાના નિયમો પણ બતાવ્યાં. ગુરૂ-શિષ્યના સંબંધોની સીમાઓ બતાવી. પોતાના શિષ્યો માટે લૂંટાઈ જવાની તમન્ના, તેમને ઉંચે ઉઠાવવા પ્રબળ પુરૂષાર્થ અને સદા સુરક્ષા કવચથી શિષ્યોને અભયતા પ્રદાન કરનારા પૂ. રાજયોગીજીને અમે, આપણે જાણે અજાણે, જાગતા - ઉંઘતા, રાત્રે કે દિવસે ક્યારેય દુ:ખ ન પહોંચાડીએ એવી માતાજી પાસે કાકલૂદી ભરી પ્રાર્થના સાથે પૂજ્ય રાજયોગીજીના ચરણોમાં જન્મોજન્મ રહી શકીએ એવી જ યાચના...



Scanned by CamScanner

# " માનવતા વ્રત "

**( તા. ૨૭મી જૂલાઈ ૧૯૯૫ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલી જ્ઞાન ગોષ્ઠિના સંકલિત અંશો. )**

આજે સારા માણસોનો દુકાળ છે. ઘાસ-ચારાનો દુકાળ તો વરસાદથી દૂર થશે પણ સમાજમાં પ્રવર્તતા માણસાઈના દુકાળને દૂર કરવા શું કરીશું ? આજનો માનવી રૂપ અને રૂપિયા પાછળ પાગલ બન્યો છે, પરિણામે એના જીવનમાં અર્થ પુરૂષાર્થને બદલે સ્વાર્થ, કામપુરૂષાર્થને બદલે કામાંધતા વધ્યા છે. માનવી સમયની કિંમત સમજે અને મળેલો માનવદેહ એળે ન જવા દે, એ આજના સમાજની તાતી જરૂર છે.

માનવીને બહાર કોઈ શત્રુ નથી. શત્રુ અંદર જ છે. ષડ્રીપુઓને નાથી પવિત્ર જીવન જીવવું અને આશિષનું અમૃત પીવું એ મનુષ્યના પોતાના હાથમાં જ છે. પત્નીના ગુલામ બનીને, માતાને દુ:ખ આપનારા અથવા વૃધ્ધાશ્રમના દ્વારે મૂકનારા સંતાનોને સદ્બુધ્ધિ સિવાય શું આપી શકીએ ?

વ્યક્તિની અંદર રહેલા સદ્ગુણોને વિકસિત કરી તેને પ્રગટ કરવાની સંકલ્પના, સદાચાર અને સત્કર્મોનો સરવાળો અને પોતાની અંદર રહેલા પરમાત્માના અંશ રૂપી આત્માને સજાવવા માટેનું વ્રત તે "માનવતા વ્રત " માનવતા વ્રત દ્વારા સદ્બુધ્ધિના સંચારની પ્રાર્થના... સમાજમાં વ્યાપ્ત ધર્માંધતા અને રૂઢિચુસ્તતાને દુર કરી લૌકિક જગતની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી પૂ. ગુરૂદેવે આ માનવતા વ્રતને ખુબ સરળ બનાવ્યું છે.

માનવતા વ્રત એટલે.......



Scanned by CamScanner

મા - મા ગાયત્રી પરમતત્વ. માન - દરેકને માન આપો.
ન - નવ સિધ્ધાંતો. નવ - નવ સિધ્ધાંતો પાળો.
વ - વર્તન-વાણી-વ્યવહાર. વતા - સરવાળો સદ્ગુણોનો.
તા - તાપ-સંયમ. દુર્ગુણોની બાદબાકી.

આ વ્રત, દરેક મહિનાના બીજા અને ચોથા રવિવારે ખુબ સાદાઈથી કરવું.

એક વાર ઘરનું સાદું ભોજન કરવું.
મન, વાણી, આંખ અને કાનનો સંયમ રાખવો.
રાત્રે ૧૦ મીનીટ મંત્ર જાપ કરવા. ( ૐ મા ૐ )
બને તેટલી સાદાઈ અપનાવવી.

**મનનો સંયમ :-** મનથી ઉદ્ભવેલા કુવિચારો પણ પાપ છે. ભલે તેનું આચરણ ન કર્યું હોય,પરમાત્મા મને દઢ મનોબળ આપજે. મારૂં મન લોભ, લાલચ, ઈર્ષ્યા, અદેખાઈમાં સપડાય નહીં,પરમાત્માના આપેલા સુખમાં સંતોષ માનું ... મારૂં મન બગડે નહિં.

**વાણીનો સંયમ :-** હું બોલવામાં વિવેકબુધ્ધિ રાખું-સૌજન્યતા અને સહનશીલતા રાખું. મારી વાણી ક્રોધભરી ન હોય, હિસાંભરી ન હોય, તુચ્છ ન હોય, કોઈને અપમાનીત કરતી ન હોય, મારી વાણીથી કોઈકને સુખ આપી શકું, હિંમત આપી શકું, પરમાત્મા મને વાણીનો સંયમ આપજે.

જીભે ઝેર, જીભે વેર,
જીભે અમૃત, જીભે મૈત્રી....

**આંખનો સંયમ :-** મારી આંખો સંતદર્શન કરે, પોતાના દોષના દર્શન કરે. આંખોથી હંમેશા સારૂં જોઉં, સારૂં વાંચન કરું, હલકું સાહિત્ય ક્યારેય ન વાંચુ, કોઈના ઉપર કુદષ્ટિ ન કરૂં, ગમો, અણગમો, ગુસ્સો, આનંદ, પ્રેમ વગેરે આંખોથી પ્રદર્શિત થાય,આંખો વ્યક્તિની મનોવેદના



Scanned by CamScanner

ઉઘાડી પાડે... મને આંખોનો સંયમ આપો.

**કાનનો સંયમ :-** મારાં કાનો હરિભજન સાંભળે, સંતોનો ઉપદેશ સાંભળે.. હું કોઈની નિંદા કે કુથલી ન સાંભળું. કાનથી પવિત્ર શબ્દો સાંભળું, હરિકીર્તન અને સંતોની વાણી સાંભળું.

**પૂ. બ્હેનજી :-** માનવતા વ્રતનો મુખ્ય હેતુ માનવીમાં માનવતા પ્રગટાવી કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને સુખી અને સમૃધ્ધ કરવાનો છે.

માનવતા વ્રતમાં સેવા અને સદ્ભાવનાને પ્રાધાન્ય આપવું અને પોતાની શક્તિ અનુસાર તન, મન, ધનથી અન્ય જરૂરિયાતવાળા મનુષ્યની સેવા કરવી.

માનવતા વ્રતની શરૂઆત બીજા અને ચોથા રવિવારે કરી આદત પાડવી અને પછી જીવનની અનિવાર્ય કાર્યપધ્ધતિમાં વણી લેવાનો પ્રયત્ન કરવો.

આ પ્રકારના બિલકુલ સરળ વ્રતને પૂજ્ય ગુરૂદેવે ભક્તોને પ્રદાન કરી માનવ સમાજની ખુબ મોટી સેવા કરી છે. આ વ્રત દ્વારા પોતાની જાતને સુધારવાનો અને ઈન્દ્રીય સંયમ કેળવવાનો સરળ ઉપચાર બતાવ્યો છે.

આપણે સૌ આ વ્રત પાળીને આપણામાં રહેલી માનવતાને વિકસાવીએ.



Scanned by CamScanner

# "શ્રધ્ધા"

**( તા. ૩-૮-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં આયોજિત જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો )**

**ગીતા બ્હેન :-**

શ્રધ્ધાનું પ્રાગટ્ય નથી, તેને જન્મ આપવો પડે છે. શ્રધ્ધા એ કસોટી પથ્થર છે. - " મન હોય તો માળવે જવાય અને શ્રધ્ધા હોય તો માને મળાય".

જેમ બિલાડી પોતાના બચ્ચાંને રસોડામાં, માળિયામાં કે પલંગ નીચે ગમે ત્યાં મુકી આવે તોય તે મા...મા... કરે છે, એમ આપણે અડગ શ્રધ્ધા રાખી ૐ મા ૐ કરીએ.

**અરવિંદભાઈ પટેલ :-**

જેના જીવનમાં શ્રધ્ધા નથી તે પશુ-પક્ષી જેવો છે એના જીવનનો વિકાસ નથી, એના જીવનમાં રસ નથી. શ્રધ્ધા એ તો એવો સદ્ગુણ છે કે જેના જીવનમાં રહે છે, એનું ચિત્ત શ્રધ્ધેયના સદ્ગુણોને પામી લે છે. શ્રધ્ધા એ સહારો અને બળ બંન્ને છે, પોતાની જાતમાં પણ શ્રધ્ધા હોવી જાઈએ, શ્રધ્ધા વગરનો કાગડા સમાન છે કારણ,કાગડાને કોઈનામાં વિશ્વાસ હોતો નથી. જીવનમાં અનેક ઠેકાણે શ્રધ્ધા રાખવી પડે છે... બસના ડ્રાઈવર પર, ચ્હા બનાવનારા પર, હજામ પર, વગેરે.

જીવનમાં જો ભગવત્પ્રાપ્ય મહાપુરુષ ભગવાન કે શાસ્ત્ર પ્રત્યે શ્રધ્ધા નથી તો ધન, પુત્ર, પત્ની ત્થા બધી જ સગવડો હોવા છતાંય અંદરથી સંગીત નથી. શ્રધ્ધાવાન પોતાની મેળે કર્મ, સેવા કરે છે અને એમનું અંતઃકરણ શુધ્ધ થઇ પરમાત્મા રસથી પાવન બને છે, ત્થા શ્રધ્ધેયનો કૃપા-પ્રસાદ પ્રગટ કરાવી દે છે, જયાંથી જીવન પ્રવાહ વહે છે એ શક્તિઓનું સ્ત્રોત આપણામાં બેઠેલી શ્રધ્ધા ઉઘાડી આપે છે.



Scanned by CamScanner

**જયા ઉપાધ્યાય :-**

સંસારમાં અઢી અક્ષરનામ શબ્દોનું ખુબ મોટું સામર્થ્ય આધ્યાત્મિક યાત્રાનું ત્રીજું પગથિયું તે શ્રધ્ધા- પહેલું સમજણ, બીજું વિશ્વાસ અને ત્રીજું શ્રધ્ધા. વિશ્વાસના પાયા પર જ શ્રધ્ધા ટકે છે. અને વિશ્વાસ ડગ્યો ત્યાં શ્રધ્ધા ડગી.

શ્રધ્ધા એ તો વહેતી નદી-કયારેક ઉભરાય, કયારેક સુકાય, કયારેક અવિરત વહયા કરે તો કયારેક થંભી જાય. શ્રધ્ધા થંભી જાય એટલે સમાજ એને વાણી-વર્તન-વિચારોથી ડગમગાવે. આપણી આંખો એ શ્રધ્ધા દીપક છે એને ગુરૂચરણોમાં મૂકીએ.

**પ્રતીક્ષાબેન શુકલ :-**

શ્રધ્ધા વગરની ભક્તિ, ભક્તિ કહેવાતી નથી. પ્રભુશ્રધ્ધાની ભૂમિમાં આત્મશ્રધ્ધાનો છોડ ઉગતો હોય છે અને આત્મશ્રધ્ધા આવશે ત્યાં પ્રભુશ્રધ્ધાનો ઉદય થશે.

શ્રધ્ધાપૂર્વક અને પ્રેમથી સ્મરણ કરો ત્યાં ગુરૂદેવ હાજર થાય છે. અને જેને ગુરૂદેવમાં શ્રધ્ધા હોય તે 'માનવતા વ્રત' કરે.

**ભરતભાઇ પટેલ :-**

જીવનરૂપી ગાઢ જંગલમાં, સંસારી ટ્રેન અંધકારમાં અટવાય ત્યારે શ્રધ્ધારૂપી દીપક પથદર્શક બને છે.

એમણે એક નાની કવિતા લખી જેનો મર્મ છે શ્રધ્ધા કુટિરમાં શ્રધ્ધાથી ભક્તો ભીંજાય છે. ગુરૂકૃપાથી મુક્તિધામમાં પ્રવેશ શ્રધ્ધા દ્વારથી થાય છે અને શ્રધ્ધા કૂટિરમાં પરમતત્વની ઓળખ થાય છે.

-બીજી -૨૪- પંક્તિની કવિતા છે.

**હસમુખભાઇ પુરોહિત :-**

શ્રધ્ધા-પુષ્પ ગુરૂદેવના ચરણોમાં. જગતમાં સંપત્તિ બહાર નથી. બહારતો પત્થર, ધાતુના ટુકડા અને નિર્જીવ પદાર્થો ભરેલા છે. સંપત્તિનો ખજાનો તો આપણી અંદર રહેલા "આત્મા" મા છે.



Scanned by CamScanner

"મળે ચાવી શ્રધ્ધા તણી-આનંદ ભંડાર ખોલવા"

એમણે પણ એક કવિતા લખી છે. જેનો મર્મ છે શ્રધ્ધા કુટીરમાં ભરાતા રાજયોગીના દમામભર્યા દરબારમાં, અહંકાર છોડીને રાજયોગીની સંપત્તિને શ્રધ્ધાથી લૂંટો.

**હેમંત ઉપાધ્યાય :-**

શ્રધ્ધા એતો અનુભવવાનું તત્ત્વ- એ તો ભવસાગરની નૌકા છે. શ્રધ્ધા પાર ઉતારે- અંધશ્રધ્ધા ડૂબાડે. શ્રધ્ધાહિન પછડાય અને શ્રધ્ધાવાન ગુરૂદેવના સહારે તરી જાય. આધ્યાત્મિકતાના માર્ગ પર કાંઈક પ્રાપ્ત કરવું હોય તો નવમાં શ્રધ્ધા રાખો... ઈશ્વરમાં, પોતાના મનોબળ પર, પોતાના સદ્ગુણો પર, ગુરૂદેવ પર, પોતાના તપ પર, પ્રભુની માયામાં, કર્મના ફળમાં, મન પર અને ગુરૂવચનમાં...

**મંજુબહેન ઠક્કર :-**

શ્રધ્ધાથી શ્રધ્ધામાં આવવું અને જવું અને શ્રધ્ધાથી આવીશ ત્થા જઈશ.... મારી શ્રધ્ધા અવિચળ રહે તે જ મારી શ્રધ્ધામય પ્રાર્થના.

**મનિષભાઈ :-**

શ્રધ્ધાથી આત્મબળ મજબૂત બને, શ્રધ્ધા ઢાલ બની રક્ષણ કરે, શ્રધ્ધાથી શાંતિ અને આનંદ મળે, શ્રધ્ધા એ પરમતત્વનું કસોટીપત્રક, પરમતત્વને પામવાનો શ્રેષ્ઠ માર્ગ, શ્રધ્ધા ભક્તને ચિંતાથી મુક્ત કરે અને જેટલી પ્રબળ શ્રધ્ધા એટલું પ્રભુના પ્રબળ પ્રેમનું સિંચન...

**જસંવતભાઈ શુકલ :-**

કોઈપણ પ્રકારનો નિશ્ચય. વિશ્વાસ કે પ્રતિજ્ઞા ધારણ કરવી એટલે શ્રધ્ધા " શ્રધ્ધા તેવું મન અને મન તેવો માનવી " શ્રધ્ધા સર્વ સંકલ્પો અને કર્મોનું કારણ હોવાને લીધે માનવીને શ્રધ્ધામય કહેવામાં આવે છે. માનવીનું જ્ઞાન મર્યાદિત છે. માનવી જે કાંઈ પ્રાપ્ત કરે છે તે શ્રધ્ધાના બળે જ. શ્રધ્ધારહિત ધાર્મિક ક્રિયા ફળ આપતી નથી. સર્વ દેવ નમસ્કારમ્, ઈશ્વરમ્, પ્રતિ ગચ્છતિ। નમસ્કાર સર્વ દેવોને કરો.



Scanned by CamScanner

અનન્ય શ્રધ્ધા એકમાંજ રાખો. ગુરૂના વર્તનમાં, આદેશોમાં, મંત્રમાં, સેવામાં, માનવતાવ્રતમાં અને આધ્યાત્મિક યાત્રામાં શ્રધ્ધા રાખો... શ્રધ્ધાની જ્યોત અખંડ જલતી રહે.

**સુકુમાર :-**

શ્રધ્ધા માપી ન શકાય - ક્યાં શ્રધ્ધા હોય અથવા ન હોય. શ્રધ્ધા એટલે આપણે પોતાનો, બીજી વ્યક્તિ અથવા આપણા માનસ પર અંક્તિ કરેલ છબી ઉપર આપણે વિશ્વાસ. શ્રધ્ધા એ આપણા મનની પરિસ્થિતિ છે. મનની પરિસ્થિતિ મુજબ શ્રધ્ધા કાલે કાંઈક જૂદી હતી અને આવતીકાલે કાંઈક જૂદી હશે. શ્રધ્ધા માત્ર સામેવાળા તરફ જ હોય, એના કરતાં આપણને આપણામાં પણ હોવી જોઈએ. એમણે ગુરૂદેવને કહ્યું ... મને શ્રધ્ધા છે કે, તમે એ જાણો છો કે, મને તમારામાં શ્રધ્ધા છે. હું એ પણ જાણું છું કે, તમે એ જાણો છો કે, મને તમારામાં શ્રધ્ધા છે.

**નાન્દી સાહેબ :-**

શ્રધ્ધા એ શક્તિની ગંગોત્રી છે. શ્રધ્ધા is essential. શ્રધ્ધા is natural. પ્રભુ કહે છે જેમાં જેવી, જેટલી શ્રધ્ધા હોય, તેવી તેટલી કેળવી આપું. ઘણાં ગરજે શ્રધ્ધા રાખે. શ્રધ્ધા એ પરમ ઔષધ છે. જ્યારે અજાણ્યામાં શ્રધ્ધા રાખવાનો સમય આવે ત્યારે કેવી રીતે શ્રધ્ધા રાખો... તો બિલકુલ મૌન પાળવું. જ્યાં પ્રકૃતિનું શાસન પ્રવર્તે છે ત્યાં એની અનુકુળતા કરવી. મૌનથી ઘણી અશ્રધ્ધાઓ નીકળી જાય છે. મન-વચન-કર્મથી શ્રધ્ધા સમર્પિત કરીએ...

**જયંતિભાઈ :-**

ૐ વ્રતેન દીક્ષામાપ્નોતિ, દીક્ષાયાપ્નોતિ દક્ષિણામ્ ।
દક્ષિણાં શ્રધ્ધામાપ્નોતિ, શ્રધ્ધયા સત્યમાપ્યતે ॥

આ શ્લોક દ્વારા એમણે વ્રતની દીક્ષા આપનારા ગુરૂદેવ પ્રતિ શ્રધ્ધા સમર્પિત કરવાની વાત કરી..



Scanned by CamScanner

## -'માનવતા વ્રત અને શ્રધ્ધા'-પ્રશ્નોત્તરી-

**( તા. ૧૬-૩-૯૬ ને શનિવારના રોજ શ્રધ્ધા કુટીરમાં આયોજિત પ્રશ્નોત્તરી ના સંકલિત અંશો )**

**પ્રશ્ન ૧ : આપે જે વ્રત બતાવ્યું છે. તેમાંતો વ્યકિતએ પોતે સુધરવાની શરૂઆત કરવાની છે, તો આને " માનવતા વ્રત " નામ કેમ આપ્યું ?**

જવાબ : આ સંસાર વ્યક્તિઓનો બનેલો છે. આપણે સંસારમાં જ રહીએ છીએ અને આ આખાય સંસારને સુધરવાની પ્રક્રિયા છે. એક વ્યક્તિ સુધરશે તો કુટુંબ સુધરશે, આવા અનેક કુટુંબો મળી સમાજ સુધરશે, અને રાષ્ટ્ર સુધરશે. આપણે પહેલાં સુધરવાની જરૂર છે અને દરેક ધર્મનું હાર્દ માનવતા છે માટે આને " માનવતા વ્રત" કહ્યું.

**પ્રશ્ન ૨ : માનવતા વ્રતની ઉજવણી ક્યારે અને કેવી રીતે કરવી ?**

જવાબ : ઉજવણીનો અર્થ છે. વ્રતને બંધ કરવું. અને માણસને સુધરવાની પ્રક્રિયામાં પુર્ણવિરામ છે જ નહિં માટે, આની ઉજવણીનો પ્રશ્ન જ નથી.

**પ્રશ્ન ૩ : માનવતા વ્રતમાં દાનનું મહત્વ છે.કદિક તે દિવસે દાન ન થઈ શકે તો તેનો પર્યાય છે ?**

જવાબ : મહિનામાં બે જ વાર કરવાના વ્રત માટે વિચારપૂર્વક આયોજન કરો.એ કામ તેજ દિવસે કરો. પર્યાય શોધશો તો મનોવૃત્તિ પર્યાયમાં જ રહેશે. તે દિવસના કામ માટે કૃતનિશ્ચયી બનો..

**પ્રશ્ન ૪ : બીજા અને ચોથા રવિવાર ઉપરાંત વધારાનું વ્રત કરવું હોય તો ક્યા દિવસે થાય.**

જવાબ : આ તો માત્ર શરૂઆત છે. નિયમો પાળી શકો તો રોજ કરો બને એટલા દિવસ વધારતા જાવ. મારી શુભેચ્છા તમારી સાથે છે.

**પ્રશ્ન ૫ : વ્રતભંગનું પ્રાયશ્ચિત કેવી રીતે કરવું ?**

જવાબ : આ સંકલ્પવ્રત છે. સંકલ્પનું પીઠબળ એટલે મનોબળ



Scanned by CamScanner

સંકલ્પમાં અડગ હશો તો વ્રતભંગ થશે જ નહિં. આ વ્રતમાં પ્રાયશ્ચિત જાતે કરો, પ્રાયશ્ચિતભંગની કોઈ વિધિ નથી.

**પ્રશ્ન ૬ : આપે શ્રધ્ધા સાથે શરણાગતિને કેમ જોડી ?**

**જવાબ** : આમાં કોઈ વૈચારિક મર્મ મેં રાખ્યો નથી. પણ આ મારા જીવનનો નિચોડ છે. આમ તો બન્નેમાં ભેદરેખા બહુ પાતળી છે. શ્રધ્ધામાં આસ્થા છે. શરણાગતિમાં સમર્પણ છે. એટલેકે હું તારામાં સમાઈ જાઉં છું.

**પ્રશ્ન ૭ : પહેલી શ્રધ્ધા પરમતત્વ પર રાખવી કે સ્વયં પર ?**

**જવાબ** : પરમની કૃપાથી સ્વયં બન્યો છે. સ્વયંથી સ્વયં નથી. એટલે પરમતત્વ પર શ્રધ્ધા રાખો.

**પ્રશ્ન ૮ : શ્રધ્ધા કેવી હોવી જોઈએ ?**

**જવાબ** : શ્રધ્ધા સમજણપૂર્વકની, જ્ઞાન સહિતની હોવી જોઈએ, એના વગરની શ્રધ્ધા, અંધશ્રધ્ધા કહેવાય. હું તો કહું છું કે સ્વાર્થની શ્રધ્ધા એટલેકે બાધાઓ પણ ન રાખો. ઈશ્વરને સમર્પિત થાવ, બાધા રાખ્યા વગર પણ પરમતત્વ કામ કરશે પણ શ્રધ્ધા અતૂટ અને કાયમી રાખજો.

**પ્રશ્ન ૯ : શ્રધ્ધાની અનુભુતિ કેવી રીતે થાય ?**

**જવાબ** : શ્રધ્ધાને ભૌતિક સફળતા કે નિષ્ફળતા સાથે મૂલવવી બરાબર નથી. શ્રધ્ધા રાખો, છતાંય પરમતત્વ તમારી પાત્રતા અને કર્મફળ મુજબ કામ કરે છે. પરિણામની આશા રાખેલી શ્રધ્ધા અને બાધામાં શો ફેર ? અને આંતરિક શ્રધ્ધા ન હોય,તો પણ પરમતત્વ કામ કરે જ છે. શ્રધ્ધાની અનુભૂતિ માટે ચિંતા ન કરો સાચી શ્રધ્ધાના અનુભવો આપોઆપ થશે જ.

**પ્રશ્ન ૧૦: શ્રધ્ધા અને વિશ્વાસ-એ બેમાં શું ફેર ?**

**જવાબ** : આ સાહિત્યિક સવાલ છે. શ્રધ્ધામાં આદાન-પ્રદાન થઈ શકે, વિશ્વાસ એક તરફી હોઈ શકે. બીજું કે વિશ્વાસનો ઘાત્ હોઈ શકે. શ્રધ્ધાનો ઘાત્ નથી હોતો શ્રધ્ધામા દગો નથી.



Scanned by CamScanner

**પ્રશ્ન ૧૧: શ્રધ્ધા હોવા છતાંય કાર્યમાં નિષ્ફળતા મળે તો શું માનવું ?**

જવાબ : હું વર્ષોથી માતાજીમાં શ્રધ્ધા અને શરણાગતિ રાખતો આવ્યો છું છતાંય ક્યારેય ઈચ્છિત કાર્ય ન થાય તો માતાજીને દોષ ન દેવાય.શ્રધ્ધા પ્રબળ હોવી જોઈએ કે ઈચ્છીત ફળ નથી છતાંય એમાં મારૂં શ્રેય છે. શ્રધ્ધામાં મનોબળ ત્થા આત્મજાગૃતિ કેળવવી જોઈએ.

**પ્રશ્ન ૧૨: શ્રધ્ધાને પ્રારબ્ધ સાથે સંબંધ છે ?**

જવાબ : ના, પ્રારબ્ધ તો ગયા જન્મનો હિસાબ છે. શ્રધ્ધા તો આ જન્મમાં કેળવવી પડે, હા, પરમતત્વ પર રાખેલી અપાર શ્રધ્ધા પ્રારબ્ધ બદલી શકે.

**પ્રશ્ન ૧૩: શરણાગતિની માત્રા વધારવા શું કરવું ?**

જવાબ : શરણાગતિ એટલે સમર્પણ અને જ્યાં સમર્પણ છે ત્યાં કોઈ માત્રા નથી.એ તો સંપૂર્ણ જ હોવી જોઈએ આંશિક શરણાગતિ હોતી નથી. હું તો તારે શરણે અને ચરણે આવ્યો છું એવી ભાવના કેળવો.

આજની પ્રશ્નોત્તરીમાં માનવતા વ્રતમાં ક્યાંય કચાશ નહીં રાખવાનો સ્પષ્ટ આદેશ આપી, પૂજ્યશ્રીએ આપણને સૌને સંસારિક માયાઓ સામે દઢ મનોબળ કેળવવાની પ્રેરણા આપીને, નવા રાષ્ટ્રના નિર્માતા બનવાની આજ્ઞા આપી, આપણા દ્વારા કુટુંબ-સમાજ અને રાષ્ટ્રને માનવતાના નવા યુગમાં દોરી જવા કટિબધ્ધ બનીએ. શ્રધ્ધાની પ્રશ્નોત્તરીમાં પણ પરમતત્વ સાથે શ્રધ્ધાના વ્યાપારમાં નહીં, પણ શ્રધ્ધાના બળથી શરણાગત થઈ જવાની હાકલ કરી આ બન્ને વિષયોમાં પર્યાય શોધ્યા વગર સંકલ્પ કેળવતા અને જાળવતાં શીખવ્યું.

માતાજીમાં અપાર શ્રધ્ધા અને શરણાગત એવા પૂજ્યશ્રીની છાયામાં આપણે પણ શરણાગત બનતાં શીખીએ અને પૂજ્યશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરીએ એજ આપણી અભ્યર્થના-

ૐ મા ૐ



Scanned by CamScanner

# " ઉપાસના "

**(તા. ૧૦-૮-૯૫ ની જ્ઞાન-ગોષ્ઠિના સંકલિત અંશો)**

**ગીતાબ્હેન :-**

ઉપાસના એટલે પ્રભુ પાસે બેસવું- આ શરીર તો ગમે ત્યારે છોડી દેશે પણ જે જન્મોજન્મ સાથ રહેવાનો છે તેને માટે ઉપાસના કેમ ન કરીએ ? જીવ પ્રભુને પૂછે કે, અમે એવું શું કરીએ કે તમારી નજીક રહી શકીએ ? પરમાત્મા કહે, ઉપાસના કર, જ્યારે ઉપાસના કરીએ ત્યારે કોઈ શરત ન રાખીએ. જે ક્રિયા કરવાથી 'મા' પાસે જવાય અથવા 'મા' ને આપણી પાસે આવવાનું મન થાય તે ઉપાસના- ગુરૂદેવને પ્રાર્થના કરીએ કે, તમારા તેજથી, તમારી કૃપાથી, અમારા ષડ્રિપુઓ ભસ્મ થઈ જાય અને અમે માની પાસે બેસવાને લાયક બનીએ.

**મનિષભાઈ :-**

ઉપાસના એટલે પરમતત્વ મિલન માટે નિયમિત પ્રેમભરી પ્રક્રિયા

ઉપાસના એટલે આ જન્મ અને પૂર્વજન્મના પાપ નાશ પામી , સતકર્મ. પુણ્ય કર્મનો પ્રાર્દુભાવ થવો.

ઉપાસના એટલે સત્-અસત્ કર્મો વિશે આંતરજ્ઞાન પ્રાપ્ત થવું.

ઉપાસના એટલે વાંચન, કથાથી પર એવું અલૌકિક જ્ઞાન પ્રાપ્ત થવું.

ઉપાસના એટલે પરમતત્વનાં અલૌકિક આનંદનું પ્રાપ્તિસ્થાન.

ઉપાસના એટલે પરમતત્વમાં એકાગ્રતા.

ઉપાસના એટલે પરમતત્વનાં નામ-ગુણમાં તાદાત્મ્ય સંધાય તે ક્ષણો.

ઉપાસના એટલે પાપનો નાશ કરી પરમતત્વને પ્રેમબંધનથી પ્રેમપાશમાં બાંધવા.

ઉપાસના એટલે ભૌતિક સુખથી પર રહી, ચિરંજીવી વિરામમુક્ત એવા પરમતત્વને પ્રેમ કરવો.



Scanned by CamScanner

**અરવિંદભાઈ :-**

ઉપાસક ઉપાસ્ય દેવમાં જ્યારે પૂર્ણપણે ખોવાઈ જાય ત્યારે સાચી ઉપાસના થઈ કહેવાય.ઉપાસ્ય દેવ ભલે ગુરૂદેવ હોય કે ઈશ્વર હોય. ઉપાસ્ય દેવનું ચિંતન કરવું, તેના માટે રડવું, તેમની લીલાનું શ્રવણ કરવું કે મનોમન તેમની સાથે વાત કરવી તે ઉપાસના જ છે. ઉપાસ્યદેવમાં ખોવાઈ જવું અને પોતાના મનને ઇષ્ટકાર બનાવી દેવું.

**કુસુમબ્હેન :-**

આત્માથી પરમાત્મા સુધીની યાત્રા એટલે ઉપાસના. શ્રધ્ધાપૂર્વક ઇષ્ટની શરણાગતિ સ્વીકારી, આરાધના કરવી તે. ગુરૂદેવના સાનિધ્યમાં ચિત્તશુધ્ધિ અને આત્મભાવમાં વૃધ્ધિ સરળતાથી થાય. બ્રાહ્મમૂહુર્તમાં આધ્યાત્મિક ચેતનાની લહેરો સાધકોને ઉપાસના માટે શ્રેષ્ઠ કુદરતી ભેટ આપે છે. ઉપાસના ત્યારે જ કહેવાય કે, મા અદષ્ય રીતે મારી પાસે જ છે એ માને મળવા મન આતુર બને, હૃદય તડપી ઉઠે, તલસી ઉઠે ત્યારે જ આત્માથી ઉન્નતિ થાય.

**હેમંત ઉપાધ્યાય :-**

ગુરૂદેવ માના બાળ, આપણે માતાના બાળકો. આપણામાં "તા" લાગે, કારણ - આપણામાં સહજતા, સરળતા, માનવતા નથી. આપણે તાપ સહન કર્યો નથી. તત્વને પહેચાણ્યું નથી. એક સંતની વાત કરીને ઉપાસનામાં માનવ સેવાનું મહત્વ બતાવી, ગુરૂદેવના બીજા સિધ્ધાંત "નિ:સહાય ને સહાય કરવી" તરફ ધ્યાન દોરીને દીર્ઘદષ્ટા, જીવનદષ્ટા અને શિષ્યને ઉપાસનાની સરળ ચાવી બતાવનાર ગુરૂદેવને શત શત વંદન કર્યા.

**મહિડા સાહેબ :-**

ઉપાસના એટલે ઇષ્ટની નજીક બેસવું. ઉપાસના અને સાધનામાં થોડો ફેર છે સાધના અમુક ધ્યેય સિધ્ધ કરવા માટે, ઇચ્છિત ફળની પ્રાપ્તિ પછી બંધ કરી શકાય. ઉપાસના નિષ્કામ ભાવે કરાતી હોવાથી



Scanned by CamScanner

સાક્ષાત્કાર જેવી ઉંચી કક્ષાએ પહોંચ્યા પછી પણ ચાલુ રખાય. ઉપાસનામાં ઇષ્ટદેવના નામનો કે મંત્રનો વારંવાર ઉચ્ચાર કરવો તે જપ. સંતો સંસાર સાગરનાં નાવિક, આત્માને પરમાત્મા સુધી પહોંચાડનારા ઠેકેદાર, ઉપાસકોને ઈશ્વર તરફ લઈ જવાનો વેપાર કરનારા ફિરસ્તા... એમના અમૃતવચનો સ્વયંસિધ્ધ હોય - તેને પ્રમાણની કે સાબિતીની જરૂર નથી, તે તો આખા સંસારની સંપત્તિ - અને માનવજાતના માર્ગદર્શન માટે ઉપલબ્ધ - સગુણ ઉપાસનાથી મનની એકાગ્રતા જલ્દી સધાય-સગુણ એ આધાર છે, સાધ્ય છે.- ઉપાસનામાં ધીરજ અને સહનશીલતા જોઈએ. ઉપાસના સકામ અને નિષ્કામ હોઈ શકે. મન-વચન અને કર્મની પવિત્રતા જરૂરી. મનરૂપી પાત્રને મંત્રરૂપી સાધનથી માંજતા રહેવું પડે. ઉપાસકના જીવનમાં કસોટી તો આવે જ કારણ કસોટી સોનાની થાય, માટીના ઢેફાંની નહીં... કસોટીમાં વિચલિત થયા વગર ઉપાસના ચાલુ જ રાખવી.

**સુકુમાર :-**

ઉપાસના એટલે માનસિક સંકલ્પ અને તેને પૂર્ણ કરવા માટેનો પરિશ્રમ અથવા પુરૂષાર્થ. દરેક મનુષ્ય પોતાના Betterment માટે ઉપાસના કરતો જ હોય. ઉપાસના આધ્યાત્મિક, ધાર્મિક કે ભૌતિક પણ હોય- સંકલ્પ પૂરો કરીએ તેને ઉપાસના કહી શકાય. સંકલ્પ ટકાવી રાખો તો પરિણામ મળે જ- એક સંકલ્પ પૂરો થાય તો બીજા માટે તૈયાર રહેવું.

**હસમુખભાઈ :-**

ઉપાસના એટલે ફોટા પાસે બેસવું એવું નહિં પણ જેમ અગ્નિની પાસે લાકડું હોય અને અગ્નિની સમીપ જાય તેમ તેમ ગરમ બનતું જાય અને અગ્નિમાં હોમાઈ જાય અને અગ્નિમય બની જાય તેવી રીતે ઉપાસકમાં દૈવીગુણો આવતા જાય, પ્રભુમય બનતો જાય, અને આમ આત્મા પરમાત્મામાં ભળી જાય એને શ્રેષ્ઠ ઉપાસના કહેવાય. ઉપાસના



Scanned by CamScanner

ક્રિયાપ્રેરક નહીં પણ ભાવપ્રેરક હોવી જોઈએ. સોનાની દીવીમાં દીવો કરવાથી પ્રભુ વહેલા પ્રસન્ન થતા નથી. ઉપાસકની ભાવના ઉચ્ચ હશે તો દીવો પ્રગટાવ્યા વિના પણ ઉપાસના સફળ થાય. અહંકાર અને તેમાંથી જન્મતા મમત્વ-રાગ-દ્વેષ-ભય વિગેરે આવેગો પ્રભુને ચરણે ધરવાના છે. આજ માત્ર જીવની વ્યક્તિગત સંપત્તિ છે. વ્યક્તિમાં ભાવ મુખ્ય છે. ભક્તિથી મન શુધ્ધ થાય-શ્રધ્ધા સમર્પણ એજ પ્રેમ સમર્પણ... પ્રભુ સ્મરણ સેવા-જપ-નામ સ્મરણ, પ્રાર્થના, ધ્યાન ચાલુ રાખીએ તો દૈવીગુણો વધશે. પરમાત્માએ માનવીને જ એવી શક્તિ અને - બુધ્ધિ આપી છે. તેનો સદ્ઉપયોગ કરી પાપ છોડી ભક્તિ કરીએ તો પરમાત્માની અનુભૂતિનો આનંદ થાય. સ્વર્ગના દેવો ભક્તિ કરી શકતાં નથી. ગમે તેટલા રૂપિયા ખર્ચીએ અને ટનબંધી સોનું આપીએ તોય જીવનની એક પળ પણ ખરીદી શકતાં નથી. આયુષ્યની મળેલ ક્ષણોનો સદ્ઉપયોગ કરી, એકાગ્રચિત્તે ધ્યાન ધરી, જપ સ્મરણ કરીએ એ પણ ઉપાસના જ છે.

**ભરતભાઈ :-**

જીવનનું અંતિમ લક્ષ્ય પ્રભુ પ્રાપ્તિ છે. ઈષ્ટને મેળવવાના લક્ષ્ય પર પોતાની બધી જ માનસિક ચેતનાને એકાકાર કરવી તેને ઉપાસના કહેવાય. દરેક યજ્ઞમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે. જપથી ઉપાસના સરળ બને છે. ઉપાસના આત્મતત્વને જગાડે છે " આત્મ તત્વ ચિંધ્યા વિના સર્વ સાધના જુઠ્ઠી." ષડ્રિપુ આપણા મહામૂલા ધનને લૂંટી ન જાય માટે સાવધ રહેવું જરૂરી છે. મનની સ્વચ્છતા માટે ઉપાસના જરૂરી છે અને ઉપાસનામાં એકાગ્રતા જરૂરી છે. ઉપાસના જરૂરી છે, મનને દુગુર્ણોથી છોડાવવા માટે પ્રતિકૂળતાની આંધીમાં જીવનવૃક્ષને ટકાવી રાખવા, સાધક અને સાધ્યને એકરૂપ થવા, આધ્યાત્મિક બળ માટે, આચરણથી આત્મદર્શન માટે ...ઉપાસનામાં પ્રમાદ કે બેકાળજી ન ચાલે, તર્ક પુરૂષ છે. શ્રધ્ધા નારી છે. બહુ તર્ક, બહુ બુધ્ધિ, ઉપાસનામાં બાધક બને છે.



Scanned by CamScanner

મૌન શક્તિનો સંચય કરે છે. અને ઉપાસનાને ગતિ આપે છે ઉપાસક પ્રત્યે ઈષ્ટની કૃપા સતત રહે છે.

**જસવંતભાઈ :-**

શરણાગતિ એટલે પરમતત્વના શરણમાં જવું જેની શક્તિથી સમગ્ર વિશ્વનું સંચાલન થાય છે. શરણાગતિ એટલે સંશયનો અભાવ શરણાગતિ દૃઢ થાય ત્યારે ઉપાસના સફળ બને. શરણાગતિ મીરાની, ભક્ત પ્રહલાદની, પૂજ્ય રાજયોગીજીની, ઉપાસના એટલે પ્રભુના પ્યારા બનવાની રીત. હૃદયનો અરીસો સ્વચ્છ થાય તો પ્રભુને બિરાજવાનું મન થાય. ઉપાસના નિષ્કામ કરવી, એને ભૌતિક સફળતા સાથે સંબંધ નથી. આત્માની પુષ્ટિ માટે સાત્વિક ઉપાસના, માનસિક શાંતિ અને શાશ્વત સુખ માટે ઉપાસના. પ્રેમ ભરી ભાવના ભળે તો પરમ તત્વની અનુભૂતિ થાય. શ્રધ્ધા, શરણાગતિ અને ઉપાસનાનો ત્રિવેણી સંગમ થાય તો પરમતત્વને ભક્તનો બોજ લઇને ફરવું પડે.

**ઉમાબ્હેન :-**

ઉપાસના એટલે મા આપણી સામે જ છે તેમ સમજી બેસવું. તેની સેવા કરવી. ત્યારેજ અજ્ઞાનરૂપી જીવને શિવરૂપી ગુરૂદેવ જ્ઞાન આપવા તૈયાર થાય. ભક્તિમાં વિઘ્ન આવે. જીવ મા તરફ વળે ત્યારે કામ, ક્રોધ, મોહ જેવા વિઘ્નો આવે જ. મોહિત થયેલા જીવને ગુરૂદેવ ઉપાસના દ્વારા, માનવતા વ્રત દ્વારા મા ગાયત્રીની મંઝિલ તરફ વાળે છે. મોહ રૂપી મામા, ક્રોધ રૂપી કાકા, સંસાર રૂપી સસરા, માતા રૂપી મમતા અને શરીર રૂપી સંબંધીઓ તમને ઇશ્વર તરફ જતા રોકે છે. જ્ઞાનરૂપી ગુરૂદેવ આપણને મા તરફ જવાનો રસ્તો બતાવે છે.

**જયંતિભાઇ :-**

શ્રુતિનામ શ્રીમતામ્ ગેહે યોગભ્રષ્ટોભિજાયતે ।

ઉપાસના એટલે દેવનું તત્વ આપણામા આવે. ગુરૂદેવ એન્જીન છે જે શિષ્યોના ડબ્બા ખેંચી જાય. કીડો ભ્રમરના રૂપમાં બની જાય.



Scanned by CamScanner

આપણે ભમરારૂપ બનીશું. ગુરૂદેવ યોગભ્રષ્ટ પુરૂષ છે. જેના વડે આપણે ઉપાસનામાં આગળ વધીએ.

## પૂજ્ય ગુરૂદેવ :-

"કમળને કયાં કદી કહેવું પડે
કે ભ્રમર મને આપો"

કોઇપણ સ્થળે પરમકૃપાળુનું સાનિધ્ય કેળવીએ, તે ઉપાસના-કમળ, ભ્રમરને કહેતું નથી કે, તુ મારી પાસે આવ. કમળ એટલે પરમતત્વ. છતાંય ભ્રમરો કમળમાં બીડાઇ જાય, એમના મય થઇ જાય અને લીન થઇ જાય એજ સાચી ઉપાસના.

આપણે સૌ ઉપાસનાને સમજીએ, વિચારીએ, જીવનમાં ઉતારીએ અને પૂજ્ય ગુરૂદેવ ત્થા માતાજીની નજીકમાં બેસવાના અધિકારી બનીએ.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# - 'ઉપાસના' - પ્રશ્નોત્તરી -

**( તા. ૨૪-૩-૯૬ ના રોજ શ્રધ્ધા કુટીરમાં "ઉપાસના" વિષય પર થયેલ પ્રશ્નોત્તરીના પૂ. ગુરૂદેવે પોતાના મંતવ્ય અને શાસ્ત્ર આધારીત આપેલા જવાબો )**

**પ્રશ્ન ૧ : જે સતત સત્કાર્યો કરે છે એને ઉપાસનાની જરૂર ખરી?**

જવાબ : જીવનમાં સત્કાર્યો કરવાં જરૂરી છે, પણ એ ઉપાસનાનો પર્યાય નથી. ઉપાસના તો પરમતત્વની કરવાની છે એટલે બન્ને કરવાં જોઇએ.

**પ્રશ્ન ૨ : પૂર્વજન્મના પ્રારબ્ધથી આ જન્મે સુખ-શાંતિ મળ્યાં હોય તો આ જન્મે ઉપાસના ભૂલાઇ ન જાય માટે શું કરવું ?**

જવાબ : સર્તકતા-ષડ્રીપુઓ તમારા જીવનમાં દાખલ ન થાય તેની સતત્ કાળજી સુખ અને સમૃધ્ધિમાં ઇશ્વર ન ભુલાય તે માટે સત્કાર્યો અને ઉપાસના ચાલુ જ રાખો.

**પ્રશ્ન ૩ : આરાધના એટલે શું ?**

જવાબ : સાધના-ઉપાસના-આરાધના વગેરે શબ્દભેદ છે. આ બધાયનો અર્થ છે પરમતત્વની પૂજા-પ્રાર્થના-મંત્રજાપ વગેરે. સાચું એ છે કે, દરેક ક્ષણ આપણા જીવનની છેલ્લી ક્ષણ હોઇ શકે માટે આ શબ્દભેદમાં પડયા વગર હરિસ્મરણ કરી લ્યો.

**પ્રશ્ન ૪ : ઉપાસનામાં મંત્રજાપ ને વિશેષ મહત્વ કેમ આપો છો ?**

જવાબ : ઉપાસના અટલે પ્રભુ સમીપ બેસવું અને મંત્રજાપ એ ઉપાસનાનું પ્રથમ ચરણ છે.

**પ્રશ્ન ૫ : ઉપાસના દરમ્યાન આંખો બંધ રાખવી કે ખુલ્લી રાખવી ?**

જવાબ : બન્ને રીતે ઉપાસના કરી શકાય. આંખો ખુલ્લી રાખો તોય વાંધો નથી પણ દષ્ટિ બીજે જતાં મનમાં વિચાર શરૂ થાય



Scanned by CamScanner

અને ધ્યાનભંગ થવાય એટલે બંધ સારી. તાદાત્મ્યતા આવી જાય પછી આંખો બંધ કે ખુલ્લીનો પ્રશ્ન રહેતો નથી. પરમતત્વને અનુભવ કરાવવો હશે તો આંખો આપોઆપ બંધ થઈ જશે.

**પ્રશ્ન ૬ : ઉપાસનાનો શ્રેષ્ઠ સમય કયો ? ચાલુ ઓફિસમાં કે મુસાફરીમાં ઉપાસના થઈ શકે ?**

**જવાબ :** આપ પરમતત્વ સાથે ઓતપ્રોત થઈ જાવ તો ઉપાસના આખો દિવસ ચાલ્યા જ કરે. અને સમયબંધન નથી હોતાં છતાંય શાંતિમય ઉપાસના માટે બ્રાહ્મમૂહુર્ત ઉત્તમ.

**પ્રશ્ન ૭ : ઉપાસના કે પ્રાર્થના જવાબરહિત રહે તો શું કરવું ?**

**જવાબ :** કોઈપણ પ્રાર્થના જવાબરહિત રહેતી નથી. જીવનના દરેક પ્રશ્નો માટે રોજ મનને સંપૂર્ણ ખાલી કરી અડધો કલાક બેસવાનો પ્રયત્ન કરો, પરમતત્વ સઘળી પ્રાર્થના કે મૂશ્કેલીઓના જવાબ આપી દેશે.

**પ્રશ્ન ૮ : ઉપાસનાની આપની પધ્ધતિ જણાવશો ?**

**જવાબ :** હાસ્ય...... હું બાળપણથી માત્ર મંત્રજાપ કરું છું. સાધના-આરાધના કોઈ ઝંઝટમાં પડયો નથી માત્ર મંત્રજાપ અને માની રહેમ નજર..

આજની પ્રશ્નોત્તરીમાં પૂજ્ય ગુરૂદેવના ઉપાસના અંગેના સ્પષ્ટ વિચારો માત્ર જ નહીં પણ એમના જીવનમાં એના કડક અમલની પણ પ્રતીતિ થઈ. આપણા પણ તેઓ આવો જ દ્દઢ સંકલ્પ અને મનોબળ ઈચ્છે છે. આપણે સૌ એમના આશીર્વાદથી ઉપાસનાને જીવનક્રમ બનાવી શકીએ એજ પ્રાર્થના....

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# " સંપત્તિ "

**(તા. ૧૭-૮-૯૫ ની જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)**

**હેંમતભાઈ :-**

સંપત્તિ અટલે શક્તિ-શક્તિના નવ પ્રકાર- શારીરિક, બૌધિક, આધ્યાત્મિક, જ્ઞાન, સદ્ગુણ, દુર્ગુણ, લક્ષ્મી, ભક્તિ, અને કર્મની શક્તિ, સંપત્તિ વગર સમાજનું મુલ્ય નથી. સંપત્તિ, વિવેક અને મર્યાદામાં રહે તો જ જ્ઞાન સાથે કર્મ, તેજ સાથે મધુરતા, પુરૂષાર્થ સાથે સંતોષ, કમાણી સાથે ત્યાગ અને ક્રાંતિ સાથે શાંતિ પ્રાપ્ત કરી શકાય.

**નાનો બાળ કૌશલ :-**

સંપત્તિના બે પ્રકાર ભૌતિક અને આધ્યાત્મિક - ભૌતિક સંપત્તિ પુરૂષાર્થથી, નસીબથી, જન્મના સત્કાર્યોથી મળે અને તે સુખ અને દુ:ખ બન્ને આપે. આધ્યાત્મિક સંપત્તિ, જપ, તપ, તપસ્યા, અને ઈશ્વરમાં શ્રધ્ધા રાખવાથી મળે. કેટલાક દૈવી સંપત્તિ પ્રાપ્ત કરીને બીજાને સતાવતા જેમકે રાવણ, ઈન્દ્રજીત, કંસ.... આધ્યાત્મિક સંપત્તિ જન્મોજન્મ સાથે રહે છે. જ્યારે ભૌતિક સંપત્તિ મરણ સાથેજ સાથ છોડી દે છે.

**પ્રતીક્ષાબ્હેન :-**

સંપત્તિ અટલે આપણી માલિકીનું હોવું તે.કર્મોને આધારે ભૌતિક સંપત્તિ મળે, સાથે માનસિક સંપત્તિ એટલે સંતોષ પણ જરૂરી છે. ભૌતિક સંપત્તિની લાલસા આપણને લોભી અને અસંતોષી બનાવે છે. જીવનમાં સ્થિર મૂડી અને કાર્યશીલ મૂડી. ધંધાની શરૂઆત સ્થિર મૂડીથી અને વિકાસ કાર્યશીલ મૂડીથી. સ્થિર મૂડી એટલે આપણો દેહ અને કાર્યશીલ મૂડી એટલે દૈવી સંપત્તિ. આપણી Balance Sheet બનાવવાનું પરમતત્વના હાથમાં જ છે.



Scanned by CamScanner

**કુસુમબ્હેન ખંભાતા :-**

પૃથ્વી પર માનવ રૂપે જન્મ, તેજ મોટી સંપત્તિ.

બીજી સંપત્તિ તે આપણા સંચિત કર્મો-ગુપ્ત સંપત્તિ.

ત્રીજી સંપત્તિ તે કુદરતી સંપત્તિ-હવા, પાણી સૂર્યપ્રકાશ.

ચોથી સંપત્તિ તે ભૌતિક સંપત્તિ-પુરૂષાર્થ અને પ્રારબ્ધ દ્વારા.

પાંચમી સંપત્તિ તે આધ્યાત્મિક સંપત્તિ.

વાપરવા જેવી સંપત્તિ વાપરીએ, અને વધારવા જેવી વધારીએ અને બચાવવા જેવી બચાવીએ.

**હીરાભાઈ ઠક્કર :-**

દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ, કર્મ અનુસાર બન્ને સંપત્તિ મળે, ગીતામાં કહે છે, વિદ્યા ત્થા જ્ઞાન દૈવી સંપત્તિ વાળાનેજ આપજો. આસુરી શક્તિવાળા મનુષ્યો પ્રયત્ન કરે છે. પશ્ચિમમાં આધુનિકતાને નામે ધાર્મિક વાતાવરણ તથા મનની શાંતિ સિવાય બધુંજ છે. ભારતમાં આધુનિકતા નથી પણ ધાર્મિક સંસ્કૃતિ, અને શાંતિ છે આજના યુગના માનવીને આઠ રૂપિયાના તાળામાં વિશ્વાસ છે. પણ જેણે જન્મ આપ્યો તેનામાં વિશ્વાસ નથી.

**હસમુખભાઈ પુરોહિત :-**

મનુષ્યમાં રિધ્ધિ-સિધ્ધિ આત્મતત્વના વરદાનના રૂપમાં મળે છે. ભૌતિક જગતમાં સાધન સગવડ ભરપૂર છે તો આત્મિક ક્ષેત્રમાં તૃપ્તિ, તુષ્ટિ અને શાંતિરૂપી સંપત્તિ રહેલ છે. જેને સ્વર્ગીય સંપત્તિ મેળવવામાં રૂચિ છે તે નશીબદાર, મનુષ્યને બાહ્યજગતમાં ભૌતિક લાભો મળ્યા છે તો અંતઃજગતમાં ચેતનશક્તિ પ્રવાહના રૂપમાં આત્મિક સંપત્તિ મળી છે. મનુષ્ય શરીર બળ, બુધ્ધિ, ધન, વૈભવ, યશ, ઐશ્ચર્ય, પદ, પ્રતિષ્ઠાના ક્ષેત્રમાં ભલે હિમાલયની જેમ ઉંચો અને સાગરની જેમ ઉંડો કેમ ન હોય, પરંતુ આત્મસંપત્તિના અભાવમાં તે નીચ કોટીનું જીવન



Scanned by CamScanner

જીવશે. સુખ હશે શાંતિ નહિં હોય, સાધન હશે સંતોષ નહીં હોય. મહર્ષિ યાજ્ઞવલ્ક્યની બે પત્નિની વાત કરી ભૌતિક અને આધ્યાત્મિક સંપત્તિ સમજાવી.

**ઉમાબ્હેન :-**

સંપત્તિમાં બે વસ્તુ. દૈવી સંપત્તિ એટલે જીવ, આસુરી સંપત્તિ એટલે શરીર, કારણ શરીરમાં ક્રોધ, મોહ, માયા, અને મારું તારું છે. આ શરીરનો ત્યાગ થશે તો પણ જીવને કાંઈ થવાનું નથી. ગુરૂદેવ કહે છે કે તું અકર્મને, કર્મમાં જોઈ સમજી, તેનો ત્યાગ કરી મારા શરણે થા. હું તને મા સુધી પહોંચાડીશ.

**મનિષભાઈ :-**

સં એટલે સંતોષ આપનાર - પતિ એટલે પરમેશ્વર, અતિ એટલે જરૂરત કરતાં વધારે. સ ને માથે મીંડું એટલે બ્રહ્માંડ અથવા વર્તુળાકાર લક્ષ્મણરેખા. મળેલી સંપત્તિમાંથી નિસ્વાર્થ ભાવે સેવા કરવાથી અલૌકિક આનંદ પામી, પરમતત્વ પણ રાજી થઈ બ્રહ્માંડ એટલે સ્વર્ગમાં લઈ જાય છે. અને લક્ષ્મણરેખા ઓળંગીએ તો અધ:પતન થાય છે. આપણું જીવન ખુદ સંપત્તિ છે. જે પ્રારબ્ધ અને પુરૂષાર્થના સમન્વયથી પ્રાપ્ત થાય છે. ભૌતિક સંપત્તિ, મુલ્ય અંકિત, અલ્પજીવી અને નિશ્ચિત અંત વાળી છે. જ્યારે આધ્યાત્મિક સંપત્તિ અમુલ્ય, ચિરંજીવ આનંદ, સંતોષ અને શાંતિ આપનાર છે. શરીરથી આત્મા જુદો પડતાં ભૌતિક સંપત્તિ સૃષ્ટિ પરજ રહે છે. જ્યારે આધ્યાત્મિક સંપત્તિ આત્મા સાથે પરમતત્વમાં લીન થઈ પુન:જન્મમાં સાથે લઈને જન્મે છે. ભૌતિક સંપત્તિ આજે તમારી છે, ગઈકાલે બીજાની હતી અને આવતી કાલે ત્રીજાની થવાની છે જેમાં લાબું સુખ નથી, તે પારકી છે, આપણે માત્ર વહિવટકર્તા છીએ. પ્રમાણિકતા અને નીતિથી પ્રાપ્ત થયેલ સંપત્તિમાં 'મા'નો વાસ રહે છે.



Scanned by CamScanner

**જસવંતભાઈ :-**

સંપત્તિના ત્રણ પ્રકાર - શારીરિક, દૈવી અને આસુરી. શારીરિકમાં શરીરના તમામ અંગો - દૈવી સંપત્તિમાં અભય, સાત્વિકતા, અહિંસા, દાન દમન, તપ, સરળતા અને યજ્ઞ-યજ્ઞમાં કર્મયજ્ઞ, દ્રવ્યયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, હોમાત્મક જપયજ્ઞ, જપાત્મકયજ્ઞ, દીપયજ્ઞ, સત્સંગ અને સ્વાધ્યાય, સત્ય અને ત્યાગ - દૈવી સંપત્તિના ગુણોમાં શાંતિ, દયા, તેજસ્વિતા, ક્ષમા, પવિત્રતા વગેરે. ઉપાસક, ઈષ્ટની ઉપાસના સાથે દૈવીગુણોનું ઐક્ય સાધે તો અનુક્રમે ઋષિ, રાજર્ષિ, દેવર્ષિ, બ્રહ્મર્ષિ પદને પ્રાપ્ત કરે.

**ભરતભાઇ :-**

કવિતા દ્વારા સંપત્તિ સમજાવી-કેટલીક પંકિતઓ..

દૈવી સંપત્તિના દર્શન, ભગવદ્‌ગીતા તણા,
ભૌતિક સુખાકારી ના સુખની ચાવી.
ખજાનો અંદર પડયો છે બહાર ઝાંખશો નહિં,
સુક્ષ્મ શક્તિ તણા બળે સ્થૂળશક્તિ સંચાલિત થતી.
અગોચરના ઉંડાણમાં વેદમાત તણી સંપત્તિ ઘણી,
ડૂબકી લગાવીએ તો મળે, આશિષનું અમૃત ઘણું.

**મુંજાલભાઇ :-**

લખાણ આપ્યું નથી, છંતાય જે યાદ છે તે મુજબ-

જહાં સુમતિ તહાં સંપત્તિ નાના.
જહાં કુમતિ તહાં વિદાના.

સંપત્તિ-વિત્તની, વિત્તદાન-વિદ્વાન-વિદ્યા સહુથી પ્રધાન છે. શ્રુતિ-સ્મૃતિ-મસ્તક-પુસ્તક જે મસ્તકમાં રહેતું તે હવે પુસ્તકમાં રહે છે. અને ગુરૂકૃપા એતો ઇશ્વરની સહી વાળી કોરી ચેક બુક છે.

**સુકુમાર :-**

સંપત્તિનું લીસ્ટ બનાવો તો અંત નહી આવે. દુનિયાની દરેક ચીજને સંપત્તિ ગણી શકાય. મનુષ્ય આશા રાખે કે સંપત્તિ વધતી જ



Scanned by CamScanner

જાય. બાળકની સંપત્તિ-તૂટેલા રમકડાં, યુવાનની સંપત્તિ મિત્રો, પછી ધંધો અથવા નોકરી, સાચી-સંપત્તિ પ્રભુ સ્મરણ જ છે. સંપત્તિ બહુલક્ષી ચીજ છે. જયાં સુધી "મારૂં" ન આવે ત્યાં સુધી સંપત્તિ નથી. જેવી માન્યતા તેવી સંપત્તિ. પૈસામાં આનંદ તો પૈસો સંપત્તિ, અને ભક્તિમાં આનંદ તો ભક્તિ સંપત્તિ, કુટીરના સહવાસમાં સંપત્તિનું સ્વરૂપ બદલીએ.

**દાદા :-**

સંપત્તિમાં 'સ્વ' જોઇએ. આધ્યાત્મિક 'સ્વ' થી જ આનંદ આવે. જીવન જીવવાની સૂઝ અને બીજા સાથે પ્રેમ. એક 'મા' બાર રૂમના બંગલામાં સમાતી નથી પણ એજ મા એક નાનકડા રૂમમાં ચાર બાળકને સમાવે છે. જ્યાં સંપ ત્યાં લક્ષ્મી-એ વાર્તા દ્વારા સમજાવ્યું.

**બ્હેનજી :-**

જે સંપત્તિ શાશ્વત આનંદ આપે તે જ સાચી સંપત્તિ.

અને છેલ્લે જેમના લખાણ નથી કમલેશભાઇ, મુંજાલ, દાદા અને બ્હેનજી સિવાય બાકીના વક્તાઓએ કુલ -૭૭૨- લીટીમાં ભાવ વ્યક્ત કર્યા

પૂજ્ય ગુરૂદેવે માત્ર ચાર અડધી લીટીમાં તેનું સંકલન કર્યું. એમના હસ્તાક્ષર પણ આપણી સંપત્તિ જ છે.

તેઓએ કહ્યું.

છે, ઉત્તમ દૈવી સંપત્તિ.
છે, મધ્યમ શારીરીક સંપત્તિ.
છે, અધમ સંસાર સંપત્તિ.
છે, અધમા અધમ ભૌતિક સંપત્તિ.



Scanned by CamScanner

# - 'સંપત્તિ' - પ્રશ્નોત્તરી -

**( તા. ૧૭-૮-૯૬ ના રોજ શ્રધ્ધા કુટીરમાં "સંપત્તિ" વિષય પર થયેલ પ્રશ્નોત્તરીના પૂ. ગુરૂદેવે પોતાના મંતવ્ય અને શાસ્ત્ર આધારીત આપેલા જવાબો )**

**પ્રશ્ન ૧ : Money has no value to the possessor but it has value to others આપની ડાયરીના આ quotation ને સમજાવશો.**

જવાબ : જેની પાસે જે વસ્તુ છે તેની તેને કદર નથી. આ વસ્તુની કદર માત્ર તે જ કરી શકે, જે એને મેળવવા ઝંખતો હોય. ઉપરોક્ત કથન સુખ અને દરેક પ્રકારની ભૌતિક સંપત્તિને, લાગુ પડે છે.

**પ્રશ્ન ૨ : ઉપરોક્ત કથનને આધ્યાત્મિક સંપત્તિ માટે પણ સત્ય માની શકાય ?**

જવાબ : આધ્યાત્મિક સંપત્તિ જેમ વધે તેમ સંતોષ નહી, પણ વધુ મેળવવાની ધગશ જાગે. વધારે આધ્યાત્મિક સંપત્તિ વાળો આંડબર ન કરે બલ્કે તેને પચાવે. આ સંપત્તિ ની કલ્પના મનુષ્યના બાહ્ય દેખાવ પરથી ન આવી શકે.

**પ્રશ્ન ૩ : ગાયત્રી મંત્ર જપનારનાં ભૌતિક કામો માટે યોગ્ય સંપત્તિની વ્યવસ્થા થઇ જતી હોય છે એવો અનુભવ છે તો મા ગાયત્રીને સંપત્તિ સાથે શું સંબંધ ?**

જવાબ : પરમતત્વની કૃપાનો સંબંધ-મા પ્રેમથી અને પોતાની કૃપા દ્દષ્ટિથી ભક્તના કામો આસાન કરે.

**પ્રશ્ન ૪ : જેમ ભૌતિક સંપત્તિ બીજા માટે વાપરવી જોઇએ એમ આધ્યાત્મિક સંપત્તિ બીજા માટે કઇ રીતે વપરાય ?**

જવાબ : બીજાઓને આધ્યાત્મિકતાના માર્ગે દોરીને, પ્રેરણા આપીને સમજાવીને ચલાવવાનો પ્રયત્ન કરો.

**પ્રશ્ન ૫ : દૈવી સંપત્તિ કેળવવાનો સરળ રસ્તો બતાવશો ?**

જવાબ : સરળ રસ્તો "માનવતા વ્રત" એનાથી સરળ રસ્તો બીજો કોઇ નહીં.



Scanned by CamScanner

**પ્રશ્ન ૬ : ભ્રષ્ટાચારી, બેઇમાન વ્યક્તિઓ પર લક્ષ્મીજી ની રહેમ નજર શાથી રહેતી હશે ?**

જવાબ : એ રહેમ નજર નથી. પ્રારબ્ધ બળથી એ લક્ષ્મી મળે પણ પ્રારબ્ધ પુરું થતાં એ વ્યક્તિની દુર્દશા જોવા જેવી હોય છે માટે એવી લક્ષ્મીનો વિચાર જ ન કરવો.

**પ્રશ્ન ૭ : આધ્યાત્મિક સંપત્તિ, પરમતત્વના જે રૂપ અને જે ગુરૂથી પ્રાપ્ત થાય તે જ રૂપ અને તે જ ગુરૂ બીજા જન્મે મળે ?**

જવાબ : આ તો પરમતત્ત્વ જ નક્કી કરે કે, પરમતત્વનું કયું રૂપ અને કયા ગુરૂ આપવા.

**પ્રશ્ન ૮ : આપ આપના કાર્યયજ્ઞમાં ભૌતિક સંપત્તિને મહત્વ કેમ નથી આપતા ?**

જવાબ : એક તો માણસની ઇચ્છાઓનો અંત નથી. મનુષ્ય એટલો સ્વાર્થી છે કે, સંતોનો દુરૂપયોગ કરે છે. વળી સમાજ જીવન કે આરોગ્ય સાથે જેને સંબંધ છે તેને માટે મદદ કરું છું. દા.ત. નોકરીના ઇન્ટરવ્યુ માટે જતાં હો તો મદદ કરૂં. આધ્યાત્મિકતા અને સમાજજીવનને જૂદાં નથી પડાતાં એટલે મર્યાદામાં રહીને માતાજીના આદેશ મુજબ કાર્ય કરૂં.

**પ્રશ્ન ૯ : ભૌતિક સંપત્તિ માટે ધનતેરસ, લાભપાંચમ કે પુષ્ય નક્ષત્ર જેવા દિવસોને ઉત્તમ ગણાય તો આધ્યાત્મિક સંપત્તિ માટે સારો દિવસ કયો ?**

જવાબ : આ બધા મનના કારણ છે. હું આમાં માનતો નથી અને આધ્યાત્મિક સંપત્તિ માટે બધાય દિવસ સારા. શુભ વિચાર એજ મુહુર્ત.

**પ્રશ્ન ૧૦: શારીરિક સંપત્તિ એ કર્મોને આધિન છે ?**

જવાબ : હા, કર્મમાં દુ:ખ ભોગવવાનું હોય તો કષ્ટ આવે, રોગ થાય વગેરે, પણ પુરૂષાર્થ કરીને જીવનમાં આદતો બદલો અને પરમતત્વની કૃપા થાય તો ફેરફાર થઇ શકે.



Scanned by CamScanner

**પ્રશ્ન ૧૧: પ્રાપ્ત થયેલ આધ્યાત્મિક સંપત્તિવાળા આત્માઓનું મિલન, જન્મોજન્મ સત્સંગીના ઢાંચામાં સદ્‌ગુરૂના છત્ર નીચે મળે છે કે કૌટુંબિક ઢાંચામાં થાય છે (દા.ત. માત-પિતા, પત્ની, બાળકો વગેરે)**

**જવાબ :** સદ્‌ગુરૂ આધ્યાત્મિક સંપત્તિના આધારે મળે જ્યારે કુટુંબીજનો કર્મ આધારે મળે. કર્મ પ્રમાણે જેટલા હિસાબો આપવાના હોય તે પ્રમાણે પત્ની, બાળકો વગેરે મળે.

**પ્રશ્ન ૧૨: પરમતત્વ તેના અંશનું પ્રાગટય આધ્યાત્મિક સંપત્તિની કઇ કક્ષાએ આપે ?**

**જવાબ :** એ તો પરમતત્વની મરજી. એમાં કોઇ કક્ષાના નિશ્ચિત માપદંડ નથી.

**પ્રશ્ન ૧૩: જન્મે જન્મે ટીપાઇ, ટીપાઇને એકઠી થયેલી આધ્યાત્મિક સંપત્તિથી વૈરાગ તરફ પ્રયાણ કરી ચૂકેલ આત્માને ફરીથી નાશવંત, અલ્પજીવી મોહમાયાના આવરણમાંથી પસાર થવાનું શું કારણ ?**

**જવાબ :** વૈરાગમાંથી સંસારમાં પાછા ફરવાનું કારણ અધ:પતન યાને કે ષડ્‌રિપૂઓનો પ્રવેશ. ઘણાના જીવનમાં આવું બને છે.

આજની પ્રશ્નોત્તરીમાં પૂજ્ય ગુરૂદેવે સાંસારીક જવાબદારી માટે યોગ્ય ભૌતિક સંપત્તિના પ્રયત્નોની સાથે આધ્યાત્મિક સંપત્તિ માટે પ્રબળ પુરૂષાર્થ અને ષડરિપૂ પ્રવેશ પર નિયંત્રણ રાખવાની દિશાસૂઝ આપી.

સંસારની મોહમાયામાં રહીને પણ, દૈવીસંપત્તિ માટે આપણી મનોવૃતિ કેળવાય, અને આ સંપત્તિ પ્રાપ્ત કરવામાં પૂજ્ય ગુરૂદેવનું સતત માર્ગદર્શન, કૃપા અને અમીદષ્ટિથી માં ગાયત્રીના આશીષ પ્રાપ્ત થાય એવી આપણી સૌની અભ્યર્થના.

પૂજ્ય ગુરૂદેવના ચરણોમાં સ્થાન મળે એજ આપણી "સંપત્તિ"- **ૐ મા ૐ**



Scanned by CamScanner

# "દાન"

**(તા. ૩૧-૮ ની શ્રધ્ધા કુટીરમાંની જ્ઞાનગોષ્ઠિ ના સંકલિત અંશો)**

**નાનો બાળ કૌશલ :-**

દાનનો અર્થ થાય કે, આપણે પ્રાપ્ત કરેલ દૈવીશક્તિથી નમ્રતાપૂર્વક બીજાની આપત્તિ દૂર કરવી. દાન અનેક પ્રકારના-જેમકે શ્રમદાન, ધનદાન, જ્ઞાનદાન, આધ્યાત્મિકદાન. આધ્યાત્મિક દાન સર્વશ્રેષ્ઠ દાન છે, જેમકે ગુરૂદેવે પરમશક્તિ મંત્ર "ૐ મા ૐ" આપી આપણને સાચો રાહ બતાવ્યો છે.

**તરૂણ યુવાન સાજેય ઉપાધ્યાય :-**

દાન એટલે આપનારને અભિમાન ન આવે અને લેનારને સંકોચ ન થાય,દાનમાં બે મહત્વના પાસાં-એક તમારી પાસે વધારે છે અને આપો છો અને બીજું તમારામાંથી આપો છે, વધારે છે અને આપો છો એવાં ધનદાન, અન્નદાન, વસ્ત્રદાન, જળદાન વિગેરે. તમારામાંથી આપો છો તેવાં રક્તદાન, અંગદાન, શ્રમદાન, સમયદાન. વિદ્યાદાન બન્નેમાંથી મુક્ત છે કારણ નકકી ન થાય કે વધારે છે કે નહિં? વધારે હોય અને એમાંથી આપે તો સમાજ રાજી થાય, અને પોતાનામાંથી આપે તો પરમાત્મા રાજી થાય.

**મનિષભાઇ :-**

ઇશ્વરની આપેલી સંપત્તિમાંથી દાન કરી શકાય. તનથી દાન એટલે નિસ્વાર્થ ભાવે અંગદાન, મનનું દાન એટલે વ્યક્તિના દુઃખ દૂર કરવાં સહાય કરવી, સાંત્વન આપવું અને ધનનું દાન એટલે ઇશ્વરે આપેલી સંપત્તિનો વહીવટકર્તા બની બીજાને સહાયરૂપ થવું. જમણો હાથ આપે અને ડાબા હાથને ખબર ન પડે તે સાચું દાન-દાન એટલે ઇશ્વરની ઇચ્છાની પરિપૂર્તિ. પૂર્વ જન્મના સંચિત કર્મોને આધારે સંપત્તિ મળે એટલે પ્રભુનું, પ્રભુને આપીને અલૌકિક આનંદ પ્રાપ્ત કરવો.



Scanned by CamScanner

**ભરતભાઇ:-**

કવિતાના માધ્યમ દ્વારા. કેટલીક પંક્તિઓ.
ગુરૂકૃપા હી કેવલમ્, દાન મહિમા પ્રગટાવે,
જીવનદાનથી મોટું દાન, જગતમાં ન અન્ય મળે.
જઠરની આગ જ્વાળા, ધાન્ય ધારા જ બુઝાવે,
લોભ, શત્રુ માનવ તણો, દાન જ તેને હરાવે.
ના શાળા કે મહાશાળા ગયાં, જ્ઞાનદાન નરસિંહ-મીંરા તણા,
દાન, દૈવી સંપત્તિ તણું, ઇશ્વરે આપ્યું ઘણું.
જ્ઞાનચક્ષુ ખુલે જ્યારે, રાજયોગી ની કૃપા થાય ત્યારે,
કલયુગમાં એ સંત દાનેશ્વરી, સિધ્ધિનો ખજાનો લૂંટાવે.....

**જસવંતભાઈ :-**

દાન એટલે ... દ એટલે આપવું. ઉભી લીટી-"કાનો" પરમતત્વ અને ન એટલે જેની પાસે નથી તેને... દાન અહમ્ રહિત કરવું... યશ, માન, કીર્તિ, પ્રતિષ્ઠા વગેરે ઈશ્વરને અર્પણ કરવી. દાનના અનેક પ્રકાર... પણ પરોપકાર એ પણ દાન છે.

પરોપકારાય ફલન્તિ વૃક્ષાઃ, પરોપકારાય વહન્તિ નદીઃ,
પરોપકારાય વિભાતિ સૂર્યઃ, પરોપકારાય સતાં વિભૂતયઃ...

વૃક્ષ, નદી, સૂર્ય અને સંત. પરોપકારના પ્રતિક છે. - શારીરિકદાન, મનની શક્તિનું દાન, સમયનું દાન વગેરે વર્ણવતાં, ગુરૂપંક્તિ ટાંકીને કહ્યું... મનુષ્યો, જે વ્રત, તપ અને દાન કરતાં

બીજે જન્મે વિષ્ણુ પત્નીને પ્રાપ્ત કરતાં...
પ્રભુને વિસારી, સુખભોગો કરી પડે ચકાવામાં...
જન્મ-મરણ એ ફરી ફરી...

**અરવિંદભાઈ:-**

દીનદુઃખીઓને કરૂણાવશ થઈને આપવું એ દયા. અને શ્રેષ્ઠ પુરૂષોની સેવામાં અહોભાવપૂર્વક અર્પણ કરવું તે દાન... અહીં કરેલું



Scanned by CamScanner

દાન, દેશ કાળ અને પાત્ર અનુસાર સો ગણું, હજાર ગણું કે અનંત ગણું ફળ આપે શિવજી કહે છે કે, દાનથી ધન શુધ્ધ થાય, ધનથી અન્ન શુધ્ધ થાય, અન્નથી મન શુધ્ધ થાય અને શુધ્ધ મનથી બુધ્ધિ પવિત્ર થાય છે.

**હેમંતભાઈ :-**

ચાર લાડુની વાર્તા કરી કહ્યું કે સમાજમાં ચાર પ્રકારની વ્યક્તિઓ .... (૧) જેને કાંઈ આપવું જ નથી. (૨) જે આપે પણ હજાર કાલાવાલા અને અહમ્ સંતોષીને.... (૩) જે આપે પણ બદલામાં કાંઈક મળતું હોય તો... ચાહે તે ઈન્કમટેક્ષમાં ફાયદો હોય કે નામની તક્તિ હોય અને (૪) જે આપે કારણ એને પ્રભુમાં , ગુરૂદેવમાં અને મા ગાયત્રીમાં શ્રધ્ધા છે કે આપેલા કરતાં બમણું મળશે...

**હસમુખભાઈ પુરોહિત :-**

દાન એટલે અઢળકતાનો ગુણમંત્ર... માંગ્યા સિવાય, બીજાની જરૂરત વિચારીને, પ્રેમપૂર્વક, ઋણ અદા કરવાની ભાવનાથી અને ઉપકાર કર્યાના ભાવ સિવાય સાહજીક આપવું તે "સાત્વિક દાન". કોઈ સાધુ-સંન્યાસી ભેગું કરે નહિં અને દાન આપવાની ઈચ્છા રાખે નહિં. દાન, વિવેકથી સદ્પાત્રને કરવું, અતિદાન અપાય તે પણ સારૂં નથી. ધનનો એક ભાગ ધર્મ માટે, એક ભાગ મોજશોખ માટે, એક ભાગ કીર્તિ માટે અને એક ભાગ ભવિષ્યની બચત માટે રાખવો. બાર વર્ષે કાળ બદલાય છે. દાન આપ્યા પછી દીનતા આવે, હૃદય સરળ બને, અભિમાન મરે તો જ દાન સફળ છે. કર્તવ્ય બુધ્ધિથી સુપાત્રને કરેલું સાત્વિક દાન, કચવાતા મને આપેલું રાજસ્દાન અને આસુરી પ્રવૃતિવાળાને આપેલું તામસ્ દાન કહેવાય. બળવાન એટલે પહેલવાન નહી પણ પ્રેમબળ વધારે છે તે બળવાન. દ્રવ્યબળ, જ્ઞાનબળ, બુધ્ધિબળ અને શરીરબળની હાર થાય ત્યારે પ્રેમબળ જીતે છે.

એક પંક્તિ... ગુપ્તદાન જેવું ના કોઈ દાન, રાખીશ ના ધનનું અભિમાન



Scanned by CamScanner

લક્ષ્મીજી તે 'મા' કહેવાય, 'મા' ના માલિક ન થવાય ....

**ચંદ્રકાન્ત જાની :-**

તન, મન અને ધન જે કાંઈ વધારે હોય તેનું દાન કરવું. એક વ્યક્તિ મૃત્યુ પછી ઉપર ગયો. ચંદ્રગુપ્તએ કહ્યું - પુણ્ય નથી - તે કહે કે, ભગવાન તમે મને કશું આપ્યું જ ન્હોતું. ભૂખે મરતો હતો. ચંદ્રગુપ્ત કહે, અન્ન ન્હોતું, પણ તેં તો ગરીબને લાકડાનો ભારો પણ ન્હોતો ઉંચકાવ્યો. શ્રમનું દાન પણ નહીં કરેલું... તુલસીદાસ દાન કરતાં ત્યારે આંખો નીચી રાખતાં જેથી અહમ્ ન આવે.

**મુંજાલ :-**

લખાણ નથી તેમણે કહ્યું કે ત્યાગીને ભોગવવામાં જ આનંદ છે

મુખં પવિત્રં યદિ રામનામં
હસ્તં પવિત્રં યદિ પુણ્યદાનં
ચરણં પવિત્રં યદિ તીર્થયાત્રા
હ્રદયં પવિત્રં યદિ બ્રહ્મનિષ્ઠા...

જરૂર હોવા છતાં ત્યાગ કરો તે ઉત્તમ દાન-દાનની સાથે
હૃદયનો પ્રેમ અને આંખના આંસુ જોડાય તો દાનનું પુણ્ય વધે...

રહિમન વો મર ચૂકે, જો કહીં માંગન ખાય,
ઉસસે પહલે વો મરે... જિસકે મુખસે "ના"નીકલે...

**પરમ પૂજ્ય ગુરૂદેવ :-**

પરમતત્વ અર્પ્યો
માનવ દેહ દાનમાં
પાણી ને હવા બક્ષીસમાં
રે માનવ કર દાન, નિસ્વાર્થ તન, મન ધનથી
આલમમાં ને અવકાશમાં.



Scanned by CamScanner

# - 'દાન' - પ્રશ્નોતરી -

**( તા. ૩૧-૮-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલ જ્ઞાનગોષ્ઠિ આધારિત તા. ૧૩-૪-૯૬ નારોજ થયેલ પ્રશ્નોતરીના પૂ. ગુરૂદેવે પોતાના મંતવ્ય અને શાસ્ત્ર આધારિત આપેલા જવાબો )**

**પ્રશ્ન ૧ : આપણે કોઈ અંગદાન કે કીડનીદાન કરીએ અથવા મૃત્યુ પછી મેડીકલ સ્ટુડન્ટસને દેહદાન કરીએ એને કેવું દાન ગણાય ?**

જવાબ : આને શ્રેષ્ઠદાન કહેવાય. ચક્ષુદાન પણ સુંદર દાન છે. મૃત્યુ પછી કેટલોક સમય શરીરમાં ચેતન હોય છે. એટલે આ દાન ઘણું સારૂં છે. અમેરિકા જેવા દેશમાં તો મૃત્યુ પછી ક્યું દાન કરવું છે એના કાર્ડ પણ ખીસ્સામાં રખાય છે.

**પ્રશ્ન ૨ : સ્વજનના મૃત્યુ પછી કરાતા દાન-પુણ્ય નું ફળ સ્વજનને મળે છે?**

જવાબ : મારા મતે આ બધું એક વ્યવહાર અથવા રૂઢિ છે.મનુષ્યનો આત્મા બાર કલાકમાં બીજો જન્મ પ્રાપ્ત કરે છે.એટલે આનું પુણ્ય સ્વજનને મળતું નથી. પણ જે કરે છે તેને મળે છે. આ દાનનો હું કોઈ અર્થ જોતો નથી. માટે જીવતાં જેટલું થાય તેટલું સત્કાર્ય કરો. હા એના અંગનું દાન કરો તો એને પુણ્ય મળે.

**પ્રશ્ન 3 : જરૂર કરતાં વધારે સંપત્તિ, જરૂર જેટલી સંપત્તિ, જરૂરકરતાં ઓછી સંપત્તિ અને સંપત્તિ જ ના હોય તો કેવાં પ્રકારનાં દાન કરવાથી પરમતત્વે સોંપેલી જવાબદારી અદા કરી શકાય ?**

જવાબ : પહેલાં સંપત્તિ વધારે હોય તો ધનથી દાન કરો, ઓછી હોય તો તનથી દાન કરો અને ન હોય તો મનથી દાન કરો.

**પ્રશ્ન ૪ : કેટલાક સંપ્રદાયોમાં સંતોને તોલીને દાન કરાય છે. આ માટે શું માનો છો ?**



Scanned by CamScanner

જવાબ : તોલાયેલા દ્રવ્ય અથવા પદાર્થ સંતને અર્પણ થાય તો તે માત્ર કીર્તિ માટે છે, એનો ઉપયોગ સમાજ માટે થાય તો શ્રેષ્ઠ છે, અને જરૂરતમંદ અથવા નિ:સહાય માટે થાય તો તો સર્વશ્રેષ્ઠ છે.

**પ્રશ્ન ૫ : સંતોના મૃત્યુ પાછળ અથવા દીક્ષા વરઘોડામાં પૈસા ઉછાળાય છે તે દાન છે ?**

જવાબ : "ના" કારણ લેનારને જરૂર છે કે નહિં તે ખબર ન પડે.

**પ્રશ્ન ૬ : દાન લેનાર અને આપનાર એ બેમાં મહાન કોણ ? કારણ રાજાને પણ ક્યારેક દાન તે લેવું જ પડે છે ?**

જવાબ : મહત્તા તો દાન દેનારની જ છે.

**પ્રશ્ન ૭ : ક્યા પ્રકારનું દાન ઉત્તમ ?**

જવાબ : શરીરના અંગોનું દાન, રક્તદાન વગેરે ઉત્તમ. ત્યાર પછી ધનનું દાન.

**પ્રશ્ન ૮ : પપ્પાના પૈસાનું દાન કરીએ તો દાન ગણાય ?**

જવાબ : જેમાં આપણી પોતાની માલિકી હોય તેનું દાન કરવાથી આપણને ફળ મળે. અધિકાર અથવા માલિકી વગરની વસ્તુનું દાન કરવાથી ફળ તો માલિકને જ મળે.

**પ્રશ્ન ૯ : ભગવાન કપટ કરીને કર્ણ પાસે ગયાં અને કર્ણએ દાન આપ્યું તો કપટી માણસને દાન કરવું ?**

જવાબ : કર્ણે ભગવાનને ઓળખી લીધા હતા માટે દાન કર્યું. સામાન્ય જગતમાં દાન લેનાર કપટી છે. એમ જાણતા હો તો દાન ન કરવું.

**પ્રશ્ન ૧૦: દાન કેવી રીતે કરવું કે, જેથી ષડરીપુઓ ન આવે ?**

જવાબ : છૂપી રીતે અથવા ગુપ્તદાન કરો. મનને સજાગ રાખો અને દાનના નિર્ણયનો ત્વરીત અમલ કરો, વહીવટકર્તાનો ભાવ રાખો.

**પ્રશ્ન ૧૧: આપ શક્તિપ્રદાનની સારવાર કરો છો તે દાન છે ?**

જવાબ : એ તો માતાજીની શક્તિનું દાન છે. હું તો નિમિત્ત છું, મારૂં તો શરીર જ પારકી મિલક્ત છે.



Scanned by CamScanner

**પ્રશ્ન ૧૨: આધ્યાત્મિક દાન કે દૈવીદાન સમજાવશો ?**

જવાબ : યજ્ઞમાં આહુતિ આપો તે પણ એક દાન કહેવાય. ઇશ્વરે તમને જે આપ્યું છે, તે અહોભાવથી આપો છો. બાકી આધ્યાત્મિક દાન ઘણાં ઉંચા છે. પરમતત્વ પ્રત્યે અખૂટ પ્રેમ દર્શાવો એ પ્રેમદાન. અખંડ શ્રધ્ધા અને શરણાગતિ રાખો એ સ્નેહદાન કહેવાય.

**પ્રશ્ન ૧૩: આપને માતાજીએ જે કાંઈ આપ્યું છે એનો યથોચિત ઉપયોગ આપ અમારા માટે કરો છો તે તો દાન જ કહેવાય જ ને ? એનું ઋણ અમારે કેવી રીતે ચુકવવું ?**

જવાબ : આ વાતો સાંસારિક પરિપેક્ષમાં સત્ય છે બાકી મારૂં કાર્ય તો માતાજી જ કરે છે. હું તો માધ્યમ છું અને તમારે ઋણ ચુકવવું હોય તો માનવતા વ્રત અને નવ સિધ્ધાંતો નો અમલ કરો.

**પ્રશ્ન ૧૪: પુરૂષ કમાય તેમાંથી સ્ત્રી દાન કરે તો પુણ્યની અધિકારી બને ?**

જવાબ : એ સ્ત્રીની બચતમાંથી હોય તો મળે.

માતાજીના આદેશથી આખું જીવન જેમણે લોકોને આધિ, વ્યાધિ અને ઉપાધિઓ સામે શાંતિ, સુખ અને સંતોષનાં દાન કર્યા છે તેવા અહમ્‌રહિત પૂજ્ય ગુરૂદેવે આપણને સૌને સાંસારિક દાનોનાં સત્કાર્યથી એક પગલું આગળ વધી પરમતત્વને પ્રેમદાન અને સ્નેહદાન આપવાની પ્રેરણા આપી. માનવતા વ્રત અને નવસિધ્ધાંતો દ્વારા પરમતત્વના ઋણથી મુક્ત થવાના સોનેરી ઉપાય સાથે, પરમશક્તિ મંત્રના માધ્યમથી, માતાજીના વ્હાલસોયા સંતાન બનવાની શીખ આપી. જીવન જીવવાની એક અમૂલ્ય પ્રેરણા આપનાર પૂજ્યશ્રીના ચરણોની રજનું દાન આપણને મળે એવી અભ્યર્થના.

**ૐ મા ૐ**

# "અહિંસા"

**(શ્રધ્ધા કુટીરમાં તા. ૮ મી સપ્ટેમ્બરની જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)**

**પ્રતીક્ષાબ્હેન :-**

માનવપ્રકૃતિમાં હિંસા અને અહિંસા બંન્ને તત્વો સમાયેલાં છે. પૂર્ણ અહિંસાના પાલનનો આગ્રહ રાખવો એટલે સંયમ કે સદ્‌ગુણના વિકાસની દષ્ટિએ જીવનનિર્વાહનું સમર્થન કરવું. અહિંસાના બે રૂપ . એક નિષેધાત્મક અને બીજું ભાવાત્મક-હિંસા શબ્દ સંસ્કૃતના હિંસ્ ધાતુમાંથી બનેલો છે. હણવું, પ્રહાર કરવો, ઈજા પહોંચાડવી, ત્રાસ આપવો, કતલ કરવી વગેરે અર્થો હિંસ્ થી ઉચિત થાય છે. હિંસા એટલે પરમતત્વ સામેનો બળવો-હિંસા શારીરિક અને માનસિક બન્ને સ્તરે થાય. પ્રકૃતિનો નિયમ છે કે, એક જીવ બીજા જીવ પર નભે છે. મોહ અને સ્વાર્થથી પ્રેરાયેલો મનુષ્ય વિશ્વની કુદરતી સંવાદિતામાં અસંવાદિતા ઉભી કરે છે. ઈરાદાપુર્વક બીજાને પીડા કરી શકે છે. પૂજ્યગુરૂદેવનો આઠમો સિધ્ધાંત અને માનવતા વ્રત, મનુષ્યનું જીવન નિસ્વાર્થ સેવામાં ફેરવીને સુખ અને શાંતિ અર્પી શકે છે. આપણે એ પાળવાનો સંકલ્પ કરીએ.

**હેમંત ઉપાધ્યાય :-**

આત્મજાગૃતિ પૂર્વક, સર્વ પ્રકારે સુખ આપવાના ભાવથી વર્તવું એટલે અહિંસા-હિંસા પર વાતવાતમાં ઉતરી જતી વ્યક્તિ સજ્જન નથી, ત્યારે ગુણવાનને ક્ષમાની શક્તિમાં વિશ્વાસ હોય છે. નાના-મોટા એકએક વર્તનને અહિંસા અને અપરિગ્રહની કસોટી પર ચકાસીએ તો નાનામાંનાનું વર્તન અને વાણી અનેક આઘાત-પ્રત્યાઘાત જન્માવે છે. ફ્રાન્સના પાટનગરમાં કૂતરાના કરડવાની વાર્તા કહી, વાણીની હિંસા ત્થા આઘાત-પ્રત્યાઘાત બતાવ્યા. બીજી વ્યક્તિના વિચાર સાથે સંમત



Scanned by CamScanner

ન હોઈએ ત્યારે એનામાં દોષ જોવો એ વિચારહિંસા છે. હિન્દુ-મુસલમાન-ખ્રિસ્તી વગેરેના ઝગડા ત્થા યુધ્ધ-વિચારહિંસા પરિણામ છે. ગુરૂદેવના આશીર્વાદથી વાણી હિંસા, વિચારહિંસા અને વહેવારમાં અપરિગ્રહ કેળવીએ.

**કુસુમબ્હેન :-**

માનવતા વ્રત એ અહિંસાનો પર્યાય છે. કેટલાક મનુષ્ય જીવનમાં હિંસા સિવાય કશું કરતા નથી.માનવદેહને મન, બુધ્ધિ અને હૃદય તો પ્રભુદયાથી જ મળ્યાં છે. જ્યારે હિંસાતત્વ દર્શાવીએ છીએ ત્યારે તે મનની પ્રેરણાથી જ થાય છે. મનમાં જ કુભાવ કે હિંસા ઉત્પન્ન ન થાય તો હિંસા આવશેજ નહિં. મન એજ હિંસા કે અહિંસાની જન્મભૂમિ છે. જે રોપશો તે ઉગશે. આપણે પ્રેમ રોપી, અહિંસાના ફુલ મેળવીએ. અહિંસાનું પાલન કરનારની આસપાસ એક વર્તુળ અથવા તેજ ઉભું થાય છે. જેનાથી વેર અને કુભાવ અદશ્ય થાય છે. અહિંસાનું પાલન કરનારા પર પ્રભુનો વિશેષ પ્રેમ હોય છે. ત્યારે પ્રેમના પાયા પર અહિંસાની ઈમારત ચણીએ.

**ભરતભાઈ :-**

ઉત્તમ ઈશ્વરીય ધર્મ- તે અહિંસા- પ્રભુ કોઈનું સુખ કે દુ:ખ લેતા નથી, પક્ષપાત કરતા નથી - ગુણોથી પર ગુણાતીત અને આનંદ, ચૈતન્ય અને દિવ્યપ્રકાશ સ્વરૂપે સર્વવ્યાપી છે. અને આપણે પરમાત્માના અંશ તરીકે ખુદમાં ખોવાઈ જઈએ તો હિંસા ક્યાંથી ઉદ્દભવે ? ગાંધીજી ત્થા મહાભારતના દષ્ટાંત સાથે કહ્યું કે, સાત્વિક આહાર, સાત્વિકજળ, સાત્વિક પર્યાવરણ અને સાત્વિક સોબત માનવીને અહિંસક રાખે છે. "નમે ભક્ત: પ્રણશ્યતિ" ના આધારે પૂજ્ય ગુરૂદેવના મોરરૂપ જીવનમાં સુંદર પીંછા બનવા પ્રાર્થના કરી.

**જસવંતભાઈ :-**

મનુષ્ય પોતાનામાં રહેલા ષડ્રિપુઓને લીધે હિંસા કરવા પ્રેરાય છે. હિંસા એટલે કોઈને પણ મન, વચન,કર્મથી કે માનસિક રીતે ત્રાસ



Scanned by CamScanner

આપવો, અપમાન કરવું, લાગણીઓ દુભાવવી... અહિંસા માનવધર્મ શીખવે છે અને જ્યાં માનવતા ત્યાં પ્રભુની સુક્ષ્મ હાજરી. અહિંસાને જીવનમાં આત્મસાત્ કરવા પૂજ્ય ગુરૂદેવના નવ સિધ્ધાંતોને જીવનમાં ઉતારવા.એકએક સિધ્ધાંતને સમજવો, તેની વ્યાખ્યા કરવી અને આપણી ભારતીય સંસ્કૃતિ કે, જે અહિંસાને વરેલી છે તેને વળગી રહેવું.

**હસમુખભાઈ :-**

અહિંસાનો ખરો અર્થ એ કે, કોઈપણ જીવને મન-વચન-કર્મથી કોઈપણ રીતે દુ:ખ કે મુંઝવણ ન થાય તેવું વર્તન, આજે લોકોને અભક્ષ્ય ખોરાકની લત લાગી છે, કોઈ જીવના પ્રગતિશીલ જીવનને થંભાવી ન દેવું એ સાચી અહિંસા-ક્રોધને ક્ષમાથી, વિરોધને અનુરોધથી, ધૃણાને દયાથી અને દ્વેષને પ્રેમથી જીતવો એજ અહિંસા- પાંચ વર્ષના પ્રહલાદને તેના પિતાએ કેટલું દુ:ખ આપ્યું પણ પરમાત્મામાં દઢવિશ્વાસ અને સહિષ્ણુતાથી જ આધ્યાત્મિક માર્ગમાં આગળ વધાય- વિનાશ કરવો સહેલો છે, ગૌરવ તો રચનાત્મક કાર્ય કરવામાં છે. મનુષ્યનું ચિંતન અને પ્રયાસ રચનાત્મક કાર્યો માટે થવું જોઈએ. મનુષ્યનો જન્મ આ ધરતીને સુવ્યવસ્થિત અને સુંદર બનાવવા માટે થયો છે નહિં કે નુકશાન માટે... કોણે કેટલી મહેનત કરી તેનું મહત્વ નથી પણ કોનો શ્રમ સદ્પ્રવૃતિઓમાં વધારો કરવામાં વપરાયો તે મહત્વનું છે. લોકકલ્યાણમાં પરસેવો પાડે તેવું જીવન સફળ કહેવાય. આપણામાં રહેલી શક્તિનો સમષ્ટિના કલ્યાણ માટે ઉપયોગ કરવો.

**મુંજાલ દવે :-**

અહિંસા એ સંસ્કૃતિનું લક્ષણ છે, અહિંસા એટલે અન્યાય અને દુરાચારને સહન કરવું તે નથી. દરેક દેવતાના હાથમાં શસ્ત્ર છે સિવાય માતા સરસ્વતી- અરે! મા ગાયત્રીના હાથમાં પણ શસ્ત્ર છે એટલે કાંઈ દેવો હિંસક ન ગણાય. શસ્ત્રનો સીધો સંબંધ હિંસા અથવા યુધ્ધ સાથે છે. અર્જુનને લોહિયાળ સંગ્રામ પછીનું રાજ્ય નથી જોઈતું.

આતતાયીઓને હણવામાં પાપ નથી- સિંહ શિકાર કરે છે તે હિંસા નથી જ્યારે વાઘ સંતૃપ્ત થયા પછી પણ હત્યા કરે છે. 'હું' કરવું એ અહમ્ છે પણ ગર્જના કરવી એ સ્વભાવ છે. માટે દરેક કર્મને મૂલવવું- વિશ્વ કર્મપ્રધાન છે.

**જયા ઉપાધ્યાય :-**

અહિંસાની વ્યાખ્યા કરતાં જણાવ્યું કે.... અહિંસા એટલે સર્વજીવોનો પરમપ્રિય મિત્ર, જીવોનું રક્ષણ કરનાર માતા, સંસાર સાગર તરવાની સ્ટીમર, સદ્‌ગતિના દ્વારની ચાવી, ધર્મરાજાને રહેવાનું પવિત્ર મંદિર, સકલ ધર્મોનું નવનીત, મનુષ્યલોકનું અમૃત, સુખ-સૌભાગ્ય, આરોગ્ય-આયુષ્ય આપનાર પરમધર્મ નરમાંથી નારાયણ બનવાની જડીબુટ્ટી.

આપણે અહિંસા દેવીના ખોળામાં પૂજ્યગુરૂદેવની કૃપાથી રમતા રહીએ...

**પૂજ્ય બ્હેનજી :-**

અહિંસા એટલે કાયરતા એમ ન માનવું. સંજોગોને આધિન, વાણી-વર્તન કે વ્યવહારથી હિંસા કરવી પણ પડે તો એ ક્ષમ્ય છે. પરંતુ અહિંસા નો અર્થ એવો ન થાય કે, નીડર ન બનવું, સત્ય ન બોલવું કે સદ્આચરણ ન કરવું. એનાથી કોઈકને દુ:ખ થાય તો ગભરાવું નહીં.

**પૂજ્ય ગુરૂદેવ :-**

અહિંસા સમજવા અને આચરવા માટે એક ખુબ સુંદર દષ્ટાંતથી કહ્યું કે નરસિંહ મહેતાનું ભજન "વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રેં" અને આજના યુગમાં માતાજીએ આપેલું માનવતા વ્રત... બન્ને સરખાં છે. ત્રાજવાના બંન્ને પલ્લાં છે. પરદુ:ખ સમજો અને પોતે માનવતા વ્રતનું આચરણ કરો.

ૐ મા ૐ



Scanned by CamScanner

## - 'અહિંસા' - પ્રશ્નોત્તરી -

**( તા. ૮-૯-૯૫ ના રોજ શ્રધ્ધા કુટીરમાં થયેલ જ્ઞાનગોષ્ઠિ આધારિત તા. ૨૧-૪-૯૬ નારોજ થયેલ પ્રશ્નોત્તરીના પૂ. ગુરૂદેવે પોતાના મંતવ્ય અને શાસ્ત્ર આધારિત આપેલા જવાબો )**

**પ્રશ્ન ૧ : પરમતત્વને હિંસા પ્રિય છે ? અને ના હોય તો કેટલીક પૂજામાં પશુબલિ કેમ અપાય છે ?**

જવાબ : પરમતત્વને હિંસા પ્રિય નથી અને આવી બલિથી તે રાજી પણ થતા નથી. આવું થતું હોય તો તે પંથ ની કોઇ માન્યતા હોય, બાકી હવે તો યજ્ઞમાં અથવા પૂજામાં પણ કોળા નો વધ થાય છે.

**પ્રશ્ન ૨ : યજ્ઞમાં પૂર્ણાહુતિ વખતે શ્રીફળની આહુતિ અપાય છે. આમ શ્રીફળમાં પણ બે આંખ, મસ્તિષ્ક, મુખ વગેરે ભાવ સમજી આહુતિ અપાય છે તો તેના બદલામાં શું કરી શકાય ?**

જવાબ : શ્રીફળમાં એવા ભાવ સમજીને આહુતિ ન અપાતી હોય પણ ફળ મળે તેવી ભાવના હોય, સોપારીની આહુતિ અપાય પણ સાચું તો એ છે. કે તમે તમારા જીવનના દુર્ગુણને એક કાગળમા લખી તે કાગળ સાથે દુર્ગુણની આહુતિ આપો.

**પ્રશ્ન 3 : દુર્ગુણની આહુતિ અપાય ?**

જવાબ : તમારે દુર્ગુણથી મુક્ત થવાની ઇચ્છા હોય અને દૃઢ સંકલ્પ સાથે આહુતિ આપો તો તે ઉત્તમ આહુતિ ગણાય. વળી દુર્ગુણ જાહેર કરો તો અતિ ઉત્તમ પણ કેટલાક વીરલાઓજ દુર્ગુણ જાહેર કરે. અને વ્યસનોને પણ હું દુર્ગુણ જ ગણું છું. એટલે વ્યસન નો પણ આમાં સમાવેશ થઇ જાય છે.

**પ્રશ્ન ૪ : ધર્મમાં આધ્યાત્મિક માટે શરીર પર દમન અથવા વધુ પડતા નિયમો, ઉપવાસ વગેરે કરવામાં આવે તો તે એક**



Scanned by CamScanner

**પ્રકારની માનસિક હિંસા જ ગણાયને ?**

જવાબ : પરમતત્વનું સ્વરૂપ આનંદદાયી છે. એને કષ્ટની જરૂર નથી હું તો કહું છું કે ઉપવાસ, વ્રત, નિયમ વગેરે એટલી માત્રામાં કરો જ્યાં સુધી મન આનંદ માં રહે. ન કરો તો પણ વાંધો નહિં પણ પુર્ણ આનંદથી પરમતત્વ સાથે સંપર્ક સ્થાપવા પ્રયત્ન કરો એટલે પૂજા-ભક્તિ વગેરે કરો.

**પ્રશ્ન ૫ : પૂર્ણ આનંદ થી પૂજા કરવા શું કરવું ?**

જવાબ : તમારી શક્તિ મુજબ પૂર્ણ ધ્યાનથી, પ્રભુને સમર્પિત થઇ પૂજા-ધ્યાન-સાધના કરો, ચાર કલાકની લાંબી પૂજા, જેમાં ધ્યાન વિચલિત હોય એના કરતાં અડધા કલાક ની સંપૂર્ણ ધ્યાન અને પ્રફુલ્લિત મનની પૂજા વધારે ફળ આપે.

**પ્રશ્ન ૬ : આઝાદી વખતે ગાંધીજીએ અહિંસાનો માર્ગ લીધો તો સરદારે પથ્થરનો જવાબ ઇંટથી આપવાની વાત કરી તો આ વ્યાજબી હતું ?**

જવાબ : આ બન્ને નેતાઓની પ્રકૃતિ હતી અને બન્ને સાચા છે રાષ્ટ્રહિત ત્થા દેશભાવ અને સ્વબચાવ માટે કરાતી હિંસા ગણાતી નથી.

**પ્રશ્ન ૭ : કેટલેક ઠેકાણે તળાવ દર વર્ષે કોઇક ભોગ લેતું હોય અથવા કેટલાક રસ્તાઓ (લીમડી, બગોદરા) જેવા પર સતત્ અકસ્માત અને મૃત્યુ થતાં હોય તો ધરતી જેને આપણે માતા કહીએ તે આવા ભોગ કેમ માંગે ?**

જવાબ : ધરતી માતા ભોગ માંગતા નથી. આ એક માન્યતા છે લીમડી કે બગોદરા પરથી પસાર થતા દરેક વાહન ને અકસ્માત નથી થતો. બને કે કોઇક અતૃપ્ત પ્રેતાત્મા, ઓછા મનોબળ વાળાનું ભાન ભુલાવતો હોય.

**પ્રશ્ન ૮ : આવા સ્થાનો પરથી આ ભય દૂર કરવા કે પ્રેતાત્માને દૂર કરવા શું કરવું ?**



Scanned by CamScanner

જવાબ : ગાયત્રી યજ્ઞ જેવું થઇ શકે અથવા એ રસ્તા પરથી પસાર થાવ ત્યારે ગતિ ખુબ ઓછી અને ઇશ્વર સ્મરણ કરો.

**પ્રશ્ન ૯ : કેટલીક વિદ્યાઓ દ્વારા આત્માને બોલાવાય છે ત્યા એમને પ્રશ્નો પુછીને અધુરી વાસના જાણવા પ્રયત્ન થાય છે, આ સંભવ છે ખરૂં?**

જવાબ : હું આવું જાણતો નથી અને માનતો પણ નથી. મેં કયારેય આવો પ્રયત્ન કર્યો નથી. એ મારૂ કામ પણ નથી અને આત્મા બોલાવનારાને જોયા પણ નથી.

**પ્રશ્ન ૧૦: અહિંસા આત્મસાત્ કરવા માટે સરળ રસ્તો બતાવશો ?**

જવાબ : મનમાં સુવિચારો અને સદ્ભાવ કેળવાય તેવું આયોજન કરો. સમાજમાં પણ ખુન કરનાર કરતાં ખુનનું આયોજન કરનારને કાયદો વધુ મોટો ગુનેગાર માને છે. મનને કેળવશો તો વચન અને કર્મ પણ સુધરશે.

**પ્રશ્ન ૧૧: ભૂમિ પૂજનમાં સોનાની કે ધાતુની મૂર્તિ મુકાવે છે, કળશ મૂકાવે છે, એ ધરતીમાતાને અપાતો ભોગ છે ?**

જવાબ : આ ક્રિયા ધરતીમાતાની સંતૃપ્તિ માટે નહિં, પણ એ ભૂમિ પર વસનારની આબાદી માટેની પ્રાર્થના છે. પ્રાર્થના થાય કે જળ અને અન્નના ભંડાર ભરેલા રહે, લક્ષ્મી સ્થિર રહે વગેરે. આ ભોગ નથી.

મન-વચન-કર્મની પવિત્રતા અથવા સાતત્યતાનો માત્ર ઉપદેશ જ નહિં પણ જીવનમાં ખુબ સફળ રીતે અમલ કરનાર આપણા સૌના પૂજ્ય ગુરૂદેવના આ અહિંસક સ્વરૂપને આપણા કોટિ કોટિ વંદન.

ॐ મા ॐ



Scanned by CamScanner

# "તપ"

**(તા. ૧૭મી સપ્ટેમ્બરની જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)**

**નાનો બાળ કૌશલ :-**

તપસ્યાને આધારે પાપને દૂર કરી પરમેશ્વરને પ્રસન્ન કરવા તે તપ. ત એટલે તપસ્યા, પ એટલે પાપ.

**નાનો બાળ કંદર્પ :-**

તપ એટલે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે આપણે આપણા મનથી અને શરીરથી જે કાર્યો કરીએ તે, ભગવાનમાં શ્રધ્ધા રાખી તપ કરવાથી આપણને ભગવાનની પ્રાપ્તિ થઇ મન શાંત, શુધ્ધ થાય છે ત્થા ક્રોધ અને ઈર્ષ્યા દૂર થાય છે.

**મનીષભાઇ :-**

ત-તપવું, પ-પાપ, તપ વગરનું જીવન શક્ય નથી, તપ તો અનુભવથી પ્રાપ્ત કરેલા કર્મોનું ભાથુ, અને સિધ્ધિની સીડી. સિધ્ધિ વગર ઇશ્વર પ્રાપ્તિ નથી. તપની ઇમારત મનુષ્યના લક્ષ્ય પર બને છે. તપ એટલે મનુષ્યની કસોટી અને નક્કી કરેલા ધ્યેયમાં સતત અવિરત પુરુષાર્થ. તપથી માનવી નિયમિત, સહનશીલ, પુરુષાર્થી, નીડર અને ધૈર્યવાન બને છે. પરમતત્વને પામવા તપ એ શ્રેષ્ઠ સાધન છે.

**કુસુમબ્હેન :-**

માનવ દેહ શક્તિનો ભંડાર છે. વસ્તુ વાપરવાથી વધે. એમ શક્તિઓ જગાડી ધ્યેય માટે વાપરીએ તે તપ - તપના ત્રણ પ્રકાર- મનથી કરેલું, વચનથી કરેલું અને શરીરથી કરેલું. મનને શાંત રાખવું, વાણીમાં વિનમ્રતા રાખવી અને શરીરને લાડ ન કરવા. તપથી તેજસ્વી બનાય.

**જસવંતભાઇ :-**

તપ એટલે તપાવવું-શારીરિક તપ અને આધ્યાત્મિક તપ



Scanned by CamScanner

શરીરની આંતરિક શુધ્ધિ માટે, ચારિત્ર્ય શુધ્ધિ માટે, નિષ્કામ ભાવે નિસ્વાર્થ પણે ઘસી નાંખવું તે શારીરિક તપ, અને નિયમિત શિસ્તબધ્ધ રીતે, શ્રધ્ધા અને શરણાગતિ પૂર્વક, પ્રેમસહિત, જળકમળવત્ બનીને ઇષ્ટના મંત્રજાપ કરવા તે આધ્યાત્મિક તપ. સમષ્ટિ કલ્યાણ માટે ઇશ્વરને પ્રાર્થના કરવી. તપથી થતા અનેક લાભો બતાવીને પૂ. ગુરૂદેવની પંક્તિ- ચાવી છે ખજાનાની તમ પાસ, સત્કર્મથી ખોલો ખજાનો, મિલન શિવ - જીવનું....

તપસ્વીઓના તપ સમું ભાસતું જડવૃક્ષ,
તપસ્વીઓના તપ થકી સિધ્ધિ પ્રાપ્ત કરતાં,
તપ થકી વૃક્ષ થાતું ઘટાદાર લીલુંછમ,
રે માનવો, પ્રભુ પાસે જાવા તપવું પડે....

**ભરતભાઈ :-**

ત - તરવું. પ - પરમતત્વમાં ભળી જવું... તપના ત્રણ પગથિયાં... શ્રવણ, મનન અને આચરણ... સંયમી જીવન, સાત્વિક ચિંતન અને આહારથી તપ કરવું... બહુ બુધ્ધિ, તર્ક કે પ્રવચનથી આત્મદર્શન થતું નથી- તપસ્વીના બે પ્રકાર... વૈરાગ્યને કારણે સંસાર છોડીને જનારા ત્થા સંસારમાં રહી ફરજો સાથે તપ કરનારા...કર્મ, જ્ઞાન અને ભક્તિ એ તપના સાથીઓ... સૃષ્ટિના સર્જક ભગવાન વિષ્ણુ ક્ષીર સમુદ્રમાં શેષશૈયા પર બિરાજી તપ કરે છે તો ભગવાન શંકર પર્વત પર તપ કરે છે. - કેટલીક પંક્તિઓ...

એકાગ્રતા અને અનાસક્તિ, એ આધારશીલા તપ તણી,
પૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ પછી જવાબદારીમાતની ધણી..
માતને પામવાને, નવ પગથિયાં સર કરો
સીધા ચઢાણ સરળ થાશે, માનવતા વ્રત તણા સહારે...

**હસમુખભાઈ :-**

તપ એટલે દુ:ખ સહન કરીને, મનની એકાગ્રતા સાધીને,



Scanned by CamScanner

ઈન્દ્રિયોનો સંયમ કેળવીને, પરમાત્માની પ્રાપ્તિ માટે ભક્તિ અથવા સાધના કરવી. સુખ ભોગવવાથી તન અને મન બંને બગડે, સમજીને દુ:ખ સહન કરે તેને તપ કહેવાય. સત્ય, તપ, પવિત્રતા અને દયા આ ચાર તત્વોનો સરવાળો એટલે ધર્મ. બ્રહ્માજીએ પણ સૃષ્ટિની રચના માટે તપ કર્યું. દૈવીપક્ષના લોકો આધ્યાત્મિકતા માટે ત્થા આસુરી વર્ગના લોકો ભૌતિકબળ મેળવવા તપ કરે- તપ દ્વારા મનુષ્ય ભગવાનનો પિતા પણ બની શકે. તપશ્ચર્યામાં સાધકનું ચુંબકત્વ દૈવીશક્તિઓને અદશ્યરૂપે આમંત્રિત કરે છે અને કૃપા વરસાવવા માટે વિવશ કરે છે. શરીર ધર્મનું એક સાધન છે. અતિ ઉપવાસ કરવાથી ભગવાનને ભૂલાય છે. મનનો માલિક ચંદ્ર છે અને બુધ્ધિનો માલિક સૂર્ય છે- સત્કર્મ તે યજ્ઞ છે- પરમાત્મા પ્રસન્ન થાય તેવું કોઈપણ કાર્ય કરાય તે યજ્ઞ છે. ગુરૂદેવે આપેલું માનવતાવ્રત એ શ્રેષ્ઠ તપાચરણ છે.

**પ્રતીક્ષાબ્હેન :-**

તપ એટલે મન, વચન, કર્મથી પાપકર્મ ન કરવાપણું... તપ એ શિવના હજાર નામ માંહેનું એક નામ. શારીરિક તપ- દેવનું, દ્વિજનું, જ્ઞાનીનું અને ગુરૂનું પુજન. (૨) વાણીનું તપ- સત્ય, પ્રિય અને હિતકર વાણી બોલવી. વેદોનું અધ્યપન કરવું ત્થા મંત્રજાપ કરવા. (૩) માનસિક તપ- મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, નિગ્રહ અને અંત:કરણની શુધ્ધિ- જૈનધર્મમાં છ પ્રકારનાં તપ- પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ. હિંદુધર્મમાં ડગલે ડગલે તપ છે. યજ્ઞ અને દાન એ પણ તપ જ છે. દેહને કષ્ટ આપીએ છતાં આત્મા પ્રસન્ન રહે તે તપ. કોઈપણ વ્રત, તપ વગર લાંબા સમય સુધી ટકી ન શકે.

**હેમંતભાઈ :-**

એક ચોર અને સંતની વાર્તા સાથે સમજાવ્યું કે, આત્માની જાગૃતિ, કર્તવ્યપાલનમાં શ્રધ્ધા ત્થા બીજાને સન્માર્ગમાં વાળવાની



Scanned by CamScanner

પ્રક્રિયા તે તપ. જગતમાં 'તીર્થ' ત્રણ પ્રકારનાં- સ્થાવર તીર્થ- એટલે યાત્રાધામો- જંગમતીર્થ એટલે સંતના ચરણો અને માનસ તીર્થ એટલે મન, વચન, કર્મથી પ્રભુ પ્રાપ્તિના કાર્યો- એક પંક્તિ...

સાધુનાં દર્શનં પુણ્યં, તીર્થભૂતા હી સાધવં..
તીર્થ ફલેતિ કાલેન, સદ્યઃ સાધુ સમાગમ...

સંતના દર્શન પુણ્યપ્રદ છે સ્થાવર તીર્થની યાત્રા યથા સમયે ફળે છે જ્યારે સંતના દર્શન તરત ફળ આપે છે. માનવતા વ્રત - જે ગુરૂદેવની બક્ષિસ છે એમાં આપણું કર્તવ્ય, શ્રધ્ધા, ઉપાસના, અહિંસા, દાન એ દરેક સદ્‌ગુણોનો સમાવેશ થયેલ છે...

**પૂજ્ય બ્હેનજી :-**

તપથી ભવનું તારણ થાય ને,
પરમેશ્વરને પામી જવાય.
તપ કરે પાપ બળે
અંતરમાં ઉજાસ થાયે,
અંધકાર વિલિન થાયે
શિવ-જીવનું મિલન થાયે.
તાપ વધે તપનો,
સંતાપ ઘટે સંસારનો,
સિધ્ધ કરવા જીવન લક્ષ્યને,
પરિશ્રમ કરો તપની તપસ્યાનો.
તપના તાપથી દૂષણો ઘટે,
જીવન આભૂષણોમાં ચૈતન્ય ભળે,
પરમતત્વનું સાનિધ્ય મળે,
જીવન બાગમાં સુંગધ પ્રસરે.

**જયા ઉપાધ્યાય :-**

તપ એટલે ષડ્‌રિપુઓનો નાશ કરવાનો ગુપ્તમંત્ર, વાસના અને



Scanned by CamScanner

વિકારોથી જીવને બચાવનાર દવા, ધર્મરાજાની સેનાનો સેનાની, વૈરાગ્યનો ખાસ મિત્ર, તન-મન-આત્માના મેલ ધોવાનો સાબુ, ધ્યાનરૂપી પર્વત ચઢવાની સીડી, પરમાત્માને મેળવવાનું વશીકરણ, અને માનવદેહને સાર્થક કરવાનો ઉપાય...

**પૂજ્ય ગુરૂદેવ :-**

**મધમાખી તપે અમૃત રેલાય,**
**માનવ તપે, સુંગધ ફેલાય...**

કોઈપણ સાત્વિક, રચનાત્મક, ધ્યેયપ્રાપ્તિ અર્થે કરેલુ કાર્ય તે તપ કહેવાય. બાળક જન્મે તે , તેના અસ્તિત્વને ટકાવી રાખવા ઝઝૂમે તે તપ પછી ભણવાનું તપ, સારા સંસ્કાર પ્રાપ્ત કરવાનું તપ, સંસારમાં બે ચક્રો સીધાં ચાલે તે તપ. ત્યારપછી કુટુંબમાં સભ્યોને જાળવવાનું તપ, આમ માનવી જન્મથી અંતસુધી યેનકેન પ્રકારેણ, જાણે અજાણે તપ તો આચરે જ છે. આ સાંસારિક અને જીવનવહેણમાં આવતાં તપ...

હવે આગળ વધીને આધ્યાત્મિકતા તરફ જઈએ...

**૧. પરમતત્વનું નામ સ્મરણ.**
**૨. માનવબંધુઓની સેવા.**
**૩. ષડ્‌રીપુનો નાશ.**
**૪. નવ સિધ્ધાંતોનો અમલ.**
**૫. માનવતા વ્રતનું પાલન.**

આ પાંચ સિધ્ધાંતોનો અમલ એટલે તપ અને તેનું આચરણ કરો તો પરમતત્વના દરબારની હદમાં પ્રવેશવાનું લાયસન્સ.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# - તપ - પ્રશ્નોત્તરી -

**( તા. ૧૭-૯-૯૫ પૂ. ગુરૂદેવ સાથે પ્રશ્નોત્તરી - જવાબો પૂ. ગુરૂદેવની અમૃતવાણી - માર્ગદર્શન અને મંતવ્ય પર અને પોતાના શાસ્ત્ર પર આધારિત છે. )**

**પ્રશ્ન ૧ : શક્ય નથી, છતાંય પરમાત્મા પ્રસન્ન થઈ, તપની શક્તિ, શ્રધ્ધાનું બળ, શરણાગતિનું સામર્થ્ય કે માનવતા વ્રત ચારમાંથી એક આપવાનું કહે તો શું માંગવું ?**

**જવાબ** : માનવતા વ્રત.

**પ્રશ્ન ૨ : આપે તપની દિશાઓ સમજાવી, તો સંસારમાં કઈ રીતે તપ કરવું કે, જેથી પરમતત્વનું સાનિધ્ય પ્રાપ્ત કરી શકીએ. ?**

**જવાબ** : રોજના આચરણમાં સાત્વિક્તા દાખલ કરો

**પ્રશ્ન ૩ : સાત્વિક્તા એટલે શું ?**

**જવાબ** : સત્યનું આચરણ એટલે સાત્વિકતા.

**પ્રશ્ન ૪ : પ્રભુ સ્મરણ માટે નામ કે મંત્ર સ્મરણ અને મહિમા દર્શાવતા ચાલીસા, શતક, પાઠ વગેરેમાંથી ક્યાંથી શરૂઆત કરવી ?**

**જવાબ** : વૃક્ષથી આકર્ષાવાને બદલે એના 'મૂળને' પકડો, મંત્ર એ મૂળ છે. મહિમા એ વૃક્ષ છે. નામ સ્મરણ જ ફાયદાકારક.

**પ્રશ્ન ૫ : જપ કે અનુષ્ઠાન કરતી વખતે માનસિક એકાગ્રતા રહેતી નથી તો એકાગ્રતા સાધવાનો સરળ રસ્તો બતાવો ?**

**જવાબ** : આ રસ્તો સરળ છે જ નહિં. સતત્ પ્રયત્ન અને 'મન' પર કાબુ રાખવાની પ્રેકટીસ જ એકાગ્રતા લાવી શકે. મનને હુકમ કર્યા કરો... " એક ચિત્ત થઈ જા " ભૂલો ત્યાંથી ફરી ગણો. તમારી જાતે જ સંઘર્ષ કરો.



Scanned by CamScanner

**પ્રશ્ન ૬ : કહેવાય છે કે ચૈત્ર અને આસો નવરાત્રિમાં તપ કરવથી વધારે પુણ્ય મળે છે - એ સાચું ?**

જવાબ : હું એવું માનતો નથી. તપ માટે બધા દિવસો સરખા જ છે.

**પ્રશ્ન ૭ : સામૂહિક રીતે "શક્તિ"નો મહિમા ગાઈ શકીએ એટલા માટે કદાચ્ નવરાત્રિની પ્રથા થઈ હશે. એવું સાચું છે ? નવરાત્રિ કેવી રીતે શરૂ થઈ - એનું પુણ્ય શું ?**

જવાબ : ખેતીમાં પાક વગેરે લઈને આપણા દેશના મોટા ભાગના ખેડૂતો જ્યારે ખેતીની અને અન્ય જવાબદારીમાંથી મુક્ત થયા હોય ત્યારે સમાજની વ્યક્તિઓને એક પ્રસંગ દ્વારા નજીક લાવવાનું આ આયોજન છે. ધાર્મિક રીતે આમાં કાંઈક વિશેષ હોય તેમ હું માનતો નથી.

**પ્રશ્ન ૮ : નવરાત્રિમાં એક સ્થળ, એક સમય અને ચોક્કસ સંખ્યામાં તપ કરવાથી વધારે પુણ્ય મળે છે તો આવું શા માટે ?**

જવાબ : કોઈ પણ કાર્યને એક ' પ્રોજેક્ટ'તરીકે સ્વીકારો અને નિશ્ચિત સમયમાં પૂરો કરવાનો સંકલ્પ કરો એટલે ચોક્કસ સંખ્યામાં મંત્ર કરવા. આળસ અને પરિસ્થિતિના શિકાર ન બનો એટલે ચોક્કસ સમય રાખવો પડે અને એક ધ્યેય માટે એક સ્થળ રાખવું પડે - કારણ અનુષ્ઠાન ને ' પ્રોજેક્ટ ' તરીકે સ્વીકારીએ છીએ. બાકી આનાથી વધારે પુણ્ય મળે છે એમ હું માનતો નથી.

**પ્રશ્ન ૯ : આવું હોય તો નવરાત્રિમાં મંત્ર જપ વખતે જુદા જુદા પ્રતિભાવો મળતા હોય છે એનું શું કારણ ?**

જવાબ : તમારા માનસ પર 'પ્રોજેક્ટ' અથવા અનુષ્ઠાન છવાયેલું છે. આ પ્રતિભાવો મનનું કારણ છે. તપમાં જેમ ઉંડા ઉત્તરો એમ પ્રતિભાવ મળતાજ રહે ચાહે નવરાત્રિ હોય કે નહોય ?



Scanned by CamScanner

**પ્રશ્ન ૧૦: જપ એટલે નામ સ્મરણ પહેલાં કે મહિમાગાન પહેલાં ?**

જવાબ : 'નામ સ્મરણ' મહિમા તો પ્રભુની આકૃતિ, કાર્યો વગેરેનું 'ચિત્ર સ્મરણ' કરવાની પ્રક્રિયા છે. મહિમાગાન એ તો પ્રભુની ખુશામત છે. અને "ખુશામત ખુદાકો ભી પ્યારી હૈ" નામ સ્મરણ એ જ તપ - એના દ્વારા જ પ્રભુ સુધી પહોંચી શકાય.

**પ્રશ્ન ૧૧: કેટલાક લોકો સામૂહિક તપ અથવા અનુષ્ઠાન કરે છે તો વ્યક્તિગત તપ અને સામૂહિક તપ એ બેમાં સારૂ ક્યું ? અને પુણ્ય કોનું વધારે ?**

જવાબ : વિચારોની આપ લે થાય, વધારે વ્યક્તિઓ દેખાદેખી તપમાં જોડાય માટે સામૂહિક તપ ની વ્યવસ્થા વિચારાઈ બાકી પુણ્યની દૃષ્ટિએ, એકાગ્રતાની દૃષ્ટિએ વ્યક્તિગત તપ જ સારૂં.

**પ્રશ્ન ૧૨: મંત્ર જપ કેટલાક મોટેથી કરે, કેટલાક બહુ ધીમેથી કરે અને કેટલાક હોઠ બંધ રાખીને કરે તો આમાં શ્રેષ્ઠ ક્યા ?**

જવાબ : પરિસ્થિતિ ને અનુકુળ થવું. સામૂહિક યજ્ઞ હોય તો મોટેથી મંત્ર બોલાય. મંત્ર બોલાય ત્યારે એના તરંગોથી વાતાવરણમાં એક વર્તુળ પેદા થાય અને તરંગોથી વૈશ્વિક ફાયદો થાય, મંત્ર બોલનારની આસપાસ એક આભા પેદા થાય - ત્યાં મોટેથી બોલવા સારા.

ઘરમાં ધીમેથી બોલવા - જેથી કોઈને ખલેલ ન પહોંચે - શક્તિનું રક્ષણ થાય અને ધ્યાન કેળવી શકાય.

મનની એકાગ્રતા કેળવી શકનારા હોઠ બંધ રાખીને મંત્ર બોલે તો ચાલે - ઓછા સમયમાં વધુ નામ સ્મરણ થઈ શકે.



Scanned by CamScanner

પરંતુ મંત્ર ગમે તે રીતે બોલો, પૂરી શ્રધ્ધાથી બોલાયેલા મંત્રથી દેહશુધ્ધિ થાય છે.

**પ્રશ્ન ૧૩: આપના બે શબ્દો "શ્રધ્ધા અને શરણાગતિ" એ બેમાં ક્યાંક મંત્ર જાપ કે મહિમાગાન આવતાં જ નથી, તો આને તપ કહેવાય ?**

જવાબ : શ્રધ્ધા અને શરણાગતિ આવે તો જ પ્રભુ પાસે બેસી શકાય, એટલે તપનો પાયો જ શ્રધ્ધા અને શરણાગતિ છે.

**પ્રશ્ન ૧૪: મન કયારેક ઉકેલ વગરની મૂંઝવણો અનુભવે છે. કયાંક રસ્તો ન જડે- શું કરવું એ સમજ ન પડે આવી વ્યથામાં શું કરવું તેનો રસ્તો બતાવશો ?**

જવાબ : એક જગ્યા પર બેસી પરમતત્વનું શાંતિચિત્તે ૧૫ મીનીટ ધ્યાન ધરવું-મુંઝવણનો ઉકેલ આપોઆપ મળી જશે.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# "દયા"

(તા. ૨૪ મી સપ્ટેમ્બરે શ્રધ્ધા કુટિરમાં જ્ઞાનગોષ્ઠિના અંશો)

**કૌશલ (બાળ વક્તા) :-**

દયા, એ મા ગાયત્રીએ આપેલું સુંદર, અણમોલ વરદાન છે. એના વિના માણસને ચેન અને પ્રેમ નથી મળતો, સંસારમાંથી દયા શબ્દ નીકળી જાય તો બધે હિંસા ફેલાઇ જાય, આપણે કોના પર દયા રાખવી અને કોના પર ન રાખવી તેની આપણને ખબર હોવી જોઇએ.

**કંદર્પ (બાળ વક્તા) :-**

દયા એ માણસનો સદ્‌ગુણ છે. સારા બનવા માટે દરેકે દયા રાખવી જોઈએ. દયાથી આપણને પરમતત્વની પ્રાપ્તિ થાય છે.

**ભાવિન (બાળ વક્તા) :-**

"દયા ધર્મકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છોડીએ, જબ તક ઘટમેં પ્રાણ"

સાત્વિક જીવન જે માનવતા વ્રતથી મળે છે, એ જીવવા માટે દયા આવશ્યક છે. માનવમાં દયા હશે તો પ્રેમ આપી શકશે તો જ અહિંસક બની આધ્યાત્મિક જીવન વધુ સરળ બનાવશે. શરીરમાં પ્રાણ હોય ત્યાં સુધી દયા ન છોડવી. દુશ્મનો પર પણ દયા વરસાવી જીવનને ધન્ય બનાવીએ.

**પ્રફુલ્લભાઈ :-**

બીજાના દુ:ખ, દર્દ જોઈ, હૃદયમાં કરૂણા કે અનુકંપા જાગે તેનું નામ દયા. ભક્તિમાર્ગે જેમ આગળ વધીશું તેમ દયા વધશે. દયા એક દૈવી ગુણ છે. દયાના સાગર ગુરૂદેવ આપણા સૌ પર દયાદષ્ટિ રાખે એ પ્રાર્થના.

**પૂ. બ્હેનજી :-**

ષડરિપુનો ક્ષય થાયે દયાથી, માયાનું આવરણ ઘટે દયાથી,

ધર્મનો અભ્યુદય થાયે દયાથી, પરમતત્વને પામી જવાય દયાથી
દયાનો હાથ લંબાવે પુરૂષ, પ્રેમથી હાથ લંબાવે પુરૂષોત્તમ...
દયા દબાવે દુષણોને, આંતરશુધ્ધિ કરે, પ્રસરાવે સદ્‌ગુણોને...
ધર્મની ધૂરા સંભાળે જે, દયાળુ દીનબંધુ કહેવાય તે...
દયા છે દૈવી સંપત, નથી તેમાં માયાની ઝંઝટ...
યાદ કરો એ દયાના સાગરને, વહાવો દયાની સરિતા જીવનમાં...
મિલન એ સરિતાનું સાગરમાં, અસ્તિત્વ ઓગળી જાયે સાગરમાં.

**પૂ. સતિષભાઈ :-**

દયા, દાનવીરનો કેવળ અનુગ્રહ છે. હૃદયમાં અકલ્પ્ય સમયથી પડેલા ભાવો વડેજ માનવી હસે છે, પ્રેમ કરે છે, ક્રોધ કરે છે,લોભ કરે છે અને દયા કરે છે. આ સમગ્ર પ્રક્રિયાના સરવાળાને જીવતર કહેવાય. સમય પણ આ ભાવોની ઉપરથી પસાર થઇ જાય તેને આયુષ્ય કહેવાય. ભૂખ લાગવી એ શરીરનો ગુણધર્મ હોય તો ક્રોધ અને દયા, મનના ગુણધર્મો કહેવાય. ઇશ્વર ઉપર શ્રધ્ધા રાખનારો આ ભાવ બંધારણને 'કર્મો અનુસાર' તરીકે સ્વીકાર કરે છે. અને ફળ ભોગવી લે છે. આ સઘળા ભાવ વ્યક્તિની જીંદગીને મોડ આપનાર મહાપરિબળ છે. કોઇક વ્યક્તિને જોઇને ક્રોધ કે દયાના કંપનો અનુભવવા તે 'અનુકંપા' કહેવાય. જીવનમાં હકારાત્મક, નકારાત્મક, વિધેયાત્મક, નિષેધાત્મક આ બધા જે ભાવો છે-કરૂણા, દયા, હિંસા-અહિંસા, સત્ય, અપરિગ્રહ, સાથે કામ, ક્રોધ, લોભ, મત્સર ઇત્યાદિનું માનવતા ચિદાકાશમાં દરરોજ પરમ્યુટેશન-કોમ્બીનેશન થયા જ કરે. અનુકંપા વિધેયાત્મક ભાવોની જ થાય છે. ભાવ ગમે તે હોય, આખરે તે શક્તિ સ્ત્રોત છે, ઊર્જા છે, ઊર્જાઓ પરમાત્માએ પ્રત્યેકને બક્ષેલી છે. શુભત્વ બક્ષતાં ભાવનો વળાંક, માનવ જીંદગીને કેવી રીતે પૂરો પાડવો, ઉપસાવવો અને નિષેધોની વિદાય કરવી. આ કામગીરી માટે સદ્‌ગુરૂ તમારી વચ્ચે આવે છે. તેમણે બનાવેલી તમારી ભીતરની



Scanned by CamScanner

ધરતી હરિયાળીનું સર્જન કરે એવો આનંદ અન્યત્ર નહીં મળે. અનુકંપા ગતિશીલ છે. આ ગતિશીલતા તીવ્રતામાં, શક્તિમાં અને આક્રમકતામાં પરિવર્તિત થાય ત્યારે તેનું વિરાટ સ્વરૂપ એટલે 'દયા'. દયા શક્તિમાં છે, અને શસ્ત્ર છે. માનવીને અભય બક્ષે છે. દયા શાસ્ત્ર પણ છે. રાવણ શક્તિપૂંજ હતો પણ વિવેકહીન અને દયાહીન હતો એટલે તે કાંઇ પામી ન શક્યો, જગતને પ્રદાન કરી ન શક્યો. તે શિવજી મેળવી શક્યો, શિવત્વ ન પામી શક્યો, દયાનો પહેલો અને છેલ્લો માલિક પરમાત્મા છે. સંતો દયાની લ્હાણ લઇને આવેલા છે. કોઇના ભારને સહર્ષ, મૂંગાભાવે, પૂછતાછ વિના, શિરે લઇ લેવો એટલે દયા. દયાની પરબ માંડીને બેઠેલા મારા સરકાર, તમને મારા લાખ વંદન હો. તમારી દયાના વહેતા નીર જોઇને, ગંગા પણ ઘડીવાર થંભી જઇને પ્રણિપાત કરે. રાજયોગી દયાના પાઠ ભણે છે, શીખવે છે, દયાને બુધ્ધિ નહીં, માત્ર અંત:કરણ જ શીખી શકશે.

**પ્રતીક્ષાબ્હેન :-**

દયા એટલે માનવ પ્રેમ-કોમળતા પૂર્વક, અહમ્‌રહિતની સહાનુભૂતિ દયા, તપ કે, સાધનામાંથી નહિં. પણ માનવીના હૃદયમાંથી સ્વયંભૂ ઉત્પન્ન થતી અદેશ્ય લાગણી છે. સહાનુભૂતિ એટલે "સાથે-અનુભવ" સંવેદના વિના સહાનુભૂતિ શક્ય નથી. સંવેદના, સહૃદયતા વગર સંભવ નથી. આજના યંત્રયુગે માનવીને દયાહીન, સંવેદનાહીન બનાવી દીધો છે. સંતોનાં સાનિધ્યથી જ સંવેદના કે દયાનું ઝરણું વહી શકે. માનવતા વ્રત દ્વારા આપણે દયાને આચરણમાં મૂકવી જોઇએ. દયા એ સદ્‌ગુણ અને સત્કર્મ બન્ને છે.

દુ:ખી, દર્દી કે ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા, ઘરની ઉઘાડી રાખજો બારી...
ગરીબની દાદ, ફરીયાદ અને દુ:ખ સાંભળવા,
તમારા કાન અને આંખની ઉઘાડી રાખજો બારી...
થયેલાં દુષ્ટ કર્મોમાં, છૂટા જંજીરથી થાવા,
જરા સત્કર્મોની ઉઘાડી રાખજો બારી...

**ગીતાબ્હેન :-**

ઇશ્વરે તન અને મન આપી સૌથી મોટી દયા કરી. દયાવાળી વ્યક્તિ પર પ્રભુ અચુક કૃપા કરે જ છે. દયા એક ગુણ છે. ગંદા પાણીનું નાળું, ગંગામાં ભળતા ગંગાજળ બને છે. તેમ હૃદયમાં ભરપૂર દયા, લાગણી અને માનવતા હોય તો આપણું હૃદય શુધ્ધ બને છે. અને પરમતત્વને આવવાનું મન થાય છે. જગત, પરમતત્વનું સ્વરૂપ છે એમ સમજી દરેક જીવ પર દયા રાખવી, એ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને આત્મારૂપી આઠ મૂર્તિ અથવા ઇશ્વરનું પૂજન કરવા બરાબર છે. ત્રણ ચોરની વાત કરીને, દયાથી હૃદય પરિવર્તન સમજાવ્યું.

**મનિષભાઇ:-**

શક્તિ બહારના સંઘર્ષથી દયનીય પરિસ્થિતિમાં મૂકાવું પડે છે. દયાનો મર્મ ઉપકાર નથી પણ ઇશ્વરે આપેલી શક્તિનો નિસ્વાર્થ ઉપયોગ છે. હૃદયને પીગાળવાની શક્તિ તે દયા. ભૂલ વગરનો મનુષ્ય સંભવ નથી, પણ ભૂલને માફ કરનારી શક્તિ-પરમતત્વ મોજૂદ છે. અતિશય દયા પોતાને સજા કરાવે છે. જે ભૂલ માટે દયાળુ પરમતત્વ સજા નથી કરતું, તે ભૂલ માટે માનવીને અદયનિયતાનો અધિકાર નથી. દયા તો પરમતંત્વનું પારખું છે. અહમ્‌ને ઓગાળી, આંખો ખોલનાર દવા તે દયા. દરેક માનવી પ્રભુનું સ્વરૂપ છે એટલે દયા લેનાર પ્રભુ તો દયા કરનાર પ્રભુનો પ્યારો થઇ શકે. દયા એ પરોપકાર નથી પણ ઇશ્વરે સોંપેલી ફરજ છે.

**ભરતભાઇ :-**

પ્રભુએ આપણી ઉપર ખુબ દયા કરી છે. પ્રભુને આપણે દયાનિધાન, કૃપાસિંધુ, દયાસિંધુના નામે ઓળખીએ છીએ. પ્રથમ દયા તે આપણને ચક્ષુ આપ્યા. જેથી પ્રભુની રચેલી સૃષ્ટિને નિહાળી શકીએ, ભગવાન સૂર્યનારાયણ, મોજું ઉછાળતો સાગર, હરિયાળી વનસ્પતિ,



Scanned by CamScanner

નદીઓ વગેરે. આપણા શરીરમાં અનેક શક્તિઓ ભરી છે. ઇશ્વર ધારે તો સદ્આચરણ કરતો જ માનવ બનાવી શક્યા હોત, તો આપણી અસ્મિતા કે ગૌરવ કયાં રહેત ? બે દિકરાની વાત કરીને કહયું કે, જે આંખ પ્રેમથી ઉઘડી ન્હોતી તે ડહાપણથી ઉઘડી. પરમપિતા ઘર ભૂલેલા બાળકો પર સતત દયાની અમૃત વર્ષા કરે તેવી પ્રાર્થના.

**હેમંતભાઇ :-**

દયા એ સર્વ સુખનું મૂળ, સર્વ ધર્મોનો સાર, ધર્મની જનેતા, ધર્મનો પ્રાણ. દયા વગરનો માનવ પશુ અને વ્રત, નિયમ, જપ, તપ બધું જ દયા વગર, એકડા વગરની મીંડા જેવું-દયાની વ્યાખ્યા ન થઇ શકે. પણ જે યાદ રાખીને આત્માને આનંદ થાય તે દયા. શ્રધ્ધા કુટીરમાં આપણું આવવું, ગુરૂદેવ જેવા સંતના સાનિધ્યમાં બેસવું ત્થા પોતાના આચરણથી ગુરૂદેવના તપવર્તુળ, દયાવર્તુળમાં સ્થાન પામવું એ સર્વે ગુરૂદેવની અને પરમતત્વની દયા.

**જસવંતભાઇ :-**

દયા એટલે ઉપકાર કરવાની વૃત્તિ, હમદર્દી, અનુકંપા, માનવ પ્રેમ, ક્ષમા કરવું વગેરે, દયા વગરનો માણસ પશુ સમાન છે. જેમ તેલ લગાવેલા લોખંડને કાટ લાગતો નથી. તેમ હૃદયને વાસનાનો કાટ ન લાગે, પાપ-વિકારોનો ઘસારો ન પડે, તે માટે હૃદયને સાત્વિકતા અને દયાના ભાવમાં બોળેલું રાખીએ. પીગળેલા હૃદયમાં જ પ્રભુમિલનની આતુરતા જાગશે. ગુરૂદેવના બે સિધ્ધાંતો, નિ:સહાય ને સહાય અને દુ:ખીના દિલના આંસુ લૂછવા એ દયા દ્વારા, સેવા દ્વારા સત્કર્મ સૂચવે છે. પશુ-પંખી દરેક પર દયા રાખી, પરમતત્વની દયાના અનુરાગી બનવા પ્રયત્ન કરીએ.

**એક ભક્ત :-**

સંસારમાં સૌથી કિંમતી ચીજ દયાથી ભરેલું હૃદય છે. તે સર્વશ્રેષ્ઠ દોલત છે. જે માનવીને માનવમાંથી દેવ બનાવે છે. સંતોએ પોતાના હૃદય પાત્રો દયાથી ભર્યા છે. જ્યાં દયાનું ઝરણું વહે છે.ત્યાં



Scanned by CamScanner

સ્વર્ગભૂમિ ખડી થાય છે. દયાથી માનવ હૃદયમાં પડેલી હિંસાની, અસત્યની કે દંભની ભાવનાઓ ખચકાય છે. સામાના દિલમાં ક્રોધનો કુંજ ભર્યો હોય પણ આપણે દિલમાં ક્ષમાનો સાગર રાખીએ અને દયાસાગર ગુરૂદેવ આપણી ભૂલોને માફ કરે.

**પૂર્ણિમાબ્હેન :-**

આપણને દયાના સાક્ષાત સ્વરૂપની નિશ્રામાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું સ્મરણ કરીએ. દયા કે દયાભાવ એ સ્વયં પરમાત્મા છે. પૂ. ગુરૂદેવ દયાના સાક્ષાત સ્વરૂપ છે. તેમની દયાના વિરાટ રૂપને, ભાવને, નિજના સમસ્ત અસ્તિત્વમાં એકાકાર કરીને પરમના ભાવને, રૂપને, કાર્યને, લીલાને વહેતા કરી રહ્યા છે. તેમનું સમસ્ત અસ્તિત્વ દયાથી છલકાય છે. તેથીજ તો આપણને તેમનું સાનિધ્ય ગમે છે, તેમની વાણી, તેમનું રૂપ આપણને ગમે છે, દયાના વિરાટ ભાવમાં તેઓ વડલા સમાન છે. આપણે પણ આ દયાભાવ માત્ર સમજવાની જ નહિં, આત્મસાત કરવાની જરૂર છે. દયા એટલે માનવ હૃદયની વિશાળતા, આત્મજાગૃતિ, અન્ય કાજેની પ્રસન્નતા, અન્ય કાજે પ્રેમ, સહાનુભૂતિ, ભાવ સ્પંદનો અને સ્વ-ભાવ માંથી પરમભાવમાં વિલીન થવાની મજા. આત્મામાં રહેલા પરમતત્વને દયા ભાવની ભૂમિકા પર રહીને જે ઓળખી શકાય.

**પૂજ્ય ગુરૂદેવ :-**

દયાની વ્યાખ્યા આપતાં કહ્યું કે, લાગણીથી પ્રેરાઈને, પરોપકારની ભાવનાને, નિ:સ્વાર્થ ભાવે લક્ષમાં રાખી કરેલી પ્રવૃત્તિ એટલે **દયા.....**

**ૐ માં ૐ**



Scanned by CamScanner

## - દયા - પ્રશ્નોત્તરી -

**( તા. ૨૪-૯-૯૫ પૂ. ગુરૂદેવ સાથે પ્રશ્નોત્તરી - જવાબો પૂ. ગુરૂદેવની અમૃતવાણી - માર્ગદર્શન અને મંતવ્ય પર અને પોતાના શાસ્ત્ર પર આધારિત છે. )**

**પ્રશ્ન ૧ : એક શ્રધ્ધાળુ, પરમાત્મા પ્રેમી ભક્ત અને એક અસામાજિક કાર્યો કરતી વ્યક્તિ બંન્ને પર આપ દયા કરો છો, તો તમે ભાવનાથી તેમના પર દયા કરો છો? બંન્ને પરની દયામાં કાંઈ ફેર ખરો ?**

જવાબ : સંતનું લક્ષણ દરેક પ્રાણી મનુષ્ય વગેરે પર દયા કરવી. સૂર્ય બધાને પ્રકાશ આપે છે, એમ દયામાં સંત ભેદભાવ રાખતો નથી. દયા કરવી એ સંતનો સ્વભાવ છે.

**પ્રશ્ન ૨ : જીવનમાં દયા ક્યારે ન કરવી ?**

જવાબ : કેમ ન કરવી ? ક્યારે ને બદલે પૂછો કેમ ન કરવી ?

**પ્રશ્ન ૩ : અહિંસાની ચર્ચામાં આપે કહેલું કે સમષ્ટિના કલ્યાણ માટે કરાતી "હિંસા" -હિંસા નથી. એમ "દયા" માટે કાંઈ કરશો?**

જવાબ : દયા અને અહિંસા વચ્ચે ખુબ પાતળી રેખા છે. દયાની અનુકંપા એવી હોય છે કે, ખરાબમાં ખરાબ માણસ પણ એને રોકી શકતો નથીં-દયા સહજ છે એટલે દયાને રોકી શકાતી નથી.

**પ્રશ્ન ૪ : દયા કોની પર કરવી ?**

જવાબ : કોઇપણ મનુષ્ય કે પ્રાણી વિષમ પરિસ્થિતિમાંથી પસાર થતો હોય તેની પર દયા કરવી.

**પ્રશ્ન ૫ : દરેક પર દયા કરવી બરાબર છે પણ બોમ્બ ફોડનારો કે ખૂનામરકી કરનારા પર આપ દયા કરો તે ઉચિત છે?**

જવાબ : આતંક મચાવનારો કે મોટા ગુન્હા કરનારો સંતના



Scanned by CamScanner

તપવર્તુળમાં આવી શકતો નથી. છતાંય જો તે આવી જાય તો સંત તો દયા કરેજ, પણ પરમતત્વ તેને યોગ્ય સજા આપી દે છે.

**પ્રશ્ન ૬ : કયા સંજોગોમાં પ્રભુ દયાની અરજી સ્વીકારતા નથી કે દયા કરતા નથી ?**

જવાબ : પ્રભુ દરેક સંજોગોમાં દયા જ કરે છે. પોતાના આચરણથી એવું લાગે છે કે, પ્રભુ દયા નથી કરતાં. દયા તો ગંગાની જેમ જ વહેતી રહે છે.

**પ્રશ્ન ૭ : પ્રભુ જો દયા સતત કરતા જ હોય તો તેઓ કર્મના સિધ્ધાંતની આડે નથી આવતા ?**

જવાબ : માનવી એક સામાજીક પ્રાણી છે, તેનામાં ષડ્રીપુઓ ભરેલા છે, એટલે પ્રભુની દયા સતત વરસતી હોય તો પણ તેનો લાભ મળી શકતો નથી, વર્ગમાં દરેક ને સરખું ભણાવો તો પણ કેટલાક ખુબ હોંશિયાર અને કેટલાક ઠોઠ નીકળવાના જ.

**પ્રશ્ન ૮ : પ્રભુની દયાથી કર્મોના ફળમાં કાંઇ ફેર પડી શકે ?**

જવાબ : ષડ્રીપુઓને નાથી દો, તો બધેજ દયા દેખાશે-પ્રભુની રહેમ નજર મળે તો કર્મો પાછળ પડી જાય અથવા બળીને ભસ્મ પણ થઇ જાય.

**પ્રશ્ન ૯ : પોતાની માલિકીનાં મકાનમાં તપ કરવાથી અને ભાડાનાં મકાનમાં તપ કરવાથી પુણ્યમાં કાંઇ ફેર પડે? ભાડૂઆતના તપમાંથી મકાનમાલિકને કાંઇ મળે ?**

જવાબ : આપણે જમીએ અને બીજાની ક્ષુધા સંતોષાય એમ બનતું નથી, તમારા તપનું પુણ્ય તમને જ મળે.

**પ્રશ્ન ૧૦ : પતિ તપ કરે તો ધર્મપત્નિને અડધો ભાગ મળે ?**

જવાબ : કોઇનાં તપનું પુણ્ય કોઇને મળતું નથી.



Scanned by CamScanner

**પ્રશ્ન ૧૧: કર્મકાંડ કરાવતી વખતે બ્રાહ્મણો પુરૂષને વિધિ કરવાનું ને સ્ત્રીને હાથ અડકાડવાનું કેમ કહે છે ?**

**જવાબ** : કર્મકાંડમાં વિધિ થાય એટલે હાથ અડકાડવો એ વિધિ છે, સાધના કે તપમાં હાથ ન અડકાડાય.

**પ્રશ્ન ૧૨: કોઈકને સત્કાર્યો અથવા દાન કે તપ માટે પ્રેરવાથી આંગળી ચીંધ્યાનું પુણ્ય મળે છે એ સાચું ?**

**જવાબ** : ખાય તેનું પેટ ભરાય - આવું કોઈ પુણ્ય મળતું હોય તેમ હું માનતો નથી.

**પ્રશ્ન ૧૩: કોઈક ભિખારીને દયાથી દાન કરીએ અને તે એનો દુરૂપયોગ કરે તો આપણે એના પાપના ભાગીદાર થયા કહેવાય ?**

**જવાબ** : પરોપકાર વૃતિથી, નિસ્વાર્થ ભાવે, દયા ભાવથી કરેલા દાન માટે પાપ-પુણ્યનો પ્રશ્ન રહેતો નથી. - એ ખોટું કામ કરશે તો તેને પાપ લાગશે. સાચી વાત એ છે કે, દયાનું પુણ્ય મળશે એવી ભાવના ન રાખવી.

**પ્રશ્ન ૧૪: એક નાની બાળકી :-**
**આપણને દયા કરવાનું મન કેમ થાય છે ?**

**જવાબ** : તને અહીં આવવાનું મન કેમ થાય છે ?

**પ્રશ્ન ૧૫: મને તો અહીં ગમે છે.**

**જવાબ** : એવી રીતે ભગવાને દરેકમાં લાગણી મૂકી છે, અને લાગણીથી દયા કરવાનું મન થાય છે.

**પ્રશ્ન ૧૬: દયા ન કરીએ તો શું થાય ?**

**જવાબ** : નાસ્તિક માણસમાં પણ દયાનો અંશ હોય છે. દયા સાહજિક છે અને કયારેક તો દયા ન કરવી હોય તો પણ થઈ જ જાય, છતાંય દયાહીન સમાજમાં અરાજકતા ફેલાય, હિંસા વધે, માનવતા પર પ્રહાર થાય, જાનનાં



Scanned by CamScanner

જોખમો વધે વગેરે.

**પ્રશ્ન ૧૭: તપમાં આપે કહેલું કે, બાળકના જન્મ પછી જીવન સામે ઝઝૂમવું એ તપની શરૂઆત છે, તો દયાની શરૂઆત ક્યારથી થાય અને અંત ક્યારે ?**

**જવાબ** : બાળક જન્મે ત્યારથી દયા પ્રાપ્ત કરે છે, પણ એ પોતે દયાભાવ કેળવવાની શરૂઆત સંસ્કારસિંચનથી અને સમજણ આવે ત્યારથી પ્રાપ્ત કરે.

**પ્રશ્ન ૧૮: સંતની દયા અને મનુષ્યની દયા - એ બેમાં શો ફેર ?**

**જવાબ** : મનુષ્યની દયા સાંસારિક ભાવથી અને સંતની દયા સહજભાવથી - સંતની દયા આપમેળે નીકળે.

**પ્રશ્ન ૧૯: દયા ડાકણને ખાય એ સાચું છે ?**

**જવાબ** : દયા એટલે સાત્વિકતા, પ્રભૂતા - અને ડાકણ એટલે આસૂરી તત્વો - મતલબ કે સાત્વિક તત્વો સામે આસૂરી તત્વો ટકી શકતાં નથી. સાત્વિકતા - આસૂરી તત્વોનો નાશ કરી દે છે.

**પ્રશ્ન ૨૦: પુરૂષ, પુરૂષ કરતાં સ્ત્રી પ્રત્યે વધારે દયા બતાવે છે ?**

**જવાબ** : પુરૂષ-સ્ત્રીના ભેદભાવ જ ન રાખો. સ્ત્રીઓ સબળા છે. દયા એ કોઈ જાતિ કે લિંગ પર દર્શાવ્યા વગર મનુષ્ય અને પ્રાણી બધાં પર સરખી રાખો.

**પ્રશ્ન ૨૧: વિશ્વબંધુત્વની ભાવના કેળવવા સંતની કે સંસારીની કોની જરૂર વધારે ?**

**જવાબ** : સંત કરતાંય પરમતત્વની જરૂર વધારે .

**( ખૂબ નાના બાળકોના બે પ્રશ્નો )**

**પ્રશ્ન ૨૨: ભગવાન સૃષ્ટિ પર કેમ આવતા નથી ?**

**જવાબ** : તને હવા દેખાય છે ? સુંગધ દેખાય છે ? - " ના " તો ભગવાન પણ આમ અદૃષ્ય રૂપે સૃષ્ટિ પર છે જ - અહીંયા



Scanned by CamScanner

પણ ભગવાન છે. **બાળકી** - તો દેખાતા કેમ નથી ?
કારણ પ્રભુ આનંદમય છે.

**પ્રશ્ન ૨૩: હિંદુ અને મુસલમાન અંદર અંદર કેમ ઝઘડે છે ? એમને દયા કેમ નથી આવતી ?**

**જવાબ** : દયાની લાગણી દરેકમાં હોય છે, અને આ લાગણીને ઉશ્કેરો, ભડકાવો કે ગેરમાર્ગે દોરો ત્યારે દયાનો નાશ થાય અને ક્રોધ આવે - આ ક્રોધથી જ ઝઘડા થાય.

આ પ્રશ્નોત્તરીમાં પૂ. ગુરૂદેવનું તત્વચિંતન, સ્પષ્ટ વિચારધારા અને નાના નાના બાળકોને પણ અતિપ્રેમથી, નિર્દોષતાથી સમજાવતાં જોઈને થયું કે, બાળક સાથે બાળક બની શકનાર અને આપણા સૌના ઉપદેશકનું સામર્થ્ય ધરાવનાર પર માત-પિતાની અને માતાજીની કેટલી બધી "દયા "

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# "ક્રોધ"

**(તા. ૩-૧૦-૯૫ના રોજ શ્રધ્ધા કુટિરમાં થયેલી બાળગોષ્ઠિ અને પ્રશ્નોત્તરીના સંકલિત અંશો)**

**બાળ વક્તાઓ :**

**રોહન :-** કૂટિરમાં આવીએ એટલે ક્રોધ શાંત થઈ જાય છે.

**રાજેશ્વરી :-** ક્રોધથી બુધ્ધિ બગડે છે, ક્રોધ કરવાથી ઝઘડો થાય છે. આપણે શાંત રહીએ તો સામાવાળાને ક્રોધ આવતો નથી.

**ધર્વ :-** ક્રોધ માણસનો મોટો શત્રુ છે. તે શરીરમાં આવે ત્યારે સર્વનાશ કરે છે. તે માણસ-માણસ વચ્ચે વેર કરાવે છે. ક્રોધ આવે ત્યારે ઈશ્વરનું સ્મરણ કરવું.

**ભાવિન :-** ક્રોધ કરવાથી માણસના મન અને વિચાર બગડે છે. ક્રોધી માણસ કામ કરવાથી તેને અહમ્ આવે છે. ક્રોધી માણસ પોતાની જાતે દુ:ખી થાય છે અને બીજાને કરે છે.

**કંદર્પ :-** ક્રોધ એ માનવીનો દુર્ગુણ છે. જેનાથી બુધ્ધિ બગડે છે અને પરમતત્વની પ્રાપ્તિ થતી નથી. ક્રોધ દૂર કરવા તપ, જપ અને ગુરૂજીએ આપેલું માનવતા વ્રત કરવું. વડીલોનો ક્રોધ આપણા હિત માટે, વિકાસ માટે અને આપણી સમૃધ્ધિ માટે હોય છે.

**કૌશલ :-** ક્રોધથી માણસ આંધળો બની જાય છે. ક્રોધમાં આપણને ભાન રહેતું નથી. સામી વ્યક્તિ ખોટું કામ કરે ત્યારે આપણને ક્રોધ આવે છે. સંસારમાં ખુબ ઓછા અક્રોધિત માણસો જોવા મળે છે જેમકે આપણા ગુરૂદેવ, સંસારમાં ક્રોધ ન હોત તો પૃથ્વી સ્વર્ગ બની જાત.

**મનિષભાઈ :-** ક્રોધનો જવાળામુખી પોતાને ભસ્મ કરે છે અને તેના વર્તુળનો પણ વિનાશ નોંતરે છે સત્યનો અસ્વીકાર કરી, અહમ્‌ને પકડી રાખનાર ક્રોધી બને છે. પોતાની વિચારસરણી માન્ય ન થાય, ધર્મનો અસ્વીકાર થાય ત્યારે ક્રોધ આવે છે.



Scanned by CamScanner

**સતીષભાઈ :-** ' દુર્વાસા ' - દૂર વસનારા - જેમનાં જ્ઞાન, યોગ, તપ અને ભક્તિ એવાં કે અતિ દૂર, જેનો તાગ માનવી તો બિચારો, પરંતુ ઋષિ-મુનિઓ અને દેવગણો પણ ગોથાં ખાયા કરે. દુર્વાસા એટલે 'ક્રોધમૂર્તિ'. કૃષ્ણસરીખા અવતારીને પણ શાપ આપતાં ખચકાય નહીં. કૃષ્ણનું પરીક્ષણ કરતાંય જે સહેજ ખચકાય નહીં તે દુર્વાસા. દુર્વાસાનો આશીર્વાદ દુર્લભ પણ શ્રાપ સુલભ. આશીર્વાદ અને અભિશાપની ઉત્પત્તિ આમતો માનવહૃદયની ઉત્પત્તિ સાથે જ છે. પ્રાચીન સમયમાં દુર્વાસાએ મહત્વપૂર્ણ કામગીરી બજાવી છે. દુર્વાસા જેવું કલ્યાણકારી પાત્ર નહીં જડે. યોગ - ભક્તિના અહંકારને ફાલવા-ફુલવાની એકેય તક ન આપે તેનું નામ દુર્વાસા. 'પ્રકૃતિ' ભૂલાય જાય, 'વિકૃતિ'નો અનાયાસે સ્વીકાર થઈ જાય, શરીર કંપી ઉઠે, ચક્ષુઓ વારંવાર આકૃતિ બદલ્યા કરે, ચહેરો લાલાશને શરણે જાય, બુધ્ધિ કશોય સ્વીકાર કરવો છોડી દે, મન હકાર ભણેલું ભુલી જાય અને અહંકાર માત્ર ખોંખારા ખાયા કરે તે આ ક્રોધ. એટમસમી ઉર્જા છે. જરૂરત છે તેને વળાંકની. આ ઉર્જા સાથેનું સ્હેજપણ અડપલું માનવતાને સાહરામાં ફેરવી દઈ શકે છે. માનવી, એ લાગણીઓનું સંકુલ છે. તેમાં અહંકાર કેન્દ્ સ્થાને છે. અહંકારનું હોવું અનુચિત નથી. અહંકારથી જિંદગી જિવાય છે. હું એટલે જ 'સત્ય', હું એટલે જ 'ન્યાય', હું એટલે જ 'સાર', આ લાગણીઓ દ્વારા થતી પેદાશ એટલે ક્રોધ- ક્રોધ પ્રતિકારને પાત્ર છે. તમારી ઉપલબ્ધિનો અસ્વીકાર ક્રોધ જન્માવે. સત્ય-અસત્યનાં, ન્યાય-અન્યાયનાં પારખાં લેવા ક્રોધ પોતેજ ન્યાયાસન પર બેસી જાય છે, ક્રોધ સમષ્ટિના કલ્યાણ અર્થે કામે લાગી જાય ત્યારે આર્શીવાદ બને છે. વિજ્યાદશમી મહોત્સવમાં પરિવર્તિત થઈ જાય છે. ક્રોધ પણ એક યોગ છે. એક ધ્યેય એક લક્ષ્ય, એક નજર અને એક જ 'અંતરતમ' - ક્રોધ બહુ વગોવાયો છે. કારણ તેણે માનવતાને કોરે મૂકી છે. પરલક્ષીભાવનો સદંતર તિરસ્કાર કર્યો છે. વિવેક અને



Scanned by CamScanner

ન્યાયબુધ્ધિની ડોક મચડી નાંખી છે. ક્રોધની ઉર્જા એકવાર પેદા થઈ પછીથી તે કોઈપણ રીતે નિર્ગમન શોધે છે. ગમે તે કાળે, ગમે તે સ્થળે, ગમે તે બહાને બહાર આવવાની કોશિષ કરે જ. રાજયોગીનાં નવ સૂત્રો ક્રોધને સાક્ષીભાવમાં પરિવર્તિત કરવા સક્ષમ છે. માલિકી ભાવ મટાડી દેવાની તેનામાં તાકાત છે. રસ અને સ્વાર્થ બન્નેનું તે બાષ્પીભવન કરી દે છે. મારી સાથે મારો ક્રોધ પણ રાજયોગીના ચરણે અને શરણે જાય તો સારૂં.

**મુંજાલ :-** ક્રોધની ઉત્પત્તિ અહમ્ છે. ગુરૂદેવના નવ સિધ્ધાતમાં ક્યાંય ક્રોધ ત્યાગ લખેલું નથી અર્થાત્ ક્રોધ જરૂરી પણ છે, છતાંય અહમ્ના ત્યાગ ક્રોધ આપોઆપ મટી જશે. સંસ્કૃતના શ્લોકથી સમજાવ્યું કે, ઉત્તમ પ્રકારના માણસોનો ક્રોધ અલ્પ સમયનો, મધ્યમ પ્રકારના માણસોનો બે પ્રહરનો, અધમ પ્રકારના માણસોનો એક દિવસ અને એક રાતનો ત્થા ચાંડાલનો ક્રોધ સતત હોય છે. શિવજીએ કામને બાળવા ક્રોધનો ઉપયોગ કર્યો. અગ્નિથી કદી ન બળવાનું કવચ ધરાવતી હોલિકા ક્રોધથી બળી.

**પૂજ્ય ગુરૂદેવ :-**

માનવની સહનશક્તિની પારાશીશી

એટલે

- ક્રોધ -

સહનશક્તિ દરેકની જૂદી જૂદી એટલે દરેકના

ક્રોધની માત્રા પણ જૂદી જૂદી.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

## - ક્રોધ - પ્રશ્નોત્તરી -

**( તા. ૩-૧૦-૯૫ પૂ. ગુરૂદેવ સાથે પ્રશ્નોત્તરી - જવાબો પૂ. ગુરૂદેવની અમૃતવાણી - માર્ગદર્શન અને મંતવ્ય પર અને પોતાના શાસ્ત્ર પર આધારિત છે. )**

**પ્રશ્ન ૧ : ખરાબ માણસ પર ક્રોધ કરવો જોઈએ ?**

જવાબ : તેને શાંતિથી સમજાવવો જોઈએ-પ્રશ્ન કરતાં બાળકે કહ્યું 'હા' કે 'ના' માં જવાબ આપો. અને ગુરૂદેવ કહ્યું - 'ના'.

**પ્રશ્ન ૨ : ક્રોધમાં એવી કઈ શક્તિ છે, જે પરમતત્વને નીચે નથી આવવા દેતી ?**

જવાબ : પરમતત્વ તો આખાય વિશ્વમાં વિચરે છે, તે ઉપર નીચે બધે જ છે. ક્રોધથી આંખ આગળ અહમનું પડળ આવે જેથી પરમાત્માની અનુભૂતિ થઇ શકતી નથી.

**પ્રશ્ન ૩ : પરમતત્વ બધે હોય તો ક્રોધ ક્યાંથી આવે ?**

જવાબ : પરમાત્માથી છુટો પડી જ્યારે મનુષ્ય સૃષ્ટિ પર આવે છે. ત્યારે તેના આત્મા પર માયાનું આવરણ લાગી જાય છે. ષડ્રિપુઓ દાખલ થઇ જાય છે. અને તેથી મનુષ્ય ને ક્રોધ આવે છે.

**પ્રશ્ન ૪ : પ્રેમ સંપાદન કરવો અઘરો છે. તેને સરળ બનાવવાનો રસ્તો બતાવશો ?**

જવાબ : વાણી-વર્તન અને વ્યવહાર બને તેટલા સરળ અને એકરૂપ રાખો-પ્રેમ સંપાદન આપોઆપ થશે.

**પ્રશ્ન ૫ : 'ક્રોધ' ના અક્ષરોનો અર્થ સમજાવશો ?**

જવાબ : એવું વિચાર્યું નથી છતાંય સાદી સમજ પ્રમાણે મન-વાણી અને વર્તનમાં ક્રૂરતાને આગળ ધપાવે છે. તેવી દરેક ક્રિયા એટલે ક્રોધ.

**પ્રશ્ન ૬ : આપને તપ થી ક્રોધ વધવાનો અનુભવ થાય છે ?**



Scanned by CamScanner

જવાબ : 'ના' મને તો માતાજીએ સંસારમાં રહીને માનવસેવાનું કાર્ય કરવા આજ્ઞા આપી છે. તેમણે જ ક્રોધ શાંત કરી દીધો છે. માનવસેવામાં ક્રોધ આડે ન આવો જોઇએ. મને ક્રોધ આવે ત્યારે પણ સામી વ્યક્તિ માટે પ્રેમ હોય છે- તિરસ્કાર નહીં-

**પ્રશ્ન ૭ : ખરાબ વ્યક્તિને સારે માર્ગે જવામાં તકલીફ કેમ પડે છે ?**

જવાબ : સ્વભાવ ન છોડે તો તકલીફ પડે, સારી વ્યક્તિ સાથે રહેવાથી સ્વભાવ બદલી શકાય, સદ્વર્તન નો સંકલ્પ સારે માર્ગે લઇ જાય.

**પ્રશ્ન ૮ : ક્રોધને અગ્નિ સાથે કેમ સરખાવ્યો છે ?**

જવાબ : ક્રોધ બીજાને બાળે છે અને પોતે પણ બળે છે માટે અગ્નિ સાથે સરખાવ્યો હશે.

**પ્રશ્ન ૯ : ગરમ વસ્તુ જેમ કે કાંદા-લસણ વગેરે ખાવાથી ક્રોધ વધે ?**

જવાબ : 'ના' છતાંય માંસાહાર કરવાથી ક્રોધ વધે એમ માનું છું.

**પ્રશ્ન ૧૦: પૂર્વજન્મના સંસ્કારથી મનુષ્ય ક્રોધ લઈને જન્મે અથવા કર્મોના ફળ તરીકે ક્રોધી બને એવું માનો છો ?**

જવાબ : મનુષ્ય જન્મથી કર્મ લઇને આવે-કર્મથી ક્રોધ લઇને આવતો સંસારના વર્તનથી ક્રોધ છુટી શકતો નથી. ક્રોધને નિયંત્રણ થઇ જાય પૃછી નડતો નથી. ક્રોધ લાંબો રહેવો ન જોઇએ. ક્રોધને બ્રેક મારવા નામ-સ્મરણ સુંદર ઉપાય છે.

**પ્રશ્ન ૧૧: ઉપવાસ કરીએ ત્યારે ક્રોધ કેમ વધે છે ?**

જવાબ : એવું બનવું ન જોઇએ, ઉપવાસ અને ક્રોધને કોઇ સંબંધ નથી. કદાચ ભૂખથી ક્રોધ આવે એવું થાય.

**પ્રશ્ન ૧૨: મા વિના રીતિ, નથી, ગુરૂ વિના નીતિ નથી. ભય**



Scanned by CamScanner

**વિના પ્રીતિ નથી અને ક્રોધ વિના જીતી નથી-તો જીત માટે ક્રોધ જરૂરી છે ?**

**જવાબ** : દરેક લડાઇમાં ક્રોધ જરૂરી નથી. સારા કામમાં ક્રોધ કરતા પ્રેમની જીત વધારે લાંબો સમય ટકે છે.

**પ્રશ્ન ૧૩: ક્રોધ ક્યાંથી શરૂ થાય અને ક્યારે અંત આવે ?**

**જવાબ** : ક્રોધ મુર્ખતાથી શરૂ થાય અને પશ્ચાતાપથી તેનો અંત આવે.

**પ્રશ્ન ૧૪: ક્યા મંત્ર જાપથી ક્રોધ નાશ પામે ? ગાયત્રીમંત્રમાં ક્રોધના નાશની વધારે શક્તિ છે.**

**જવાબ** : મંત્રથી શુધ્ધિકરણ થાય, બધાજ મંત્ર સરખા છે, ગાયત્રીમંત્ર સદ્‌બુધ્ધિની પ્રાર્થના છે, શરીરના શુધ્ધિકરણ પછી, પાછા સંસારના આવરણો આવી જાય છે, જે ક્રોધને પ્રવેશ આપે છે.

**પ્રશ્ન ૧૫: ક્રોધ શમાવવા માટે ક્યું શસ્ત્ર ઉત્તમ ?**

**જવાબ** : "મૌન" ગમે તેટલી માત્રામાં ક્રોધ હોય, પરમાત્મા પાસે દસ મિનીટ બેસી જાવ. ક્રોધ આપોઆપ શાંત થઇ જશે, આવેગથી ક્રોધ આવે, આવેગને શાંત કરો, ઉદાહરણ આપતા કહ્યું કે, હું પુષ્પકુંજમાં બેસતો ત્યારે કેટલાક આપઘાત કરવા માટે પણ આશીવોદ લેવા આવતા, હું એમને કલાક બેસાડતો, આપોઆપ હસતાં હસતાં ઘરે જતાં રહેતા, અમેરિકાની એક બ્હેનની પણ વાત કરી.

**પ્રશ્ન ૧૭: ગાયત્રીમંત્ર ના ૨૪ અક્ષર બોલીએ ત્યારે શરીરમાં જૂદાં-જૂદાં સ્થાને થી Vibration આવે ?**

**જવાબ** : મંત્ર સ્વરથી જ બોલીએ છીએ અને મંત્રથી ઉત્પન્ન થતા Vibration અને તેના દ્વારા ઉત્પન્ન થતા વર્તુળથી જ શાંતિ મળે છે.

**અને છેલ્લે, અમલમાં મૂકવા જેવી એક સુંદર પ્રાર્થના બ્હેનજીએ કહી.**

હે મા ભગવતી,

મને બાળક જેવો નિર્દોષ અને નિર્મળ બનાવજો,

મને મન, વચન, કર્મથી પવિત્ર બનાવજો,

મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું આપ જ નિયંત્રણ કરજો,

હું મનનો સંયમ, વાણીનો સંયમ, દષ્ટિનો સંયમ, અને કર્ણનો સંયમ રાખી શકું તેવી મને શક્તિ અને બુધ્ધિ આપજો,

મને હમેશા આપની સાથે રાખજો.

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# "ત્યાગ"

(તા. ૮-૧૦-૯૫ના રોજ શ્રધ્ધા કુટીરની જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)

**કૌશલ :-**

આપણી મનગમતી વસ્તુ નિસ્વાર્થભાવે બીજાને અર્પણ કરવી તે ત્યાગ, ત્યાગથી સહનશક્તિ વધે, ત્યાગથી બીજાને સહારો અને આપણને પ્રેમ મળે છે, ત્યાગના બે પ્રકાર સાંસારિક અને ભૌતિક.

**કંદર્પ :-**

ત્યાગ એ માનવીને સદ્ગુણ, ત્યાગથી ધર્મના માર્ગે આગળ વધાય, મનુષ્યએ મોજશોખની ઇચ્છાઓનો ત્યાગકરવો જોઇએ, ઇચ્છાઓ વધવાથી લોભવૃતિ વધે અને પાપનું પોટલું ભેગું થાય, આપણે લોભવૃતિ ન રાખીએ, અને જરૂર પુરતું જ મેળવીએ.

**ભાવિન - રોહન :-**

ત્યાગની વસ્તુ પોતાની માલિકીની હોવી જોઇએ, પોતાને કામની જ હોય એવી વસ્તુ આપવી એ ત્યાગ નથી, એક ભૂખ્યો માણસ બીજા ભૂખ્યાને અન્ન આપે તે ત્યાગ કહેવાય.

આપણા મોહનું મૃત્યું એટલે ત્યાગ, આસક્તિ વાળી વસ્તુ ત્યજી દઇએ તો ત્યાગ, ત્યાગથી માણસ સુખી પણ થાય અને દુઃખી પણ થાય. જેમકે સીતાજીને ત્યજી રામ દુઃખી થયા-પણ સુખદુઃખની ભાવનાથી ત્યાગનો મહિમા ઓછો થઇ જાય છે.

**મીતી :-**

ત્યાગ એ ઉદારતાનું પ્રતિક, હ્રદયની લાગણીમાંથી ત્યાગની ભાવના જન્મે જેનાથી વ્યક્તિ મહાન બની શકે, ત્યાગના પ્રકાર-વસ્તુનો ત્યાગ, હકનો ત્યાગ. ત્યાગ પ્રસિધ્ધિ માટે ન હોવો જોઇએ, ત્યાગથી લોભ ઉપર વિજય મેળવી શકાય.



Scanned by CamScanner

**મનિષભાઇ :-**

અન્યને સંતોષવા, લૌકિક જગતમાં પ્રીતિ ધરાવતી, ઇશ્વર સર્જીત વસ્તુ આપવી તે ત્યાગ, ત્યાગથી આધ્યાત્મિક ઉન્નતિ થાય, આત્મબળ વધે, આત્મસંતોષ મળે ત્યા અલૌકિક આનંદ પ્રાપ્ત થાય.

**રાજેશ્વરી :-**

એક સુંદર વાર્તા કહી ત્યાગ સમજાવ્યો.

**પૂ. બ્હેનજી :-**

મનના, તનના, સંસારના રાગોને ત્યાગીએ,
પ્રભુના રસ્તે સરળતાથી પહોંચીએ.
ત્યાગની વૃતિ રાખીએ,
પ્રભુ પ્રીતિને પામીએ.
મનની વૃત્તિઓને ત્યાગીએ,
પરમની પ્રીતિને પામીએ.

**જસવંતભાઇ :-**

જીવનમાં દુર્વ્યસનો ને ત્યાગીએ, આસક્તિ ભાવનો ત્યાગ કરીએ, અપ્રમાણિકતા, એનિયમિતતા ને ત્યાગીએ અને આધ્યાત્મિક માર્ગે આગળ વધીએ.

**મહિડા સાહેબ :-**

પરોપકારની ભાવનાથી સ્વેચ્છાએ છોડવું તે ત્યાગ-જેમકે હક્ક, અધિકાર, સ્વામીત્વ,. પિતાના વચન ખાતર રામજીએ ગાદીના હક્કનો ત્યાગ કર્યો, રાજાને દોષ ન લાગે માટે સીતાજીનો ત્યાગ કર્યો, બુધ્ધ ભગવાને આત્મસાત કરવા સંસારનો ત્યાગ કર્યો, પૂ. ગુરૂદેવના જીવનમાં ત્યાગ ના દષ્ટાંતો આપતા કહ્યું કે.
પિતાના વચન ખાતર ફિલ્મી સિતારા બનવાની ભાવનાનો ત્યાગ...
સાધુએ આપેલ લાલચ ઠુકરાવીને લોભનો ત્યાગ......



Scanned by CamScanner

મા ભગવતીના રૂપમાં મળેલ યુવતીએ આપેલ લાલચ ત્યાગી ને મોહનો ત્યાગ....

સંસારના દીનદુ:ખીની સેવા માટે, સમષ્ટિના કલ્યાણ માટે મોક્ષના વરદાન માટેનો ત્યાગ....

ધન કે ધનોપાર્જનની ભાવનાનો ત્યાગ....

ટ્રેઈનમાં મળેલ સાધુની તાંત્રિક શક્તિને, પોતાની શક્તિથી પરાજીત કર્યો છતાંય અહમ્‌નો ત્યાગ....

મા ભગવતીના આદેશથી માતૃભૂમિનો ત્યાગ....

નોકરી દરમ્યાન અધિકારની રૂએ મળેલ હોદ્દાનો ત્યાગ....

આવા નિજાનંદની મસ્તીમાં મસ્ત, રાજયોગીની મુખમુદ્રાના દર્શન કરી જીવન ભાથું બાંધીએ.

**સતીષભાઈ :-**

ઈશ્વરના મહેલનું પહેલું પગથિયું તે ત્યાગ - ત્યાગ સીમાવિહીન છે. કિનારા વગરનો સાગર છે. તેની વ્યાખ્યા કરવી કઠિન છે. ત્યાગ તે જ કરી શકે જે સંપન્ન છે. ખાલીપો શું કરી શકે ? હાથમાં અન્નનો કોળિયો હોય અને બારણે ભિખારીનો સાદ પડે, કે ઘરમાંથી નીકળતાં જ ઠંડીથી ધ્રૂજતા માનવીના દર્શન થાય અને બન્ને વખતે તમે અન્ન કે પહેરેલાં વસ્ત્ર ઉતારી દો તેને દયા, માનવતા કે ત્યાગ શું કહેવું ? અનેક રાગ અને વિરાગના મિશ્રણમાંથી ત્યાગને તારવવો અતિકઠિન છે. ત્યાગના સૌંદર્યને પામતાં પહેલાં, તેના સ્વરૂપને ઓળખતાં પહેલાં તેની ભાવસમાધિમાં ઉતરતાં પહેલાં આપણે સમજીએ (૧) તમારી જરૂરિયાતો માટે સંતોષ, પ્રવૃતિ કે પ્રગતિ માટેના પદાર્થો કે ભોગોની ઉપલબ્ધિઓનો તમે ઉપભોગ કર્યો છે ? (૨) તમે ભૌતિક ઉપલબ્ધિમાં સ્થિરતા મેળવી છે ? (૩) તું જ્યારે ભોગવવાની, માણવાની,



Scanned by CamScanner

મેળવવાની કે સંતોષવાની તૈયારી કરતો હોય ત્યારે શાસ્ત્રો કે ઉપદેશકોએ 'ત્યાગ ' નો મંત્ર કહ્યો છે ? (૪) ભોગવવાની ઈચ્છાઓને ઉપદેશકોએ રોકવાની સલાહ આપી છે ?

ઉપરના પ્રશ્નોના જવાબ હકાર કે નકાર હોય ત્યાં ત્યાગની શરૂઆત કે પૂર્ણાહૂતિ થાય છે. એકલો ત્યાગ માનવીનો પાચક કે પોષક નહીં બને. તર્કનો સંપૂર્ણ માલિક અને કબજેદાર પ્રભુ પણ રાગ, ભોગ, આનંદ વગેરે જગત અર્પવામાં સતર્ક છે નહીંતો શુષ્ક, રસહીન, હાસ્યવિહોણી ધરા પર જન્મધારણ કરવાનું કોઈને રૂચિકર લાગ્યું ન હોત. રાગ પછી રાખ - શિવ - શિવત્વ છે. ત્યાગની કોઠાસૂઝનો પૂર્વાધિકારી રાગ છે. જે સંસાર નથી સમજ્યો તે સંન્યસ્તને શું ઓળખી શકે ? અતૃપ્તિ, ત્યાગના રાજમાર્ગ ઉપર ચઢવા આંગળી ના ચીંધી શકે. રાગ એટલે સ્વીકાર. મળ્યું તે માણવું. ત્યાગ એટલે અસ્વીકાર. ત્યાગ કોઈ આપ લે નથી, કોઈ વ્યવહાર કે ઈશ્વર સાથેની સોદાબાજી નથી. શિક્ષણ કે ઉપદેશમાંથી ત્યાગનો ઉદય થતો નથી અને ઉદય પછી તેનો અસ્ત અશક્ય છે. ત્યાગનો સ્વીકાર, સત્કાર, આગમન કે સ્વાગત બધું જ આપમેળે છે. ત્યાગ પોતે જ આવી જાય છે તેને મેળવવાનો, બોલાવવાનો કે આમંત્રિત કરવાનો હોતો નથી. ત્યાગ સનાતન ભાવ છે. આત્મિક સ્વીકાર છે. જીવનને વન, ઉપવન કે મધુવન તરીકે ઓળખીએ, તેમાં ખોવાઈ જવાનું છે. ખોવાઈ ગયા પછી કાંઈ જ બચતું નથી. દુઃખી સમાજ ત્યાગનો સ્વીકાર કરી શકે... સુખી સમાજ ત્યાગને સ્વીકારી શક્તો નથી.



Scanned by CamScanner

**પૂજ્ય ગુરૂદેવ :-**

ત્યાગ . અડધો ત - તપવું, પ્રકાશવું., યા - યાદ રાખીને ગ - ગમન કરવું - ચાલી જવું - છોડી દેવું... જીવનની અંદર તપીને, પ્રકાશ આપ્યા બાદ યાદ કરીને ગમન કરવું અથવા છોડી દેવું તેનું નામ ત્યાગ. સમષ્ટિના શ્રેયાર્થે કરેલો ત્યાગ શ્રેષ્ઠ ત્યાગ કહેવાય. જેમ કે કર્ણએ કવચ અને કુંડળ ત્યાગ્યાં, એકલવ્યએ જરૂરત હોવા છતાં અંગુઠો આપ્યો, બલિરાજાએ ત્રણ ડગલાં પૃથ્વી આપી. આમ તમને અત્યંત જરૂરી હોય છતાં આપો તે ત્યાગ. ખરેખર ત્યાગ તો દિકરીનો કહેવાય. વીસ કે બાવીસ વર્ષ સુધી પિતૃગૃહે રહ્યા બાદ, લગ્ન બાદ વળાવવાનો પ્રસંગ આવે તે તેનો ત્યાગ જ છે. કારણકે તે પાછી પિતૃગૃહે આવશે ત્યારે તે પરાઈ હશે. માટે દિકરી જે ત્યાગ કરે છે તે ત્યાગની પરાકાષ્ટા છે. સંસાર ત્યાગ કરવો તે ત્યાગ ન કહેવાય, તે ભાગેડુ વૃતિ કહેવાય, ખરેખર તો સંસારમાં રહીને જે ત્યાગ કરો તેજ ઉત્તમ. દરેક મનુષ્યથી જાણે અજાણે ત્યાગ થતો જ રહે છે. બાળક જન્મે ત્યારે માતાના ઉદરનો ત્યાગ કરે છે. આત્મા જ્યારે દેહ વિલીન થાય છે ત્યારે તેના શરીરનો ત્યાગ કરે છે. આમ જન્મ અને મૃત્યુ બન્ને ત્યાગની પ્રક્રિયાઓ છે. પરંતુ તે વખતે અજ્ઞાત અવસ્થા હોય છે. કોઈપણ કૂટેવનો, આદતનો અથવા ખાવાપીવાનો ત્યાગ કરવો તે ત્યાગ ન કહેવાય, તે તો આપણે આપણા શરીરની જરૂરિયાત પુરતો ત્યાગ કરીએ છીએ. પરંતુ જ્યારે તમે તમારા જીવનની મધ્યાન્હે હો, પછી તેનો ત્યાગ કરો તેજ ત્યાગ કહેવાય.

ૐ મા ૐ



Scanned by CamScanner

## - ત્યાગ - પ્રશ્નોત્તરી -

**( તા. ૯-૧૦-૯૫ પૂ. ગુરૂદેવ સાથે પ્રશ્નોત્તરી - જવાબો પૂ. ગુરૂદેવની અમૃતવાણી - માર્ગદર્શન અને મંતવ્ય પર અને પોતાના શાસ્ત્ર પર આધારિત છે. )**

**પ્રશ્ન ૧ : દયા અને ત્યાગ એ બે માં ભેદ શો ?**

**જવાબ :** લાગણીથી દયા જન્મે, ત્યાગ સ્વેચ્છાથી ઉદ્‌ભવે દયા એ અનુભવ છે, ત્યાગ એ ક્રિયા છે.

**પ્રશ્ન ૨ : પૃથ્વી ઉપર દુર્ગુણોનો ત્યાગ કરીએ તો ભગવાન આવે?**

**જવાબ :** દુર્ગુણોનો નાશ થાય તો બધા સંત થઈ જાય. અને તો ભગવાન આવે.

**પ્રશ્ન ૩ : વાસ્તવિક જીવનમાં સદ્‌ગુરૂના શિષ્યપદને પામ્યા પછી કેવા પ્રકારનો અને કયો ત્યાગ કરીએ તો સંતને પ્રીતિપાત્ર બની શકાય ?**

**જવાબ :** માનવતા વ્રતનું ચુસ્તપણે પાલન કરો.

**પ્રશ્ન ૪ : માનવતા વ્રતમાં આવતા મનના સંયમ, વાણીનો સંયમ, દૃષ્ટિનો સંયમ વગેરે ત્યાગ છે ?**

**જવાબ :** 'ના' એ સંયમ છે, ત્યાગ નથી.

**પ્રશ્ન ૫ : બારણે આવેલા ભિખારીને કાંઈક આપીએ તો ત્યાગ કહેવાય ?**

**જવાબ :** ભિખારીને આપો તે દયા છે, ત્યાગ નથી. પણ તમારી પાસે એક જ વસ્ત્ર હોય અને ઠંડીથી ધ્રૂજતાને વસ્ત્ર આપી દો તો ત્યાગ કહેવાય.

**પ્રશ્ન ૬ : ત્યાગ અને બલિદાન એ બે સમાનાર્થી શબ્દો છે ?**

**જવાબ :** બલિદાન એટલે વધેરી નાંખવું - એ ત્યાગ નથી. મારા મતે કોઈની પણ બલિ ચઢાવવી એ પાપ છે.હા દેશના કાજે આપેલું જીવન, બલિદાન ગણાય - ત્યાગ જુદો છે. ત્યાગ



Scanned by CamScanner

કરીને અમર થઈ જવાય. સમષ્ટિના શ્રેય અર્થે કરેલા ત્યાગથી કર્ણ, બલિરાજા, એકલવ્ય વગેરે અમર થઈ ગયા.

**પ્રશ્ન ૭ : ત્યાગ અને વૈરાગ્ય એકબીજાના પૂરક છે ?**

જવાબ : વૈરાગ્ય ક્ષણિક પણ હોય. વૈરાગ્યમાં આવેગ હોય છે. આવેગ શાંત થતાં વૈરાગ્ય નાશ પણ પામે. વૈરાગ્ય લીધેલા, સંસારમાં પાછા પણ ફરે જ્યારે ષડ્‌રિપુઓનો વૈરાગ્ય એટલે ત્યાગ. ત્યાગી સંપૂર્ણ થવું પડે. અને સંપૂર્ણ ત્યાગથી વૈરાગ્ય આવી શકે.

**પ્રશ્ન ૮ : કોઈક માંગે અને આપણે આપીએ તો ત્યાગ કહેવાય ?**

જવાબ : કોઈપણ દિશામાં તમે મધ્યાન્હે હો, અને ત્યાગ કરો તે સાચો ત્યાગ - ખુબ પૈસો હોય અને પૈસો છોડી દો તો તે ત્યાગ... મોટા મહેલ જેવું મકાન હોય અને છોડીને ઝૂંપડામાં જતા રહો તે ત્યાગ અથવા તો તમને ખુબ જરૂર હોય અને તમે આપી દો તે ત્યાગ. ખુબ ભુખ્યા હો છતાંય અન્ન બીજાને આપી દો, તે ત્યાગ

**પ્રશ્ન ૯ : ત્યાગ કેવી રીતે ઉદ્‌ભવે ?**

જવાબ : સંસ્કારથી - મન અને તનની કેળવણી પ્રાપ્ત કરી જીવનમાં આંતરમુખી થવું પડે.

**પ્રશ્ન ૧૦: પુરૂષ અને સ્ત્રીએ સંસારને આનંદમય બનાવવા શાનો ત્યાગ કરવો જોઈએ ?**

જવાબ : બન્ને જણા અહમ્‌નો ત્યાગ કરે તો જીવન સુખમય અને આનંદમય બને.

**પ્રશ્ન ૧૧: આધ્યાત્મિકતા ના માર્ગમાં પહેલો ત્યાગ ક્યો ?**

જવાબ : મનને શાંત અને સ્થિર કરવા. ચિત્તવૃત્તિઓને સ્થિર કરવી.

**પ્રશ્ન ૧૨: ઈશ્વર પ્રત્યેની આસ્થામાં, તપમાં કે ભક્તિમાં સ્વજનો**



Scanned by CamScanner

**જ વિઘ્નરૂપ બને તો ઈશ્વરભક્તિ ત્યાગવી કે સ્વજનોને ત્યાગવા ?**

**જવાબ :** બેમાંથી એકેયનો ત્યાગ ન કરવો. સ્વજનોને પણ શાંતિથી, ધીરેથી સમમજાવવા. સમાજમાં દુર્જનોનો પણ ત્યાગ ન કરવો. સમય જતાં તેઓ આપોઆપ આપને સહાય કરતા થઈ જશે. તમે તમારા ધ્યેયમાં મક્કમ રહો અને વિઘ્ન કરનારા પ્રત્યે ઉદાર બનો.

**પ્રશ્ન ૧૩: ઈશ્વર પ્રાપ્તિ ની ઉપાસનામાં સંસાર ત્યાગ જરૂરી છે?**

**જવાબ :** જરાય નહીં. ષડ્‌રિપુઓને નાથી, શાંત મનથી ઉપાસનામાં લાગી જાવ. સંસારી હોવા છતાંય ધ્યેય સુધી પહોંચી શકાય.

**પ્રશ્ન ૧૪: ઉપવાસ કરીએ તો અન્ન ત્યાગ કહેવાય ?**

**જવાબ :** કોઈપણ ઉપાસનામાં દેહને કષ્ટ આપવાની હું હિમાયત કરતો નથી. સમષ્ટિના શ્રેયથી કરેલો ત્યાગ એ જ ત્યાગ. બાકી તમાકુ, બીડી વગેરે છોડો એ ત્યાગ નથી. હું તો કહું કે સ્વાસ્થ્ય સારૂં રહેતું હોય તો ઉપવાસ ન કરશો પણ એક દિવસ માટેય મન અને વાણીનો સંયમ રાખજો, માનવતા વ્રત પાળજો.

**પ્રશ્ન ૧૫: પહેલાના જમાનામાં ઋષિઓ તપ કરવા હિમાલયમાં જતા કે જંગલોમાં જતાં અને સંસારથી વિમુખ રહેતા આવી મનોવૃતિ કેમ હશે ?**

**જવાબ :** દેશકાળ અને સમય પ્રમાણે નિર્ણય લેતાં હશે. ગામમાં કદાચ એકાંત પ્રાપ્ત ન થાય, માયામાં જીવ લપેટાઈ જાય, પહેલાના ઋષિઓ પરમાત્મા પ્રાપ્તિ અને વરદાન મેળવવાના ધ્યેયથી તપ કરતાં એટલે એકાગ્રતા જરૂરી છે. હવે સુવિધાઓ વધી છે એટલે હિમાલયમાં જવાની



Scanned by CamScanner

જરૂર નથી. જો કે એમના જેટલા તપ મેં કર્યાં નથી. મને તો માતાજી આદેશ અને શક્તિ આપે છે અને જે કહે તે જ કાર્ય કરૂં છું...

**પ્રશ્ન ૧૬: ત્યાગની કે ઉપાસનાની ક્રિયામાં લોકો મશ્કરી કરે તો શું કરવું ?**

જવાબ : ક્ષમા કરીને મનનો સંયમ રાખવો.

આજની પ્રશ્નોત્તરીમાં પૂજ્ય ગુરૂદેવની સ્પષ્ટ વિચારાધારા, સમાજના અનિષ્ટો સામેની લડતમાં ઉદારતા, પોતાના કાર્યો અને ધ્યેય સામેના દરેક વિઘ્નોમાં શાંત ચિત્તથી ઝઝૂમીને માતાજીના આદેશોના અમલમાં મક્કમતાના દર્શન થયાં. તપ, ઉપાસના કરતાંય મન, વાણી, દષ્ટિના સંયમની વિશેષ જરૂરિયાત સમજાવી પોતાના ભક્તોને એક કદમ ઉંચેરા માનવી બનાવવા માટેના એમના ભગીરથ પ્રયાસોને શત શત વંદન....

**ૐ મા ૐ**



Scanned by CamScanner

## પરમ શક્તિ મંત્ર

# ॐ મા ॐ

## નવ સિધ્ધાંત

૧. ઈષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં.

૪. કોઈની ઈર્ષા કરવી નહિં.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિંદાથી દુર રહેવું.


૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિસ્વાર્થ સેવા કરવી.

૯. અહમનો ત્યાગ કરવો.

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી

Scanned by CamScanner



Scanned by CamScanner